RNI NO GUJ/GUJ/2006/24237
LEELA NEWS NETWORK P. LTD

ભાવનગર, રાજકોટ, જામનગર અને અમરેલીથી એક સાથે પ્રસિદ્ધ થતું સાંધ્ય દૈનિક

# સૌરાષ્ટ્ર આસપાસ

સનસનાટી નહીં, સત્ય. અફવા નહીં આધાર !

RAJKOT
www.aaspassdaily.com

LEELA WORLD WIDE
લીલા વર્લ્ડ વાઈડ ગ્રુપનું અખબાર સમુહ

● મેનેજીંગ તંત્રી : કોમલકાંત શર્મા — ૭,મો માળ, પ્રમુખ સ્વામી આર્કેડ, માલવીયા ચોક, રાજકોટ ફોન (૦૨૮૧) ૨૨૪૧૨૩૪

● સંવત ૨૦૮૦ ચૈત્ર સુદ - ૧૧ શુક્રવાર, તા.૧૮-૦૪-૨૦૨૪ અંક : ૨૬૦ વર્ષ : ૧૮ email :rajkot@aaspassindia.com કિંમત રૂ. ૨-૫૦ પાના - ૮

# પ્રથમ તબક્કામાં મતદાન શરૂ

## ૨૧ રાજ્યની ૧૦૨ બેઠક પર આજે વોટિંગ

### નીતિન ગડકરી સહિત ૮ કેન્દ્રીય મંત્રી, બે પૂર્વ મુખ્યમંત્રીનું નસીબ EVMમાં થશે કેદ

નવીદિલ્હી,

વિશ્વના સૌથી મોટા લોકતંત્રમાં લોકસભા ચૂંટણી ૨૦૨૪ માટે પ્રથમ તબક્કા માટે મતદાન શરૂ થયું છે. સાત તબક્કામાં યોજાનારી ચૂંટણીના પ્રથમ તબક્કામાં ૨૧ રાજ્ય અને કેન્દ્ર શાસિત પ્રદેશોમાં ૧૦૨ બેઠકો પર મતદાન યોજાઇ રહ્યું છે. પ્રથમ તબક્કાના મતદાનમાં ૧૬૨૫ ઉમેદવારો મેદાનમાં છે, નીતિન ગડકરી, કિરણ રિજિજુ સહિત ૮ કેન્દ્રીય મંત્રી, બે પૂર્વ મુખ્યમંત્રી, તેલંગાણાના પૂર્વ રાજ્યપાલનું નસીબ ઈફસ્માં કેદ થશે.

પ્રથમ તબક્કાના મતદાનમાં કુલ ૧૬૨૫ ઉમેદવારો મેદાનમાં છે, જેમાં ૧૪૯૧ પુરૂષ અને ૧૩૪ મહિલા ઉમેદવારો છે. પ્રથમ તબક્કાના મતદાનમાં માર્ગ પરિવહન મંત્રી નીતિન ગડકરી, પૃથ્વી વિજ્ઞાન મંત્રી કિરણ રિજિજૂ સહિત ૮ કેન્દ્રીય મંત્રી, બે પૂર્વ મુખ્યમંત્રી, ત્રિપુરામાં વિપ્લવ દેવ અને અરૂણાચલ પ્રદેશમાં નબામ તુકી અને તેલંગાણાના રાજ્યપાલ પદેથી રાજીનામું આપનારા તમિલિસાઇ સૌન્દરરાજન પણ



ચૂંટણી મેદાનમાં તેમનું નસીબ અજમાવી રહ્યા છે.

બીજી તરફ મધ્ય પ્રદેશના પૂર્વ મુખ્યમંત્રી કમલનાથના પુત્ર નકુલનાથની છિંદવાડા બેઠક પર પણ મતદાન યોજાઇ રહ્યું છે. તમિલનાડુની શિવગંગા બેઠક પણ હાઇપ્રોફાઇલ છે.કોંગ્રેસ તરફથી પૂર્વ કેન્દ્રીય મંત્રી પી.ચિદમ્બરમના પુત્ર કાર્તિ ચિદમ્બરમ આ બેઠક પરથી ચૂંટણી લડી રહ્યાં છે.

કાર્તિ ૨૦૧૯માં અહીંથી જ સાંસદ ચૂંટાયા હતા.

વધુમાં પ્રથમ તબક્કાના મતદાનમાં તમિલનાડુ જે એક એવું મોટું રાજ્ય છે જેની બધી જ ૩૯ બેઠકો પર મતદાન થઇ રહ્યું છે. પ્રથમ તબક્કામાં તમિલનાડુના ૩૯, ઉત્તરાખંડની ૫, અરૂણાચલ પ્રદેશની ૨, મેઘાલયની ૨, અંદમાનની એક, મિઝોરમની ૧, નાગાલેન્ડની ૧, પોડિચેરીની ૧, સિક્કિમની ૧ અને લક્ષદ્વીપની એક બેઠક પર મતદાન યોજાઇ રહ્યું છે. આ સિવાય રાજસ્થાનની ૧૨, ઉત્તર પ્રદેશની ૮, મધ્ય પ્રદેશની ૬, આસામ અને મહારાષ્ટ્રની ૫-૫ બેઠકો પર મતદાન યોજાઇ રહ્યું છે. બિહારની ચાર, પશ્ચિમ બંગાળની ૩, મણિપુરની ૨ અને ત્રિપુરા, જમ્મુ કાશ્મીર અને છત્તીસગઢની ૧-૧ બેઠક પર મતદાન યોજાઇ રહ્યું છે.

## મોદીએ મતદાન કરવાની કરી અપીલ

નવીદિલ્હી,

આજે દેશમાં ૨૧ રાજયોની ૧૦૨ બેઠક માટે મતદાન શરૂ થઈ ગયું છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી, કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ, સપા પ્રમુખ અખિલેશ યાદવ સહિત અનેક નેતાઓએ દેશની જનતાને વધુમાં વધુ વોટ કરવાની અપીલ કરી છે. પીએમ મોદીએ ટ્વીટ કરીને કહ્યું કે લોકશાહીનો સૌથી મોટો તહેવાર આજથી શરૂ થઈ રહ્યો છે. લોકસભા ચૂંટણીના પ્રથમ તબક્કામાં ૨૧ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોની ૧૦૨ બેઠકો માટે મતદાન થઈ રહ્યું છે. આ તમામ બેઠકોના મતદારોને તેમના મતાધિકારનો ઉપયોગ કરવા અને મતદાનનો નવો રેકોર્ડ બનાવવા વિનંતી કરવામાં આવી છે.પીએમ મોદીએ કહ્યું કે મારા યુવા મિત્રો જે પહેલીવાર વોટ કરવા જઈ રહ્યા છે. તેમને મારી ખાસ અપીલ છે કે તેઓ મોટી સંખ્યામાં મતદાન કરે. લોકશાહીમાં દરેક મત કિંમતી છે અને દરેક અવાજ મહત્ત્વપૂર્ણ છે. દરેક વોટ ગણાય છે અને દરેક અવાજ મહત્ત્વ ધરાવે છે.

## ન માન્યા નેતન્યાહુ : ઈરાન પર મિસાઈલ હુમલો

### ઈરાનના ઈસ્ફહાન પ્રાંતમાં સૈન્ય મથકને હવાઈ હુમલામાં નિશાન બનાવવામાં આવ્યું



ઈઝરાયલ,

ઈઝરાયલે ઈરાન પર મિસાઈલ હુમલો કર્યો છે. એબીસી ન્યૂઝે અમેરિકન અધિકારીઓને ટાંકીને આ માહિતી આપી છે. ઈરાનના ઈસ્ફહાન શહેરના એરપોર્ટ નજીક વિસ્ફોટનો અવાજ સંભળાયો છે. જો કે, ઈઝરાયલે હજુ સુધી આ વાતની પુષ્ટિ કરી નથી. ઈરાનની ફાર્સ ન્યૂઝ એજન્સીએ આ જાણકારી આપી છે.

અમેરિકન મીડિયા ન્યૂયોર્ક ટાઈમ્સે ઈઝરાયલના ૩ અધિકારીઓને ટાંકીને દાવો કર્યો છે કે ઈરાનના ઈસ્ફહાન પ્રાંતમાં સૈન્ય મથકને હવાઈ હુમલામાં નિશાન બનાવવામાં આવ્યું હતું. ઈરાન પરના હુમલાને ધ્યાનમાં રાખીને જેરુસલેમમાં અમેરિકન દૂતાવાસે સુરક્ષા એલર્ટ જાહેર કર્યું છે. યુએસ એમ્બેસીના કર્મચારીઓ અને તેમના પરિવારોનો તેલ અવીવમાં જેરુસલેમ અને બીરશેબાના વિસ્તારોમાં ન જવાની સલાહ આપવામાં આવી છે.

ઈસ્ફહાન એ જ પ્રાંત છે જ્યાં નાટાન્ઝ સહિત ઈરાનની ઘણી પરમાણુ સાઈટ્સ આવેલી છે. નાટાન્ઝ ઈરાનના યુરેનિયમ કાર્યક્રમનો મુખ્ય ભાગ છે. આ પહેલા ૧૪ એપ્રિલે ઈરાને ઈઝરાયલ પર ૩૦૦થી વધુ મિસાઈલ અને ડ્રોનથી હુમલો કર્યો હતો.

## મિસાઈલ હુમલાથી શેરબજાર ક્રેશ

### સેન્સેક્સ આજે ૪૮૯ પોઈન્ટ ઘટીને ૭૧,૯૯૯.૬૫ પર ખુલ્યો

ઈઝરાયેલે ઈરાન પર મિસાઈલથી હુમલો કરીને જવાબી કાર્યવાહી કરી છે, જેના કારણે મોટા પાયે યુદ્ધની સ્થિતિ સર્જાઈ છે. ઈરાન સામે ઈઝરાયેલના જવાબી પગલાની અસર આજે શેરબજારમાં પણ જોવા મળી હતી. સેન્સેક્સ અને નિફ્ટીમાં જોરદાર ઘટાડો જોવા મળ્યો છે. શેરબજારમાં શરૂઆતી ટ્રેડિંગમાં જ કડાકો થયો હતો. સેન્સેક્સ આજે ૪૮૯ પોઈન્ટ ઘટીને ૭૧,૯૯૯.૬૫ પર ખુલ્યો હતો

બજાર ખુલતા પહેલા ઈરાનની સરકારી સમાચાર એજન્સીએ જણાવ્યું કે ઈઝરાયેલે શુક્રવારે વહેલી સવારે ઈરાનના ઈસ્ફહાન શહેરના એરપોર્ટ પર મિસાઈલથી હુમલો કર્યો છે. આવી સ્થિતિમાં જ્યારે શેરબજાર ખુલ્યું ત્યારે જોરદાર ઘટાડો જોવા મળ્યો હતો. બીજું મોટું કારણ ગુરુવારે ઈન્ફોસિસનું પરિણામ હતું, જેના કારણે એડીઆરમાં ૮ ટકાનો ઘટાડો થયો હતો, જેના કારણે આ મોટી કંપનીમાં વેચવાલી થઈ હતી. આ સિવાય સેન્સેક્સની એક્સપાયરીના કારણે પણ આજે વેચવાલીનો દબદબો છે.

## EDએ આમ આદમી પાર્ટીના ધારાસભ્ય અમાનતુલ્લા ખાનની કરી ધરપકડ

નવીદિલ્હી,

ED દ્વારા આમ આદમી પાર્ટીના ધારાસભ્ય અમાનતુલ્લા ખાનની ધરપકડ કરવામાં આવી છે. વક્ફ બોર્ડ નિમણૂક કૌભાંડમાં પીએમએલએ હેઠળ તેમની ધરપકડ કરવામાં આવી હતી. લગભગ ૯ કલાકની પૂછપરછ બાદ EDએ તેની ધરપકડ કરી હતી. સુપ્રીમ કોર્ટના આદેશ બાદ ગુરુવારે (૧૮ એપ્રિલ) ધારાસભ્ય અમાનતુલ્લા ખાન પૂછપરછ માટે ED સમક્ષ હાજર થયા હતા.

અમાનતુલ્લા ખાન પર દિલ્હી વક્ફ બોર્ડના અધ્યક્ષ તરીકે ૩૨ લોકોની ગેરકાયદે ભરતી કરવાનો આરોપ છે. આ સાથે તેણે દિલ્હી વક્ફ બોર્ડની ઘણી મિલકતો ગેરકાયદેસર રીતે ભાડે આપી છે. એવો પણ આરોપ છે કે તેણે દિલ્હી વક્ફ બોર્ડના ફંડનો દુરુપયોગ કર્યો છે. દિલ્હી વક્ફ બોર્ડના તત્કાલિન સીઈઓએ આવી ગેરકાયદેસર ભરતી વિરુદ્ધ નિવેદન બહાર પાડ્યું હતું. આ કેસમાં એન્ટી કરપ્શન બ્યુરો (ACB) એ સપ્ટેમ્બર ૨૦૨૨માં અમાનતુલ્લા ખાનની પૂછપરછ કરી હતી. તેના આધારે ACBએ ચાર સ્થળોએ દરોડા પાડ્યા હતા, જ્યાંથી લગભગ ૨૪ લાખ રૂપિયાની રોકડ મળી આવી હતી. આ ઉપરાંત બે ગેરકાયદેસર અને લાઈસન્સ વગરની પિસ્તોલ, કારતૂસ અને દારૂગોળો પણ મળી આવ્યો હતો.

આ પછી, અમાનતુલ્લા વિરુદ્ધ પુરાવા અને વાંધાજનક સામગ્રીના આધારે તેની ધરપકડ કરવામાં આવી હતી. બાદમાં તેને ૨૮ ડિસેમ્બર ૨૦૨૨ના રોજ જામીન પર મુક્ત કરવામાં આવ્યો હતો.

## છેલ્લો દિવસ : અમિત શાહ, સી.આર.પાટીલ, પરેશ ધાનાણી, પૂનમ માડમ ભરશે ફોર્મ

અમદાવાદ,

લોકસભાની ચૂંટણી ૨૦૨૪ના પ્રથમ તબક્કામાં આજે વોટીંગ થઈ રહ્યું છે તો ત્રીજા તબક્કામાં ગુજરાત સહિતના રાજ્યોમાં ઉમેદવારી નોંધાવાનો આજે છેલ્લો દિવસ છે. મહત્વનું છે કે આ ત્રીજા તબક્કામાં ગૃહમંત્રી અમિત શાહ સહિતના ઉમેદવારો મેદાન છે. કેન્દ્રીય ગૃહમંત્રી આજે ઉમેદવારી નોંધાવશે. આજે તેઓ તેમનાં સમર્થકો ખાતે ગાંધીનગર કલેક્ટર કચેરી ખાતે ઉમેદવારી ફોર્મ ભરશે. ફોર્મ ભર્યા બાદ ગાંધીનગરથી અમિત શાહ રવાના થશે. અમદાવાદ એરપોર્ટથી અમિત શાહ દિલ્લી જવા રવાના થશે.

લોકસભા ચૂંટણીને લઈ ઉમેદવારીનો આજે છેલ્લો દિવસ છે. ગુજરાતમાં ભાજપ-કોંગ્રેસનાં ૬ નેતા ઉમેદવારી કરશે. ગાંધીનગરથી અમિત શાહ ફોર્મ ભરશે. નવસારીથી સી.આર.પાટીલ ઉમેદવારી નોંધાવશે. જામનગરથી પૂનમ માંડમ અને રાજકોટથી પરેશ ધાનાણી ફોર્મ ભરશે. નવસારીથી કોંગ્રેસના નૈષધ દેસાઈ, મહેસાણાથી કોંગ્રેસનાં રામજી ઠાકોર ફોર્મ ભરશે. જયારે ૩ ભાજપનાં અને ૩ કોંગ્રેસનાં ઉમેદવારો ઉમેદવારી નોંધાવશે.

## પાકિસ્તાનની કુખ્યાત જાસૂસી સંસ્થા ISI પોતાના નાગરિકોને પણ છોડતી નથી

### ISIના અધિકારીઓએ કરી લૂંટફાટ, સુપ્રીમનો તપાસનો આદેશ

નવીદિલ્હી,

ભારતમાં વર્ષોથી આતંકવાદને પ્રોત્સાહન આપી રહેલી પાકિસ્તાનની કુખ્યાત જાસૂસી સંસ્થા ISI પોતાના નાગરિકોને પણ છોડતી નથી.ISI પર પાકિસ્તાનના એક નાગરિકે પોતાના ઘરમાં ઘૂસીને લૂંટ ચલાવવાનો આરોપ મૂકયો છે. જેના પગલે કોર્ટે આપેલા આદેશ બાદ પાકિસ્તાની સેનાએ તત્કાલિન ISI ચીફ જનરલ ફૈઝ હમીદની સામે તપાસ શરુ કરી છે.

ISI હમીદ સામે એક મેજર જનરલની અધ્યક્ષતામાં બનેલી કમિટી તપાસ કરશે. જનરલ હમીદે ૨૦૨૨માં નિવૃત્ત થવાની જગ્યાએ કેટલાક મહિનાઓ પહેલા જ ISI ડાયરેકટરના હોદ્દા પરથી રાજીનામુ આપી દીધુ હતુ. જનરલ હમીદનુ નામ ફૈઝાબાદ ધરણા સહિતના વિવાદોમાં ઉછળ્યુ હતુ. પાકિસ્તાનના ત્રણ વખત વડાપ્રધાન રહી ચુકેલા નવાઝ શરીફે સુપ્રીમ કોર્ટને કહ્યુ હતુ કે, મને સત્તા પરથી હટાવવામાં પૂર્વ સેના પ્રમુખ જનરલ બાજવા તેમજ ISI ચીફ જનરલ હમીદની મુખ્ય ભૂમિકા હતી.

## હૈદરાબાદમાં, ૫.૪૧ લાખથી વધુ મતદારોના નામ સૂચિમાંથી દૂર

### ઓવૈસી અને માધવી લતા વચ્ચે છે મુકાબલો : માધવી લતાનો દાવો - છ લાખથી વધુ નકલી મતદારો

હૈદરાબાદ,

ચૂંટણી પંચે હૈદરાબાદ જિલ્લાની મતદાર યાદીમાંથી ૫.૪૧ લાખ મતદારોના નામ હટાવી દીધા છે. જિલ્લામાં ૧૫ વિધાનસભા બેઠકો આવેલી છે. યાદીમાંથી મતદારોના નામ હટાવવાના કારણોમાં તેમનું મૃત્યુ, રહેઠાણમાં ફેરફાર અને નામની બે વાર નોંધણી છે. અહીં મુખ્ય સ્પર્ધા ભાજપના અસદુદ્દીન ઓવૈસી અને માધવી લતા વચ્ચે માનવામાં આવી રહી છે. વર્ષ ૨૦૧૯માં ઓવૈસીએ ભાજપના ઉમેદવારને ૨ લાખ ૮૨ હજાર ૧૮૬ મતોથી હરાવ્યા હતા. અહીં બીજેપી બીજા સ્થાને હતી. વર્ષ ૨૦૧૪માં ઓવૈસી ૨૮૨૧૮૬ મતોથી જીત્યા હતા.

જાન્યુઆરી ૨૦૨૩ થી હૈદરાબાદ જિલ્લાની ૧૫ વિધાનસભા મતવિસ્તારોમાં કુલ ૪૭,૧૪૧ મૃત મતદારો, ૪,૩૯,૮૦૧ "સ્થાનાતરિત મતદારો" અને ડુપ્લિકેટ મતદારોના ૫૪,૨૫૯ નામો યાદીમાંથી દૂર કરવામાં આવ્યા છે.

## સ્કોટલેન્ડમાં નદીમાં ડૂબી જવાથી ૨ ભારતીય વિદ્યાર્થીઓના મોત

### મિત્રો સાથે ગયા હતા ટ્રેકિંગ કરવા

સ્કોટલેન્ડ,

સ્કોટલેન્ડમાં બે ભારતીય વિદ્યાર્થીઓના મોત થયા છે. ડૂબી જવાથી બંને વિદ્યાર્થીઓએ જીવ ગુમાવ્યો હતો.એક મૃતક ૨૨ વર્ષનો અને બીજો ૨૭ વર્ષનો હતો. ટ્રેકિંગ દરમિયાન બંનેએ અચાનક બેલેન્સ ગુમાવ્યું અને પાણીમાં પડી ગયા. બંનેના મૃતદેહ મળી આવ્યા છે. આ અકસ્માત બુધવારે રાત્રે થયો હતો.

ચાર મિત્રો લિન ઓફ ટુમેલ ટૂરિસ્ટ સ્પોટ, જે તેના ધોધ માટે પ્રખ્યાત છે, ત્યાં ટ્રેકિંગ માટે ગયા હતા. ચારેય ડંડી યુનિવર્સિટીના વિદ્યાર્થીઓ હતા. બે વિધાર્થી પાણીમાં પડતાં જ બાકીના બંને મિત્રોએ પોલીસને જાણ કરી હતી. જે બાદ પોલીસ, ફાયર બ્રિગેડ અને એમ્બ્યુલન્સ સાથે ઘટનાસ્થળે પહોંચી હતી. બંને મૃતકો આંધ્રપ્રદેશના રહેવાસી હતા. લંડન સ્થિત ભારતીય દૂતાવાસે પણ આ ઘટનાની પુષ્ટિ કરી છે. તેમના મૃતદેહ મળી આવ્યા છે. દૂતાવાસ વિદ્યાર્થીઓના પરિવારના સંપર્કમાં છે. સાથે જ ડંડી યુનિવર્સિટીએ પણ શક્ય તમામ મદદની ખાતરી આપી છે.

## કરિયાણાની દુકાન પર પણ મળશે શરદી - તાવની દવાઓ

### નવી કેન્દ્ર સરકારમાં નિર્ણય લેવાની તૈયારી

નવીદિલ્હી,

શરદી, ઉધરસ અને તાવ માટે વપરાતી દવાઓ કરિયાણાની દુકાનો પર પણ વેચાણ માટે ઉપલબ્ધ કરાવવાની તૈયારીઓ ચાલી રહી છે. કેન્દ્ર સરકાર OTC એટલે કે ઓવર ધ કાઉન્ટર દવાઓ માટે પોલિસી લાવવાની તૈયારી કરી રહી છે. આ માટે એક સમિતિની રચના કરવામાં આવી હતી જે તેના પર વિચાર કરી રહી છે.

OTC એટલે કે ઓવર ધ કાઉન્ટર એટલે એવી દવાઓ કે જે ડૉક્ટરના પ્રિસ્ક્રિપ્શન વિના વેચી શકાય. આ નીતિ અમેરિકા, બ્રિટન અને ઓસ્ટ્રેલિયા જેવા દેશોમાં પહેલેથી જ અમલમાં છે. હવે તેને ભારતમાં લાગુ કરવાની તૈયારી ચાલી રહી છે. આ સમિતિ આ દિશામાં કામ કરી રહી છે. આ કમિટીએ અત્યાર સુધીમાં આ સંદર્ભમાં ઘણા સૂચનો મેળવ્યા છે. જો કે હજુ સુધી સત્તાવાર રીતે કંઈ કહેવામાં આવ્યું નથી.

રિપોર્ટ અનુસાર, સરકાર ગ્રામીણ વિસ્તારોને ધ્યાનમાં રાખીને આ પોલિસી લાવવાની તૈયારી કરી રહી છે. વાસ્તવમાં ગ્રામીણ વિસ્તારોમાં ડોક્ટરોની અછત છે. આ ઉપરાંત ગ્રામીણ વિસ્તારોમાં મેડિકલ સ્ટોર પણ ઓછા છે. આવી સ્થિતિમાં ઘણી વખત લોકોને જરૂરી દવાઓ પણ નથી મળી શકતી. ઘણા કિસ્સાઓમાં, સમયસર જરૂરી દવાઓ ન મળવાને કારણે દર્દીઓની સ્થિતિ વધુ ગંભીર બની જાય છે. આ કારણોસર, સમિતિ દ્વારા ઓટીસી અંગેના સૂચનો આપવામાં આવ્યા છે.

આ વર્ષે ફેબ્રુઆરીમાં, આરોગ્ય સેવાઓના મહાનિર્દેશક અતુલ ગોયલ દ્વારા નિષ્ણાતોની એક સમિતિની રચના કરવામાં આવી હતી. આ સમિતિને ભારતની ઁઝ દવા નીતિ ઘડવાનું કામ સોંપવામાં આવ્યું હતું. સૂત્રોનું કહેવું છે કે સમિતિ દ્વારા ડ્રાફ્ટ પણ રજૂ કરવામાં આવ્યો છે. કાઉન્ટર પર વેચી શકાય તેવી દવાઓની યાદી પણ આપવામાં આવી છે. ભારતમાં હજુ સુધી એવો કોઈ નિયમ નથી. જો દવાને માત્ર પ્રિસ્ક્રિપ્શન તરીકે ન કહેવામાં આવે, તો તેને OTC ગણવામાં આવે છે, જો કે આ અંગે કોઈ નિશ્ચિત નિયમ નથી.

# રાહતની આગાહી : મહત્તમ તાપમાન બેથી ત્રણ ડિગ્રી ઘટશે



## ગુરૂવારે અગનભઠ્ઠીમાં ફેરવાયું ગુજરાત : તમામ જિલ્લામાં ૪૦ ડિગ્રીથી વધુ તાપમાન નોંધાયું શુક્રવારથી ગરમી-ભેજના કારણે દરિયાકાંઠાના વિસ્તારોમાં અકળામણનો અહેસાસ થશે

અમદાવાદ,

ગુજરાતવાસીઓ છેલ્લા ત્રણ દિવસથી ગરમીમાં શેકાઈ રહ્યા છે ત્યારે હવામાન વિભાગે રાહતના સમાચાર આપ્યા છે. હવામાન વિભાગની આગામી દિવસો માટેની આગાહી અનુસાર, આગામી ૨૪ કલાક બાદ રાજ્યભરનું મહત્તમ તાપમાન બેથી ત્રણ ડિગ્રી સુધી ઘટી શકે છે. હાલમાં ગુજરાત પર આવતા પવનોની દિશા ઉત્તર દિશા તરફની હતી, જે હવે બદલાઈને ઉત્તર-પશ્ચિમી અને ઉત્તર દિશા તરફની થઈ છે. એને કારણે તાપમાનમાં આંશિક ઘટાડો થઇ શકે છે.

રાહતના આ સમાચાર પૂર્વે છેલ્લા બે દિવસથી ગુજરાતમાં કાળઝાળ ગરમી પડી રહી છે. ગુરૂવારે પણ રાજ્યના મોટાભાગના જિલ્લાઓમાં ૪૦ ડિગ્રીથી વધુ તાપમાન નોંધાયું હતું. જો કે હવે રાહતના સમાચાર આપતા હવામાન વિભાગના ડાયરેક્ટર એ. કે. દાસે જણાવ્યું હતું કે સૌરાષ્ટ્ર-કચ્છના કેટલાક વિસ્તારમાં હીટવેવની શક્યતા છે. પરંતુ સિવિયર હિટવેવ નહિં હોય દાસે વધુમાં જણાવ્યું હતું કે આગામી ૨૪ કલાક દરમિયાન સૌરાષ્ટ્રના જિલ્લાઓમાં યલો એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે. ગરમી અને ભેજના કારણે દરિયાકાંઠાના વિસ્તારોમાં અકળામણનો અહેસાસ થશે.વેસ્ટર્ન ડિસ્ટર્બન્સને કારણે અરબ સાગર પરથી વાદળો ગુજરાત તરફ ખેંચાઈ આવે છે અને પવનની દિશા પણ ઉત્તર-પશ્ચિમ અને ઉત્તર દિશા તરફની હોવાથી અમદાવાદ શહેરમાં સવારથી જ આકાશમાં ક્યાંક વાદળો દેખાઈ રહ્યાં છે, પરંતુ વાતાવરણનો ઉપરી સ્તર પર વાદળો બંધાવાને કારણે વરસાદી વાદળ હોતાં નથી.

પરંતુ એને કારણે વાતાવરણમાં મોન્સ્ટર ઈનકર્શન થાય છે, તેથી ૨૪ કલાક બાદ ગરમીથી આંશિક રાહત મળે એવી શક્યતા છે.

# અલ્પેશ કથીરિયા અને ધાર્મિક માલવિયાએ આમ આદમી પાર્ટી સાથે છેડો ફાડી નાખ્યો

## લોકસભાની ચૂંટણી પહેલાં આમ આદમી પાર્ટીને વધુ એક ફટકો

અમદાવાદ,

લોકસભાની ચૂંટણીને આડે ગણતરીના દિવસો બાકી છે ત્યારે આમ આદમી પાર્ટીને ગુજરાતમાં મોટો ઝટકો લાગ્યો છે, કારણ કે સુરતમાં અલ્પેશ કથીરિયા અને ધાર્મિક માલવિયાએ આમ આદમી પાર્ટી સાથે છેડો ફાડ્યો છે. બન્નેએ આમ આદમી પાર્ટીના ગુજરાત પ્રદેશ અધ્યક્ષ ઈસુદાન ગઢવીને પોતાનાં રાજીનામાં મોકલ્યાં છે.

ઉલ્લેખનીય છે કે ગઈકાલે જ આમ આદમી પાર્ટીએ સ્ટારપ્રચારકની યાદી જાહેર કરી હતી, જેમાં અલ્પેશ કથીરિયાનું નામ હતું, જોકે આજે રાજીનામું આપી દેતાં આમ આદમી પાર્ટીમાં ખળભળાટ મચી ગયો છે.

અલ્પેશ કથીરિયા અને ધાર્મિક માલવિયાએ ઈસુદાન ગઢવીને રાજીમામાં મોકલ્યાં છે, જેમાં લખ્યુંછે કે આમ આદમી પાર્ટીની તમામ જવાબદારીમાંથી મુક્ત થઈએછીએ. પાર્ટીના પ્રાથમિક સભ્યપદેથી પણ તાત્કાલિક અસરથી રાજીનામું આપીએ છીએ. રાજીનામું સ્વીકારવા વિનંતી. પાટીદાર અનામત સંઘર્ષ સમિતિમાં હાર્દિક પટેલ સાથે સૌથી મોટા ચહેરા તરીકે અલ્પેશ કથીરિયા અને ધાર્મિક માલવિયા હતા. હાર્દિકના ગયા બાદ પાટીદાર આંદોલનને તેઓ સંભાળી રહ્યા હતા. ત્યાર બાદ તેમણે આમ આદમી પાર્ટી જોઈન્ટ કરીને બંને ઉમેદવાર તરીકે વિધાનસભાની ચૂંટણી પણ લડ્યા હતા, પરંતુ એકાએક જ તેમણે રાજીનામાં આપી દેતાં અનેક પ્રશ્નો ઊભા થઈ રહ્યા છે.

# હું પ્રજાનો પ્રતિનિધિ છુ Dy.SP પણ ન રોકી શકે

## જૂનાગઢમાં કોંગ્રેસના MLA અને PSI વચ્ચે બોલાચાલી

જૂનાગઢ

જૂનાગઢ લોકસભા બેઠકથી કોંગ્રેસના ઉમેદવાર હીરા જોટવાએ ઉમેદવારી પત્ર ભર્યું હતું. આ દરમિયાન કલેક્ટર કચેરીની બહાર PSI અને ગીર સોમનાથના ધારાસભ્ય વિમલ ચુડાસમા વચ્ચે બોલાચાલી થઈ હતી. મળતી માહિતી અનુસાર, જૂનાગઢથી કોંગ્રેસના ઉમેદવાર હીરા જોટવા ઉમેદવારી ફોર્મ ભરવા માટે કલેક્ટર કચેરીએ પહોંચ્યા હતા. તેમની સાથે કોંગ્રેસના ધારાસભ્ય વિમલ ચુડાસમા સાથે હતા. આ દરમિયાન બંદોબસ્તમાં રહેલા PSIએ વિમલ ચુડાસમાની કાર સહિતનો કાફલો રોકતા તેઓ ગુસ્સે થયા હતા અને જાહેરમાં PSI સાથે રકઝક થઈ હતી. વિમલ ચુડાસમાએ PSIને કહ્યું હતું કે, 'હું પ્રજાનો પ્રતિનિધિ છું. ડીવાયએસપી પણ ન રોકી શકે. તમે કાયદા પ્રમાણે વર્તન કરો. કાયદો જેમ અમને લાગુ પડે છે એમ તમને પણ પડે છે.

# ગૃહમંત્રી અમિત શાહે પોતાના મત વિસ્તારમાં રોડ શો કર્યો : મોટી સંખ્યામાં લોકો ઉમટયા

## રૂપાલાએ પોતાના નિવેદનને લઈ દિલથી માફી માંગી છે હવે બીજે ક્યાંય નારાજગી નથી



અમદાવાદ,

કેન્દ્રીય મંત્રી પરષોત્તમ રૂપાલાએ ક્ષત્રિય સમાજને લઈને આપેલા નિવેદન પર પહેલીવાર ગૃહમંત્રી અમિત શાહે પ્રતિક્રિયા આપી છે. તેમણે કહ્યું કે પરષોત્તમ રૂપાલાએ આ મામલે દિલથી માફી માંગી છે. હવે બીજે ક્યાંય નારાજગી નથી. હકીકતમાં કેન્દ્રીય મંત્રી રૂપાલાએ વાલ્મિકી સમાજના એક કાર્યક્રમમાં નિવેદન આપ્યું હતું કે, 'અંગ્રેજોએ આપણા પર રાજ કર્યું. રાજાએ પણ તેની આગળ પ્રણામ કર્યા. તેઓએ (રાજાઓ) તેમની (બ્રિટિશરો) સાથે રોટલી તોડી અને તેમની સાથે તેમની પુત્રીઓના લગ્ન કર્યા. દલિતો પર સૌથી વધુ ત્રાસ ગુજારવામાં આવ્યો, પરંતુ તેઓ ઝૂક્યા નહીં.

તેમના નિવેદન બાદ ક્ષત્રિય સમાજમાં રોષ જોવા મળ્યો હતો અને મોટી સંખ્યામાં મહિલાઓ આગળ આવી હતી. મહિલાઓએ કહ્યું કે કેન્દ્રીય મંત્રીએ તેમની અખંડિતતા પર પ્રહારો કર્યા છે. મામલો વધતો જોઈ પરષોત્તમ રૂપાલાએ માફી માંગી હતી. તેણે કહ્યું, 'મેં જે કહ્યું તે મારો અર્થ નહોતો. હું અત્યંત દિલગીર છું.

# અડાલજ પાસેથી દારૂના જથ્થા સાથે છ લાખનો મુદ્દામાલ કબજે કરાયો



ગાંધીનગર

મોનિયરીંગ સેલ (એસએમસી)ના અધિકારીઓ માહિતીને આધારે ગાંધીનગર જીલ્લાના અડાલજ સ્થિત એક ગોડાઉન પાસેથી શંકાસ્પદ કાર અટકાવી હતી. કારમાંથી પોલીસે દારૂના જથ્થા સાથે છ લાખથી વધુનો મુદ્દામાલ કબજે કર્યો હતો. જોકે આરોપીઓ કાર મુકીને ફરાર થઈ ગયા હતા. પોલીસે આ સંદર્ભે પાંચ શખસો વિરૂધ્ધ ગુનો નોંધી તેમની શોધ હાથ ધરી છે.

એસએમસીના અધિકારીઓએ અડાલજના મહેસાણા અમદજાવાદ હાઈવે પરના ઉવારસદ જવાના રોડ પરના ગાયત્રી ગોડાઉન આગળથી કારમાંથી દારૂનો જથ્થો કબજે કર્યો હતો. પોલીસે રૂ. ૧,૦૫,૩૦૦ નો વિદેશી દારૂ, કાર વગેરે મળીને કુલ રૂ. ૬,૦૫,૩૦૦ નો મુદ્દામાલ કબજે કર્યો હતો. આ કેસમાં પોલીસે સ્વિફ્ટ કારના ચાલક, ક્લિનર ઉપરાંત દારૂનો જથ્થો મંગાવનાર અને મોકલનાર સહિત પાંચ શખ્સો સામે ગુનો નોંધીને તેમની શોધ હાથ ધરી છે.

# વડોદરાના સાવલી પોલીસ મથક આગળ આત્મવિલોપનનો પ્રયાસ

## હેડ કોન્સ્ટેબલે સાવલી પોલીસ મથકમાં એટ્રોસિટી ફરિયાદ નોંધાવી હતી

વડોદરા

વડોદરા જિલ્લાના સાવલીમાં શોભાયાત્રામાં બંદોબસ્ત દરમિયાન ત્રણ યુવકોએ પીસીઆર હટાવવા મામલે ઈન્ચાર્જ સાથે જાતિ વિષયક અપમાનિત કરીને સાથે રહેલા પોલીસ સ્ટાફ સાથે ગાળાગાળી કરી તેમજ ફરજમાં રૂકાવટ કરી તું કેવી રીતે ટાઉનમાં નોકરી કરે છે, તને જોઈ લાઈશું તેવી ધમકી આપતા અનાર્મ હેડ કોન્સ્ટેબલે સાવલી પોલીસ મથકમાં એટ્રોસિટી ફરિયાદ નોંધાવી હતી. જેને લઈ યુવકોને માર માર્યો હોવાના આક્ષેપો પરિવારજનો દ્વારા કરવામાં આવ્યા હતા અને પોલીસ મથક આગળ રામધૂન બોલાવી હતી. જો કે, પોલીસે આ તમામ આક્ષેપો ખોટા હોવાની વાત કરી હતી.

રામજીની શોભાયાત્રા દરમિયાન પીસીઆર ઈન્ચાર્જ દ્વારા ફરિયાદ નોંધાવ્યા બાદ પરિવારજનોએ યુવકને સાવલી પોલીસ દ્વારા બેરહેમી પૂર્વક માર મારવામાં આવ્યો છે. અને ન્યાય મળે તે માટે સાવલી પોલીસ મથક આગળ હિન્દુ સંગઠનોએ રામધૂન બોલાવી હતી. આ બનાવમાં જયપાલસિંહ મહીડાએ આત્મવિલોપનનો પ્રયાસ કર્યો હતો.

# સરખેજમાં રૂ. ૩૦ લાખની લેતી-દેતી મામલે ફાયરિંગ

## એક યુવકને ઈજા પોલીસે ફાયરિંગ કરનારની કરી અટકાયત

અમદાવાદ,

સરખેજના મહમદપુરા રોડ પર રૂપિયાની લેતી-દેતીમાં ફાયરિંગની ઘટના બની છે. આ ફાયરિંગમાં એક યુવકને ઈજા પહોંચતા સારવાર માટે ખાનગી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો છે. પોલીસે ફાયરિંગ કરનારની અટકાયત કરી છે.

પ્રાપ્ત માહિતી પ્રમાણે અમદાવાદના સરખેજના મહમદપુરા રોડ પર ગુરૂવારે સેવન ઈલેવન કાફેની બહાર બે યુવકો વચ્ચે ૩૦ લાખ રૂપિયાની લેતી-દેતીના મામલે બોલાચાલી થઈ હતી. જોકે, બાદમાં નિલેશ ખંભાયતા નામના યુવકે આવેશમાં આવીને અન્ય યુવક પર ફાયરિંગ કર્યું હતું. ફાયરિંગમાં હરપાલસિંહ જાદવને ઈજા પહોંચતા સારવાર માટે ખાનગી હોસ્પિટલ ખસેડવામાં આવ્યો છે. બીજી તરફ સરખેજ પોલીસે હત્યાનો પ્રયાસ અને આર્મ્સ એક્ટની કલમ હેઠળ ગુનો દાખલ કર્યો છે. ફાયરિંગ કરનાર નિલેશની અટકાયત કરવામાં આવી છે.

# મધુ શ્રીવાસ્તવે અપક્ષમાંથી ફોર્મ ભર્યું

## વાઘોડિયા બેઠક પર ત્રિપાંખિયો જંગ જામશે



અમદાવાદ,

ગુજરાતમાં લોકસભા ચૂંટણીની સાથે પાંચ બેઠકો પર પેટાચૂંટણી પણ યોજાવાની છે. ત્યારે વાઘોડિયા બેઠક પર ભાજપના પૂર્વ ધારાસભ્ય મધુ શ્રીવાસ્તવે પણ ઝંપલાવ્યું છે. જેના પગલે વાઘોડિયા બેઠક પર ત્રિપાંખિયો જંગ જામશે.

વાઘોડિયા વિધાનસભાની પેટાચૂંટણી માટે આ જ બેઠકના પૂર્વ ધારાસભ્ય મધુ શ્રીવાસ્તવે ૧૮ એપ્રિલે અપક્ષમાંથી ઉમેદવારી ફોર્મ ભર્યું છે. મધુ શ્રીવાસ્તવે વડોદરાની ધીરજ ચોકડીથી પોતાના સમર્થકો સાથે સેવા સદન સુધી રેલી યોજી હતી. ત્યારબાદ તેમણે ફોર્મ ભર્યું હતું. મધુ શ્રીવાસ્તવે ફોર્મ ભરતા સમયે જીતનો વિશ્વાસ વ્યક્ત કર્યો હતો. સાથે તેમણે વર્તમાન ભાજપના ધારાસભ્ય ધર્મેન્દ્રસિંહ વાઘેલા પર આરોપ લગાવ્યા હતા.

# કચ્છની ધરા ધણધણી: નોંધાયો ૩.૭ની તીવ્રતાનો ભૂકંપનો આંચકો

ભુજ,

કચ્છમાં ફરી ધરતી ધ્રૂજી છે. આજે એટલે કે ગુરુવારે બપોરે ૧:૩૬ મિનિટે ખાવડામાં ભૂકંપનો આંચકો અનુભવાયો છે. ૩.૭ની તીવ્રતાનો આંચકો નોંધાયો છે.ભૂકંપના આંચકાને કારણે લોકો ઘરની બહાર દોડી આવ્યા છે. ભૂકંપનું કેન્દ્ર બિંદુ ખાવડાથી ૩૦ કીમી દૂર નોંધાયું છે.

આપને જણાવી દઈએ કે, ગઈકાલે પણ બપોરના સમયે ભૂકંપનો આંચકો નોંધાયો હતો. પશ્ચિમ કચ્છના વિસ્તારમાં ૨.૮ની તીવ્રતાનો ભૂકંપના આંચકો નોંધાયો હતો.બપોરના ૨.૫૧ કલાકે આ ભૂકંપનો આંચકો નોંધાયો હતો.

કચ્છમાં મેન ફોલ્ટલાઈન વર્ષોથી સક્રિય છે અને ધરતીની બે પ્લેટ ટકરાતી હોવાથી અહીં ઘણીવાર ભૂકંપ અનુભવાતા રહે છે. વર્ષ ૨૦૦૧ના મહાવિનાશક ભૂકંપ બાદ રાજ્યમાં ઘણીવાર આંચકા અનુભવાયા છે. ૨૦૨૨માં ૪થી વધુ તીવ્રતાનો માત્ર એક ભૂકંપ અને તે પણ સૌરાષ્ટ્રના તલાલા વિસ્તારમાં નોંધાયો હતો. ૨૦૨૩માં ગુજરાતમાં ૪.૦થી વધુ તીવ્રતાના ૪ ભૂકંપો આવ્યા છે, જે કચ્છના દુધઈમાં ૨, ખાવડા પંથકમાં ૧, ઉત્તર ગુજરાતના વાવ પાસે એક નોંધાયેલ છે. જયારે ૨૦૨૧માં ૪.૦ની તીવ્રતાના ૭ ભૂકંપો નોંધાયા હતા.

# ગુજરાતથી આગામી ૫ દિવસમાં યુપી-બિહાર માટે રવાના થશે પશ્ચિમ રેલવેની ચાર વિશેષ ટ્રેનો

અમદાવાદ,

ઉનાળાની રજાઓમાં મુસાફરોની સુવિધા માટે આગામી પાંચ દિવસમાં ગુજરાત, યુપી અને બિહારથી ચાર વિશેષ ટ્રેનો રવાના થશે. પશ્ચિમ રેલવેના જણાવ્યા અનુસાર, આને ગુજરાતના અમદાવાદ, ગાંધીધામ અને સાબરમતી સ્ટેશનો પરથી ફ્લેગ ઓફ કરવામાં આવશે. તમામ ટ્રેનો દરેક બે ટ્રીપ કરશે. પશ્ચિમ રેલવેએ અમદાવાદ અને ગાંધીધામથી દાનાપુર વચ્ચે વિશેષ ટ્રેન દોડાવવાનો નિર્ણય કર્યો છે. એ જ રીતે રેલવેએ અમદાવાદ-પટના અને સાબરમતી-ગોરખપુર વચ્ચે વિશેષ ટ્રેનો ચલાવવાનો નિર્ણય કર્યો છે. વેસ્ટર્ન રેલવે (વેસ્ટર્ન રેલવે સ્પેશિયલ ટ્રેન) અનુસાર મુસાફરોની માગને ધ્યાનમાં રાખીને અમદાવાદ-પટના અને સાબરમતી-ગોરખપુર વચ્ચે વિશેષ ભાડામાં સ્પેશિયલ ટ્રેન ચલાવવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. ટ્રેન નંબર ૦૯૪૮૬ પટના-અમદાવાદ સ્પેશિયલ, શનિવાર, ૨૦ એપ્રિલ, ૨૦૨૪ ના રોજ પટનાથી ૦૧:૦૦ વાગ્યે ઉપડશે અને બીજા દિવસે ૦૭:૧૦ વાગ્યે અમદાવાદ પહોંચશે. આ ટ્રેન તેની મુસાફરી દરમિયાન નડિયાદ, છાયાપુરી, રતલામ, ઉજ્જૈન, સંત હિરદારામ નગર, બીના, દમોહ, કટની મુદ્વારા, સતના, માણિકપુર, પ્રયાગરાજ છિવકી, પં. દીન દયાલ ઉપાધ્યાય, બક્સર અને અરાહ સ્ટેશનો પર રોકાશે.



આ ટ્રેનમાં થર્ડ એસી, સ્લીપર ક્લાસ અને જનરલ ક્લાસ કોચ હશે.ટ્રેન નંબર ૦૯૪૮૯/૦૯૪૯૦ સાબરમતી-ગોરખપુર-સાબરમતી સ્પેશિયલ ટ્રેન નંબર ૦૯૪૮૯ સાબરમતી-ગોરખપુર સ્પેશિયલ સાબરમતીથી શુક્રવાર, ૧૯ એપ્રિલ ૨૦૨૪ના રોજ ૧૮:૧૦ કલાકે ઉપડશે.

# યુવતી સાથે ફ્રેન્ડશીપ રાખવાના મુદ્દે બે વિદ્યાર્થી વચ્ચે તકરાર થતા હત્યા

વડોદરા,

વડોદરાના દિવાળીપુરા વિસ્તારમાં ગઈ રાત્રે બે મિત્રો વચ્ચે યુવતી સાથે ફ્રેન્ડશીપ રાખવાના મુદ્દે સાધારણ બોલાચાલી થયા બાદ સગીર વયના વિદ્યાર્થીએ તેના મિત્રની હત્યા કરી હોવાનો બનાવ બનતા પોલીસે હત્યારાની અટકાયત કરી છે.

ગોત્રીના અયોધ્યા નગરમાં રહેતો દિશાંત રાજપુત નામનો ૧૯ વર્ષનો યુવક ગઈકાલે રાત્રે દિવાળીપુરા કોર્ટ સામે નિસર્ગ કોમ્પ્લેક્સ પાસે હતો તે દરમિયાન તેને મળવા આવેલા સગીર મિત્ર સાથે કોઈ કારણસર બોલાચાલી થઈ હતી.

પ્રાથમિક તબક્કે મળતી માહિતી મુજબ યુવતી સાથે ફ્રેન્ડશીપ રાખવાના મુદ્દે સાધારણ બોલાચાલી થઈ હતી અને ત્યારબાદ દિશાંત ઉપર સગીર મિત્રએ હુમલાનો પ્રયાસ કરતા દિશાંતે દોટ મૂકી હતી. તેની પાછળ સગીર મિત્ર દોડ્યો હતો. આ દ્રશ્ય કોઈએ નજરે પણ જોયું હતું.

થોડીવાર બાદ સગીર પરત ફર્યો હતો અને ચાલ્યો ગયો હતો. જ્યારે દિશાંતની છાતીમાં ઘા મારેલી હાલતમાં મૃતદેહ મળી આવ્યો હતો. બનાવની જાણ થતા અકોટા પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સ્પેક્ટર સહિતનો સ્ટાફ દોડી આવ્યો હતો અને હત્યાના કેસ સંદર્ભે ગુનો નોંધવાની તજવીજ કરી હત્યાના આરોપસર સગીર મિત્રની અટકાયત કરી હતી.

# અરવલ્લી: હત્યાની બે ઘટનામાં એક પતિએ પત્નીને કુહાડીના ઘા માર્યા તો બીજાએ ગ્રાઈન્ડર મશીન વડે ગળુ કાપ્યું !

અરવલ્લી

અરવલ્લી જિલ્લામાં પતિ દ્વારા પત્નીની હત્યા કરવાનો બીજો બનાવ સામે આવતા ખળભળાટ મચી જવા પામ્યો છે. જેમાં મેઘરજ તાલુકાના મોટી ભુવાલ ગામે પતિએ કુહાડીના આડેધડ ઘા ઝીંકીને પત્નીને રહેંસી નાંખી હતી. જે બાદ પતિએ પોતાના ગળામાં કુહાડી મારીને આપઘાતનો પ્રયાસ કર્યો હોવાનો બનાવ સામે આવ્યો છે.આ અંગે મૃતકના પુત્ર લક્ષ્મણ ડામોરે નોધાવેલી ફરિયાદમાં જણાવ્યા મુજબ, ભુવાલ ગામે તે પોતાના પિતા નાનાભાઈ અને માતા મોંઘીબેન સાથે રહે છે.

રાતે તે પોતાની સાસરીમાં ગયો, ત્યારે ઘરે માતા-પિતા એકલા જ હતા. સવારે તે જ્યારે સાસરીમાંથી ઘરે આવ્યો, ત્યારે તેણે માતા મોંઘીબેનને લોહીના ખાબોચિયામાં મૃત અવસ્થામાં જોતા ચક્કર ખાઈ ગયો હતો. જ્યારે તેમની બાજુમાં કુહાડી પડી હતી. જ્યારે ઘરના બહારના ભાગમાં પિતાના ગળામાંથી પણ લોહી નીકળતુ હોય તે જીવિત હતા. આથી લક્??મણ ડામોરે મેઘરજ પોલીસને જાણ કરતાં મેઘરજ પોલીસ, અરવલ્લી LCB, SOG સહિતનો પોલીસ કાફલો ઘટના સ્થળે દોડી આવ્યો હતો.જેમણે સૌ પ્રથમ ઈજાગ્રસ્ત નાનાભાઈ ડામોરને સારવાર અર્થે ખસેડ્યા હતા. જ્યારે મોંઘીબેનના મૃતદેહને પોસ્ટમોર્ટમ અર્થે મેઘરજ CHC ખસેડ્યો હતો.પ્રાથમિક તપાસમાં નાનાભાઈએ કુહાડીના આડેધડ ઘા ઝીંકીને મોંઘીબેનની હત્યા કર્યા બાદ પોતે પણ ગળામાં કુહાડીનો ફટકો મારીને આપઘાતનો પ્રયાસ કર્યો છે. જો કે નાનાભાઈએ ક્યા કારણોસર આ પગલું ભર્યું તે હજુ સુધી જાણી શકાયું નથી. હાલ તો પોલીસે પુત્ર લક્??મણ ડામોરની ફરિયાદના આધારે ગુનો દાખલ કરીને આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

અત્રે ઉલ્લેખનીય એક દિવસ અગાઉ પણ અરવલ્લી જિલ્લાના બાયડ તાલુકાના નવા ઉંટરડા ગામે આવો જ એક બનાવ સામે આવ્યો હતો. જેમાં એક આધેડે ગ્રાઈન્ડર મશીન વડે પત્નીનું ગળું કાપી હત્યા કર્યા બાદ પોતે પણ ફાંસો ખાઈને જીવાદોરી ટૂંકાવી હતી.

# ગેનીબેન ઠાકોરે સાત સુધારા સાથે નવું ફોર્મ જમા કરાવ્યું

## ભાજપ-કોંગ્રેસ બન્ને ઉમેદવારોના ફોર્મમાં ભૂલો સામે આવી



સુરેન્દ્રનગર,

લોકસભા ચૂંટણી ૨૦૨૪ માટે ગુજરાતમાં ઉમેદવારી ફોર્મ ભરવાનો આજે છેલ્લો દિવસ છે. બનાસકાંઠામાં ભાજપ અને કોંગ્રેસના ઉમેદવારોએ ફોર્મ ભર્યા હતા. આ દરમિયાન બન્ને ઉમેદવારોના ફોર્મમાં કેટલીક ભૂલો સામે આવી છે. ભાજપ-કોંગ્રેસના ઉમેદવારના ફોર્મ રદ કરવા માટે અરજી કરવામાં આવી છે.

ભાજપના ઉમેદવાર ડૉક્ટર રેખાબેન ચૌધરીના પ્રથમ ફોર્મમાં ભૂલ સામે આવી છે. ભાજપના ઉમેદવારના ફોર્મમાં BSC અને MSC વચ્ચે બે વર્ષના અંતરમાં ભૂલ હતી. ભૂલ જણાતા જ ઉમેદવાર ડૉક્ટર રેખાબેન ચૌધરીએ પ્રથમ ફોર્મ રદ કરવા અરજી આપી બીજું ફોર્મ રજૂ કર્યું હતું.ભાજપ ઉમેદવારે નવા ફોર્મમાં BSC 1999, MSC ૨૦૦૧ અને PhD 2022માં કરી હોવાના ત્રણ સુધારા કર્યા હતા. બીજી તરફ બનાસકાંઠાના કોંગ્રેસના ઉમેદવાર ગેનીબેન ઠાકોરે પણ નવા ફોર્મમાં કુલ સાત સુધારા કર્યા હતા. કોંગ્રેસ ઉમેદવારે પણ ફોર્મમાં મિલકતની વર્તમાન કિંમત સાથે ફોર્મ જમા કરાવ્યું હતું.

# સૌરાષ્ટ્ર યુનિ.નાં રજીસ્ટ્રાર સામે ખાતાકીય તપાસ કયારે ?: નિદત બારોટ

રાજકોટ:

રાજયના શિક્ષણ વિભાગે સૌરાષ્ટ્ર યુનિ.ના તા. ૧-૪થી પત્ર લખીને જાણ કરવામાં આવી હતી કે ધારી સ્થિત આર્ટસ કોમર્સ કોલેજના સંચાલકો દ્વારા ખોટા ડોકયુમેન્ટસના આધારે શરૂ થયેલ કોલેજ સંદર્ભે ફોજદારી કાર્યવાહી કરવી અને સરકારને યોગ્ય ચકાસણી કર્યા વગર પત્રો મોકલનાર યુનિ.ના અધિકારીઓ સામે ખાતાકીય તપાસ કવરી. તો તપાસ કયારે થશે ? તેવી માંગણી પ્રવકતા ડો. નિદત બારોટે ઉઠાવી ઉચ્ચ શિક્ષણ કમિશ્નર-ગાંધીનગરને પત્ર પાઠવ્યો છે. સૌરાષ્ટ્ર યુનિ.ના કુલસચિવ રમેશ પરમારે જણાવ્યું કે સમગ્ર બાબત જોડાણને લગતી છે માટે બોર્ડ ઓફ મેનેજમેન્ટમાં મુકવામાં આવ્યા બાદ નિર્ણય થશે. હકીકતે સરકારના શિક્ષણ વિભાગે સમગ્ર બાબતની તપાસ કરી લીધા બાદ જવાબદારો સામે ફોજદારી કાર્યવાહી કરવા અને યુનિ.ના અધિકારીઓ સામે ખાતાકીય તપાસ કરવા જણાવ્યું છે. આપના પત્રમાં આપે ૧૬-૧૨-૨૨ના પત્રથી રજુ કરેલ હકીકતલક્ષી અહેવાલ આધાર પુરાવાઓની ચકાસણી કર્યા વગર મોકલેલ છે.તેવી ગંભીર નોંધ આપે લખેલ છે અને તેના માટે યુનિ.ના જવાબદાર અધિકારી સામે



ખાતાકીય તપાસ કરવી. આપને જણાવવાનું કે ૧૬-૧૨-૨૨નો હકીકતલક્ષી અહેવાલ મોકલનાર અને તૈયાર કરનાર જોડાણ વિભાગના અધિકારી રમેશ પરમાર હતા. હાલમાં આ જ રમેશ પરમાર કુલસચિવ તરીકે વધારાની સેવાઓ આપે છે. હવે આપે પત્રમાં જણાવ્યા અનુસાર કાર્યકારી કુલસચિવ રમેશ પરમાર, તત્કાલીન જોડાણ અધિકારી રમેશ પરમાર સામે ખાતાકીય તપાસ કઈ રીતે કરી શકે ? પોતે જ તપાસ કરાવનાર અને પોતે જ ગુનેગાર આવું સરકારના સેવાના નિયમોમાં કયાંય ઉલ્લેખ છે ? જાહેર માધ્યમોમાં કાર્યકારી કુલસચિવે જણાવ્યું કે હાલમાં આચારસંહિતાને કારણે કોઈ પગલા લીધા નથી. ફોજદારી કાર્યવાહી અને ખાતાકીય તપાસ માટે કેવી રીતે આચારસંહિતા લાગે એ પણ મોટો પ્રશ્ર્ન છે. સરકારના શિક્ષણ વિભાગે તપાસ પૂર્ણ કર્યા પછી ફોજદારી કાર્યવાહી કરવા જણાવ્યું છે. ત્યારે બોર્ડ ઓફ મેનેજમેન્ટને પુછવુ પડે તે વાત પર રમેશ પરમારની પોતે આચરેલ ગુનો છુપાવવા માટેની છે.પ્રથમ કાર્યકારી કુલસચિવ સમગ્ર તપાસમાં હસ્તક્ષેપ ના કરી શકે માટે તેમણે કાર્યકારી કુલસચિવ તરીકેની જવાબદારીમાંથી છુટા કરી અને ખાતાકીય તપાસની સમગ્ર બાબતની તપાસ નિવૃત ન્યાયધીશ પાસે કરાવવી જોઈએ આ બાબતે તાકીદે તપાસ કરવામાં આવે તેવી માંગ અંતમાં કોંગ્રેસ સમિતિ પ્રવકતા ડો. નિદત બારોટે કરી છે.

# જાહેરમાં ગંદકી કરતા લોકો પાસેથી રૂા. ૨૬,૬૫૦નો વહીવટી ચાર્જ વસુલાયો

રાજકોટ: રાજકોટ મહાનગરપાલિકા દ્વારા પ્લાસ્ટિક વેસ્ટ મેનેજમેન્ટ (એમેન્ડમેન્ટ) રૂલ્સ-૨૦૨૧ અન્વયે તા. ૧૬ થી ૧૭ દરમિયાન ત્રણેય ઝોન વિસ્તાર અલગ અલગ મુખ્ય માર્ગો પર સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ વિભાગની ટીમ દ્વારા પ્રતિબંધિત પ્લાસ્ટિક જપ્ત કરવાની તથા ગંદકી કરતા આસામી પાસેથી દંડ વસુલ કરવાની કામગીરી હાથ ધરવામાં આવી હતી. જેમાં તા. ૧૬ થી ૧૭ના રોજ ત્રણેય ઝોનમાંથી કુલ ૧૦૧ આસામીઓ પાસેથી ૬.૨૯૫ કી.ગ્રા. પ્રતિબંધિત પ્લાસ્ટિક જપ્ત કરી તથા ગંદકી કરતા આસામી પાસેથી રૂ.



૨૬૬૫૦નો વહીવટી ચાર્જ વસુલ કરવામાં આવ્યો હતો.સેન્ટ્રલ ઝોનના વિવિધ મુખ્ય માર્ગો પર ઝુંબેશરૂપે પ્રતિબંધીત પ્લાસ્ટીકનું વેચાણ કરતા ૩૫ આસામીઓ પાસેથી ૧.૩૪૫ કિ.ગ્રા. પ્રતિબંધિત પ્લાસ્ટીક જપ્ત કરી તથા ગંદકી કરતા આસામી પાસેથી રૂ ૮૦૫૦નો વહીવટી ચાર્જ વસુલવામાં આવેલ છે તથા વેસ્ટ ઝોનના વિવિધ મુખ્ય માર્ગો પર ઝુંબેશરૂપે પ્રતિબંધીત પ્લાસ્ટીકનું વેચાણ કરતા ૪૭ આસામીઓ પાસેથી ૩.૮૫૦ કિ.ગ્રા. પ્રતિબંધિત પ્લાસ્ટીક જપ્ત કરી તથા ગંદકી કરતા આસામી પાસેથી રૂ. ૧૩૫૫૦/-નો વહીવટી ચાર્જ વસુલવામાં આવેલ છે.ઈસ્ટ ઝોનના વિવિધ મુખ્ય માર્ગો પર ઝુંબેશરૂપે પ્રતિબંધીત પ્લાસ્ટીકનું વેચાણ કરતા ૧૯ આસામીઓ પાસેથી ૧.૧૦૦ કિ.ગ્રા. પ્રતિબંધિત પ્લાસ્ટીક જપ્ત કરી તથા ગંદકી કરતા આસામી પાસેથી રૂ.૫૦૫૦નો વહીવટી ચાર્જ વસુલવામાં આવેલ હતો.

# ક્રિકેટ મેચ પર જુગાર રમી દાવ લેતો લિસ્ટેડ બુકી રાજેશ દેશાણી ઝબ્બે

રાજકોટ:બાપાસીતારામ ચોક પાસે ગીરીરાજ ડેન્ટલ હોસ્પિટલ નજીક મોબાઈલમાં ક્રિકેટ મેચ પર સટ્ટો રમી દાવ લેતો રાજેશ દેશાણી નામના લિસ્ટેડ બુકીને ક્રાઈમ બ્રાન્ચે દબોચી લીધો હતો. અમદાવાદના બુકી કાળુ અને મુંબઈના બુકી દિવ્યેશ પાસેથી માસ્ટર આઈડી મેળવી આઈપીએલના પહેલાં મેચથી જ સટ્ટો રમતો હોવાની કબૂલાત આપતાં ક્રાઈમ બ્રાન્ચે તપાસનો દોર આઈડી આપનાર બુકી સુધી લંબાવી હતી.દરોડાની વિગત અનુસાર, ક્રાઈમ બ્રાન્ચના પીઆઈ એમ.આર.ગોંડલીયાની રાહબરીમાં હેડ કોન્સ્ટેબલ અમીત અગ્રાવત, કિરતસિંહ ઝાલા, કોન્સ્ટેબલ નગીનભાઈ ડાંગર, વાલજીભાઈ જાડા સહિતનો સ્ટાફ પેટ્રોલિંગમાં હતાં ત્યારે મવડી મેઈન રોડ, બાપાસીતારામ ચોક પાસે ગીરીરાજ ડેન્ટલ હોસ્પિટલ નજીક રાજેશ વિષ્ણુ દેસાણી જાહેરમાં મોબાઇલ ફોનમાં આઈ.ડી.દ્વારા ક્રિકેટ મેચ ઉપર સોદા નાખી ક્રીકેટ મેચનો સટ્ટો રમતો હોવાની મળેલ ચોક્કસ બાતમીના આધારે સ્ટાફે બાતમીના સ્થળેથી શખ્સને પકડી તેનું નામ પૂછતાં રાજેશ વિષ્ણુ દેસાણી (ઉ.વ.૪૦),(રહે. કાલાવડ રોડ, એવરેસ્ટ પાર્ક શેરી નં. ૪) હોવાનું જણાવ્યું હતું.તેની પાસે રહેલ મોબાઇલ ફોન ચેક કરતાં ગુગલ ક્રોમ એપ્લીકેશનમાં વિનર ૭ અને આઈડિયા ૭૭૭૭ તેમજ ક્રીકેટની માસ્ટર આઈ.ડી. BETXBHAI9 A GOEXC H777 નામની અલગ-અલગ આઈ.ડી. ઓપન થયેલ હોય તેમાં આઈપીએલ સિરીઝની ગુજરાત ટાઈટન અને દિલ્હી કેપીટીલ વચ્ચે ચાલતી ક્રીકેટ મેચ ઉપર રનફેર અને ઓવર ઉપર હારજીતના અલગ-અલગ સોદાઓ લગાવી સટ્ટો રમતો હોવાનું ખુલ્યું હતું. તેમજ તેની પાસે રહેલ બીજા મોબાઈલમાં તપાસ કરતાં તેમાં ક્રિકેટ બઝ એપ્લીકેશનમાં ગુજરાત ટાઈટન અને દિલ્હી કેપીટલ વચ્ચે ચાલતી ક્રીકેટ મેચનો લાઈવ સ્કોર ચાલુ હોય અને સટ્ટો રમતાં પકડી ત્રણ મોબાઈલ ફોન કબ્જે કરી પૂછતાછ હાથ ધરી હતી.પુછતાછમાt IDEA7777 આઈ.ડી. અમદાવાદના કાળુ પાસેથી તેમજ IDEA7777 આઈ.ડી. અને ક્રિકેટની માસ્ટર આઈ.ડી. BETXBHAI9, GOEXCH777 મુંબઈના દિવ્યેશ પાસેથી મેળવી હોવાની કબૂલાત આપતાં તપાસનો દોર ક્રાઈમ બ્રાન્ચે અમદાવાદ અને મુંબઈ સુધી લંબાવ્યો છે.

# રામનવમીનાં દિવસે માસ-મટનનું વેંચાણ કરનાર બે સામે પોલીસ ફરિયાદ

## જાહેરનામાનાં ભંગ બદલ મહાપાલિકાની કાર્યવાહી

રાજકોટ:ગઈકાલે પવિત્ર રામનવમીનાં દિવસે રાજકોટ શહેરમાં માંસ-મટનનું વેંચાણ કરવા ઉપર પ્રતિબંધ હોવા છતાં ખોડીયારનગરમાં બે વ્યકિત દ્વારા માંસ-મટનનું વેંચાણ કરાતું હોવાનું માલુમ પડતા આ બંને વ્યકિત સામે મહાનગરપાલિકાએ પોલીસ ફરિયાદ નોંધાવી છે. આ અંગે પર્યાવરણ ઈજનેરનાં જણાવ્યા મુજબ રાજકોટ મહાનગરપાલિકા દ્વારા તા ૧૭/૪ના રામનવમીના દિવસે માંસમટનની દુકાનો બંધ રાખવા માટે રાજકોટ મહાનગરપાલિકાના કમિશનર આનંદ પટેલ દ્વારા નં. રા.મ.ન.પા./સો. વે.મે. જાનં./૧૮૬ તા. ૦૮/૦૪/૨૦૨૪ દ્વારા જાહેરનામું બહાર પાડવામાં આવેલ હતું. જે અંતર્ગેત માલવીયાનગર પોલીસ સ્ટેશનમાં ગત રાત્રે ૮ વાગ્યે ફોન દ્વારા સુચના મળેલ કે ખોડીયારનગર ખાતે માસમટનની દુકાન વેચાણ થઈ રહ્યું છે.જે અંગે રાજકોટ મહાનગરપાલિકાને જાણ થતા રાજકોટ મહાનગરપાલિકામાં ફરજ બજાવતા સેનેટરી ઈન્સ્પેકટર તથા માલવિયાનગર પોલીસ સ્ટેશનના પો.હેડ. કોન્સ. દીનેશભાઈ બગડા તથા પી.સી.મયુરદાન ગઢવી વિગેરે પોલીસ સ્ટાફ સાથે ખોડીયારનગર મે. રોડ ખાતે રાત્રે ૮.૩૦ વાગ્યે ગયેલ અને તપાસ કરતા એક દુકાન ખુલ્લી હોય.જેમાં માંસમટનનો વેચાણ થતુ હોય જેથી તુરત જ પોલીસે બે રાહદારી પંચોને બોલાવી પંચોની રૂબરૂમાં દુકાનમાં હાજર બન્ને ઈસમોની સમગ્ર વિગત જાણી પંચનામું કરવામાં આવેલ અને તા.૧૭/૦૪/૨૦૨૪ના રોજ રામનવમીના દીવસે માંસમટનનું વેચાણ કરવા પર પ્રતિબંધ ફરમાવેલ હોય પોતાના કબ્જાની માંસમટનની વેચવાની દુકાન ખુલ્લી રાખી ગુનો કરેલ હોય અને જાહેરનામાંનો ભંગ કરેલ હોઈ તેઓ સામે આઈ.પી.સી.ક.- ૧૮૮.૧૧૪ હેઠળ કાર્યવાહી કરવામાં આવેલ છે.

# બાઈકને સાઈડ આપવા બાબતે ઝઘડો, મહિલા અને બે યુવકને ઈજા

રાજકોટ:

રાજકોટ નજીક આવેલા પારડી ગામે વેલનાથ સોસાયટીમાં બાઈકને સાઈડ આપવા બાબતે માથાકૂટ થઈ જતા એક મહિલા અને બે યુવક ઘવાયા હતા. બન્ને ઈજાગ્રસ્તને સારવાર માટે રાજકોટની સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. સિવિલ હોસ્પિટલમાં દાખલ રમાબેન પ્રવિણભાઈ રાઠોડ (ઉ.૪૮)ના પરિવારજનોએ આક્ષેપ કરતા જણાવ્યું હતું કે રમાબેનનો દીકરો ઉમેશ (ઉ.૨૨) શાપરની યુ-ફ્લો કંપનીમાં નોકરી કરે છે. ગત સાંજે છ વાગ્યે તે નોકરી પતાવી બાઈક પર ઘરે આવતો હતો ત્યારે સામે વાળા વિજય અને રવિ પણ બાઈક પર આવતા હતા. રસ્તા પર બાઈક સામ સામે આવી જતા સાઈડ આપવા બાબતે બોલાચાલી થતા વિજય અને રવિએ ઝપાઝપી કરી હતી.જે વાત ઉમેરો ઘરે આવી માતા પિતાને કરતા પ્રવિણભાઈ અને રમાબેન સમજાવવા માટે વિજયના ઘરે ગયા હતા. જયાં સાંજે પોણા સાત વાગ્યા આસપાસ વિજય અને રવિએ ફરી માર મારતા રમાબેન અને ઉમેશને ઈજા થઈ હતી. બન્ને સિવિલમાં દાખલ થયા હતા. સામાપક્ષે સમીરભાઈ શંકરભાઈ ગોસ્વામી (ઉ.૩૭, રહે. વેલનાથ સોસાયટી, પારડી ગામ)એ સિવિલ હોસ્પિટલ ચોકીના સ્ટાફને આક્ષેપ કરતા જણાવેલ કે પ્રવિણભાઈ અને તેની સાથેના અજાણ્યા માણસોએ માર માર્યો હતો. પોલીસે એન્ટ્રી નોંધી વધુ તપાસ હાથ દરી છે.

# ૫૦,૦૦૦ થી વધુ લોકોએ માણ્યો ઓર્ગેનિક ખેડૂત હાટ મહોત્સવ

રાજકોટ:

રાજકોટના આંગણે ૧૨,૧૩ અને ૧૪ એપ્રિલના ચૈત્રી નવરાત્રીના પવિત્ર દિવસોમાં ઓર્ગેનિક ખેડૂત હાટ મહોત્સવ કાલાવડ રોડ સ્થિત યોગીધામ - આત્મીય યુનિવર્સિટી કેમ્પસ મા ભવ્યાતિભવ્ય રીતે સંપન્ન થયો. જી.સી.સી.આઈ. (ગ્લોબલ કધફેડરેશન ઓફ કાઉ બેઈઝડ ઈન્ડસ્ટ્રી) યોગીધામ - આત્મીય યુનિવર્સિટી અને નવરંગ નેચર કલબના સંયુક્ત ઉપક્રમે ગુજરાતમાં પ્રથમવાર આટલો સુઆયોજીત ઓર્ગેનિક ખેત પેદાશોના મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું.જી.સી.સી.આઈ ના સ્થાપક ચેરમેન, ભારત સરકારના પૂર્વ મંત્રી ડો.વલ્લભભાઈ કથીરિયા ના સીધા માર્ગદર્શન હેઠળ સૌરાષ્ટ્રના કેપીટલ એવા રાજકોટ શહેરમાં યોજાયેલા મેળામાં ફક્ત અને ફક્ત શુદ્ધ અને સાત્વિક પ્રાકૃતિક ખેતી કરતા હોય તેવા ૮૫ જેટલા ખેડૂતોએ ભાગ લઈ રાજકોટના શહેરીજનોને ઓર્ગેનિક ઉત્પાદનોનો સ્વાદ



ચખાડયો. વર્ષોથી પ્રાકૃતિક ગૌ આધારિત કૃષિ કરતાં અને ઓર્ગેનિક કૃષિ માટે લોક શિક્ષણનું કાર્ય કરતા બગસરા નજીકના સુડાવડ ગામના પ્રતિષ્ઠિત ખેડૂત આગેવાન અને સમર્પિત કૃષિ સેવક પ્રવીણભાઈ આસોદરિયાએ જવાબદારી લઈ ૮૦૦ જેટલા ખેડૂતોમાંથી ૮૫ જેટલા ખેડૂતોને પૂરેપૂરા ચકાસી આ ઓર્ગેનિક ખેડૂત હાટ માં ભાગીદાર બનાવ્યા હતા.આત્મીય યુનિવર્સિટી યોગીધામ કેમ્પસના ચાન્સેલર પરમ પૂજય સ્વામી ત્યાગવલ્લભ સ્વામીએ વિશાળ કેમ્પસમાં બે મોટા હોલ અને અન્ય બધી જ સુવિધાઓ પૂરી પાડી હતી. નવરંગ નેચર કલબના વી.ડી.બાલા હોલ અને સ્ટોલ્સની સંપૂર્ણ વ્યવસ્થા માટે વહેલી સવારથી મોડી રાત્રે સુધી ખડે પગે રહ્યા હતા. વિશાલભાઈ ચાવડાએ સ્ટોલ પસંદગી અને તેમને પડતી નાની મોટી મુશ્કેલીઓ દૂર કરવામાં સતત મહેનત કરી હતી.વિશાળ હોલની બહારના ભાગે શેરડીનો રસ, અહર્મ યુવા સેવા ગ્રુપ દ્વારા શેતુરભાઈ દેસાઈની ટિમ દ્વારા નિ:શુલ્ક છાસ અને લચ્છી વિતરણથી ઉનાળાની ગરમીમાં લોકોએ રાહત અનુભવી હતી. કિચન ગાર્ડન માટેનું નિદર્શન, કલમી રીંગણ, ટમેટા, મરચીના રોપા, નર્સરીના રોપાનું વિતરણ તેમજ વિશ્ર્વ નિડમના જીતુભાઈ દ્વારા નિ:શુલ્ક પુસ્તક વિતરણનો લોકોએ બહોળી સંખ્યામાં લાભ લીધો હતો.આ ઓર્ગેનિક ખેડૂત હાટમાં સોનામોતી ઘઉં, બાબરકોટનો બાજરો, ભાલના ચણા અને ઘઉં, દેશી જુવાર, મગ, અડદ, વાલ, ડાંગ પ્રદેશની રાગી, સેલમની ઓર્ગેનિક હળદર, જીરું, તલ જેવા મરી - મસાલાના છૂટક તેમજ એર-પ્રૂફ પેકેટસ સાથે વેલ્યુ એડીશન વાળી અનેક ખેત પેદાશો,વિવિધ બાયોફર્ટીલાઈઝર, શહેરીજનોએ હોંસે હોંસે ખરીદી કરી હતી. ગીરની શૃધ્ધ ઓર્ગેનિક કેસર કેરી, લીલા કેળા, ગુલકંદ, ખજૂર ની ચટણી, કાશ્મીરી મરચાની ચટણી, એલોવેરા સ્કીન ફેસવોશ, શેમ્પુ, મશરૂમનો પાવડર, મેથીની કોફી, ઓર્ગેનિક ગોળ, મગફળી અને તેનું તેલ, બીટ, ગાજર, તરબૂચ, દેશી બીજ, પેશન ફ્રુટ અને અંજીર નો જયુસ અને અનેક પ્રકારની જંગલની જડીબુટ્ટીઓ એ મહોત્સવમાં આકર્ષણ જમાવ્યું હતું.

# "ઉમ્મીદ શિક્ષા રથ"ની દ્વિતીય બેચનો વિદ્યારંભ, મજદુરોના ૩૫ બાળકોને દત્તક લેવાયા

રાજકોટ:બાંધકામ ક્ષેત્રના મજુરવર્ગના બાળકોને પ્રાથમિક શિક્ષણ આપીને સામાજિક અસમાનતાના નિરાકરણ માટે અને બાળકોને અક્ષરજ્ઞાન પ્રાપ્ત થાય તે હેતુથી સેવાકિય પ્રવૃતિઓમાં હંમેશા મોખરે રહેતા જીનિયસ ગ્રુપના શ્રી વી.એમ મહેતા ફાઉન્ડેશન "ઉમ્મીદ શિક્ષા રથ" પ્રોજેક્ટનો શુભારંભ ગત ૧૧ મી માર્ચ ૨૦૨૪ ના રોજ કરવામાં આવ્યો હતો. પ્રથમ બેચની સફળતા બાદ ઉમ્મીદ શિક્ષા રથની બીજી બેચનો શુભારંભ તાજેતરમાં ગેલેક્સી ગાર્ડન ખાતે ચાલતી બાંધકામની સાઈટ ઉપર કરવામાં આવ્યો છે.

આ અંગે વધુ માહિતી આપતા જીનિયસ ગ્રુપનાચેરમેન શ્રી ડી.વી. મહેતા જણાવે છે કે પ્રાથમિક શિક્ષણ આપવાથી બાળકોના સામાજિક અને માનસિક વિકાસ માટે જરુરી આધારભૂત આવશ્યકતાઓ પૂરી થાય છે તથા સમાજમાં યોગ્ય સ્થાન મેળવવા માટે પ્રાથમિક શિક્ષણ સહાયક બને છે. આ ઉમ્મીદ



પ્રોજેક્ટ અંતર્ગત બાંધકામ ક્ષેત્રે કામ કરતા મજદૂરો કે જે અન્ય રાજ્યો અથવા અન્ય પ્રદેશમાંથી આવીને બાંધકામની સાઈટ પર કામ કરતા હોય છે, આવા શ્રમિકોને કોઈ કાયમી રહેઠાણ ન હોવાથી તેમના બાળકોને સરકારી, ગ્રાન્ટેડ કે કોર્પોરેશનની શાળામાં મોટાભાગે શિક્ષણ ઉપલબ્ધ થઈ શકતું નથી. ત્યારે આવા બાળકોને શિક્ષિત કરવાના ઉદ્દેશ્યથી શ્રી વી. એમ. મહેતા ફાઉન્ડેશન દ્વારા હરતી ફરતી બસમાં જ મોડેલ ક્લાસરૂમ બનાવી વિદ્યાર્થીઓને ભણાવવાનું શરૂ કરવામાં આવેલ છે. આ કાર્યક્રમ અંતર્ગત ઉમ્મીદ શિક્ષા રથની બીજી બેચનો શુભારંભ લાડાણી એસોસિએટસ ની જુદી જુદી પાંચ બાંધકામની સાઈટ પર કામ કરતા મજદૂરોના ૩૫ બાળકોના વિદ્યારંભ સાથે કરવામાં આવ્યો છે.

આ બાળકોને યુનિફોર્મ, ટેક્સબુક, નોટબુક, સ્ટેશનરી અને સ્કુલ બેગ જેવી તમામ પ્રાથમિક સુવિધા પણ વી. એમ. મહેતા ફાઉન્ડેશન દ્વારા પૂરી પાડવામાં આવે છે. આગામી દિવસોમાં અન્ય બાંધકામની સાઈડ ઉપર પણ આ પ્રકારના બાળકોને ભણાવવાનું અભિયાન ચાલુ જ રાખવામાં આવશે.

# ૧૯ એપ્રિલ, "વર્લ્ડ લીવર ડે"

દર વર્ષે આરોગ્ય સંબંધિત જાગૃતિ લાવવા તેમજ યકૃત એટલે કે લીવરને લગતા રોગો પ્રત્યેની જાગૃતિ ફેલાવવા માટે ૧૯ એપ્રિલનાં દિવસે "વર્લ્ડ લીવર ડે" ઉજવવામાં આવે છે. મગજ પછી યકૃત એ શરીરનો બીજો સૌથી મોટો અને સૌથી જટિલ અંગ છે. તે પાચનતંત્રનું મુખ્ય અંગ છે. તેનાં વગર પાચનક્રિયા શક્ય બનતી નથી. માણસ જે કંઈ પણ ખાય છે, પીએ છે એ તમામ યકૃતમાંથી પસાર થાય છે, યકૃત વિના માણસ જીવી શકતો નથી. તેની પુરેપુરી કાળજી ન લેવામાં આવે તો શરીરમાં વિવિધ પ્રકારના પ્રશ્નો ઉત્પન્ન થાય છે. જેનાંથી કમળો, ફેટી લીવર જેવા ગંભીર રોગો પણ થાય છે. ફેટી લીવર રોગના બે પ્રકાર છે - આલ્કોહોલિક ફેટી લીવર ડિસીઝ (એએફએલડી) અને નોન-આલ્કોહોલિક ફેટી લીવર ડિસીઝ (એનએએફએલડી). ચરબીયુક્ત



યકૃત રોગ પિત્તાશયને ઝેર દૂર કરવાથી અટકાવે છે અને પિત્ત ઉત્પન્ન કરે છે. વધુ પડતા વજનવાળા/મેદસ્વી વ્યક્તિઓમાં ફેટી લીવર રોગ થવાનું જોખમ વધારે હોય છે. આ બાબતે ખોરાકમાં કાળજી લેવાની અત્યંત આવશ્યકતા હોય છે. ફ્રાઈડ ફુડ્સ, ખૂબ પ્રોસેસ્ડ લોટ, વધુ પડતી ખાંડ કે મીઠું, નોનવેજ ફૂડ વગેરેનાં સેવનથી લીવરના રોગો થવાની અને પાચનતંત્રનાં મહત્વનાં અંગને નુકસાન થવાની શકયતા રહે છે. લીલા શાકભાજી, અખરોટ, છાશ વગેરે ખોરાક લેવાથી આવી કોઈ સમસ્યા થતી નથી. આ ઉપરાંત પંચગવ્યનાં ઉપયોગથી આવા જીવલેણ રોગોને ટાળી શકાય છે. ગાયનું દૂધ અમૃત છે. ગાયનાં છાશ, દહીં, માખણ અને ઘી શ્રેષ્ઠ અને ગુણકારી છે. શ્રેષ્ઠ આહાર છે. ઉત્તામ ઔષધિ છે તેના સેવનથી એટલી દવા અને કેમીકલની આડઅસરો ઘટે છે અને ઉતમ સ્વાસ્થ્યની પ્રાપ્તિ થાય છે. ગૌમૂત્ર તો કેન્સર જેવા રોગો મટાડવા માટે પણ સક્ષમ છે. શરીરનું સ્વાસ્થ્ય જાળવવા માટે ખોરાક એ હંમેશા મહત્વપૂર્ણ ભાગ ભજવે છે.

# રવિવારે પૂ. રણછોડદાસજીબાપુનો ૫૪મો મહાસમાધિ દિવસ : આશ્રમમાં વિવિધ ધાર્મિક કાર્યક્રમો



રાજકોટ: પ.પૂ.શ્રી રણછોડદાસજી બાપુ આશ્રમ રાજકોટ દ્વારા પ.પૂ.શ્રી સદગુરૂદેવ ભગવાન શ્રી રણછોડદાસજીબાપુનાં ૫૪માં મહાસમાધિ દિવસ એટલે કે ચૈત્ર સુદ-૧૩, ૧૯૭૦માં સૂર્યા એપાર્ટમેન્ટ, બ્રિચકેન્ડી હોસ્પિટલની સામે, મુંબઈમાં પ.પૂ. શ્રી સદગુરૂ દેવ ભગવાનશ્રી રણછોડદાસજી બાપુએ આ માનવસૃષ્ટિમાં તેઓએ કરેલા દિવ્ય માનવ સેવાના રાહત કાર્યો તથા માનવધર્મ સ્થાપિત કરીને દિવ્યજયોત રૂપી શરીર છોડીને સૂક્ષ્મ રૂપમાં બિરાજયા એટલે કે ચૈત્ર સુદ-૧૩, ૨૦૨૪માં તેઓનાં મહાસમાધિનાં ૫૪ વર્ષ પૂર્ણ થાય છે. આ ૫૪માં મહાસમાધિ દિવસ એટલે કે ચૈત્ર સુદ-૧૩, ૧૯૭૦ રવિવારનાં ૨.૩૮ મીનીટે શરીર છોડેલ હતું. આ મહાસમાધિ નિમિત્તે તા.૨૧મીના રવિવારે વિવિધ કાર્યક્રમો યોજાશે. જેમાં સવારે ૯ થી ૧૦.૩૦ પરમ પૂજયશ્રી સદગુરૂદેવ ભગવાનશ્રીનું ષોડષોપચાર સમુહ પૂજન, રામરક્ષા સ્ત્રોત, અભિષેક, પ્રાર્થના, સ્વાધ્યાય અંતર્ગત શ્રી રામ સ્તવરાજ પાઠ શ્ર્લોક, સમુહપાઠ તથા એક એક શ્ર્લોક સાથે પુષ્પાંજલી અપાશે. બપોરે ૧૧.૩૦ કલાકે, સારસ્વત બ્રાહ્મણ બ્રહ્મભોજન તથા સંત ભગવાન ભંડારો તથા દક્ષિણા, સદગુરૂ આશ્રમની અંદર, રાજકોટ ખાતે રાખેલ છે. આ ભંડારાનાં દાતા દર્શનભાઈ નંદાણી તથા રીટાબેન નંદાણી તથા પ્રકાશચંદ્ર ધીરજલાલ ઠરારનાં પુત્ર ડો. મોનીલ પી. ઠકરાર સહભાગી થયેલ છે. બપોરે ૧૨ થી ૧.૩૦ સુધી ભોજનરૂપી સદગુરૂ મહાપ્રસાદ (સર્વ ધર્મપ્રેમી ભાઈ-બહેનો માટે પ.પૂ. શ્રી રણછોડદાસજીબાપુ આશ્રમની સામેનું ગ્રાઉન્ડ, આશ્રમ માર્ગ, રાજકોટ ખાતે યોજવામાં આવેલ છે.બપોરે ૨.૪૫ કલાકે પરમ પૂજય શ્રી સદગુરૂદેવ ભગવાનશ્રીનું ચરણ પાદુકા પૂજન થશે. બપોરે ૪ થી ૬ સુંદરકાંડના સમુહ પાઠ, સંગીતમયી શૈલીથી નિજ મંદિર હોલમાં કરવામાં આવશે. તા. ૨૧ના રવિવારે સાંજે ૬ કલાકે નિજમંદિર હોલમાં સંગીતમય શૈલીમાં શ્રી રામચરિતમાનસજીના અખંડ પાઠ થશે. સર્વધર્મપ્રેમી ભાઈ-બહેનો તથા ગુરૂભાઈ-બહેનોને પ.પૂ. શ્રી સદગુરૂદેવ રણછોડદાસજીબાપુનો મહાસમાધિ દિવસનાં યોજાયેલા કાર્યક્રમોમાં પધારવા પ્રવીણભાઈ વસાણીએ અનુરોધ કર્યો છે.

# ગંજીવાડાનો બુટલેગર હિપાલ ઉર્ફે લાખો પાસામાં ધકેલાયો



રાજકોટ:

આગામી લોકસભાની ચૂંટણી અનુસંધાને ભકિતનગર પોલીસે ગંજીવાડાના લીસ્ટેડ બુટલેગર હિપાલ ઉર્ફે લાખાને પાસામાં વડોદરા જેલહવાલે કરવા તજવીજ હાથ ધરી હતી. આગામી લોકસભાની સામાન્ય ચૂંટણીમાં કોઈ અનિચ્છનીય બનાવ ન બને અને દારૂની બદી નાબુદ થાય તે માટે પોલીસ કમિશ્નર રાજુ ભાર્ગવે આપેલ સુચનાથી ભકિતનગર પોલીસ મથકના પીઆઈ એમ.એમ.સરવૈયા અને ટીમે દારૂના અનેક ગુનામાં સંડોવાયેલા હિપાલ ઉર્ફે લાખો દેવજી ગોહેલ (ઉ.વ.૩૫, રહે. ગંજીવાડા મેઈન રોડ, પીટીસી ગ્રાઉન્ડ પાસે શેરી નં.૨૬)ની વિરૂધ્ધ પાસા દરખાસ્ત કરી પોલીસ કમિશ્નરને મોકલતા તેઓએ પાસા દરખાસ્ત મંજૂર કરી આરોપીને વડોદરા મધ્યસ્થ જેલમાં ધકેલવાનો આદેશ કરતા પોલીસે આરોપીની ધરપકડ કરી જેલહવાલે કરવા તજવીજ હાથ ધરી હતી.

સૌરાષ્ટ્ર આસપાસ
Owner: Leela News Network Private Limited, Printer & Publisher Komalkant Fakirchand Sharma , on behalf of Leela News Network Private Limited. Printed at 1/6 Ghanchivad , Near Jilla Garden, Rajkot. Published at 7th Floor Pramukh Swami Arcade, Malaviya Chowk, Rajkot. Editor: Rajesh Kiritbhai Dave (Responsible for News editing as per PRB ACT)

સૌરાષ્ટ્ર આસપાસ

# મજૂરોની આર્થિક સ્થિતિમાં ખાસ સુધારો થતો નથી

ભારતનું અર્થતંત્ર ઝડપથી રહ્યું છે મેક ઇન ઇન્ડિયાના કોન્સેપ્ટ દ્વારા ભારતનો ઔદ્યોગિક ઉત્પાદન વધી રહ્યું છે પરંતુ નાના અને મધ્યમ કક્ષાના ઉદ્યોગોમાં કામ કરતાં કામદારોની સ્થિતિમાં જાજો સુધારો થતો નથી. આ દેશમાં ૭૦% મજૂરો એવી રીતે કામ કરે છે કે જેને મજૂરોના લાભદાયક કાયદાઓ લાગુ પાડવામાં આવતા નથી તેને ઓછું વેતન મળે છે

કામદારોની વિશાળ બહુમતીને મજૂર કાયદાઓનું કોઈ ખાસ લાભ મળતો નથી તેથી મજૂર કાયદાનો અમલ મુલતવી રાખતા ત્રણ રાજ્યોના વટ હુકમ સામે કામદાર સંઘનો પ્રબળ વિરોધ થયો નહીં

લોક ડાઉન વખતે સ્થળાંતરિત મજૂરોનો પ્રશ્ન ઊભો થયો ત્યારે કેટલા તજજ્ઞોને યાદ આવ્યું હતું કે દેશમાં સ્થળાંતરિત કામદારોને સ્પર્શતો એક કાયદો પણ છે. વધારે અગત્યની હકીકત એ છે કે દેશમાં વેતન મેળવતા કામદારોના ૭૦ ટકા કાનૂની કરાર વગર જ નોકરી કરી રહ્યા છે. મતલબ કે તેઓ મજૂરકાયદાઓનો લાભ લઈ શકે તેમ નથી. તેમના માટે મજૂરકાયદાઓ પોથીમાંનાં રીંગણ છે

કામદારોની વિશાળ બહુમતીને મજૂરકાયદાઓનો કોઈ લાભ મળતો જ નથી. તેથી મજૂરકાયદાનો અમલ મુલત્વી રાખતાં ત્રણ રાજ્યોના વટહુકમો સામે કામદાર સંઘોનો પ્રબળ વિરોધ થયો નહિ.

માલિકો કામદારોને એમની મરજી પ્રમાણે છૂટા કરી શકતા નથી તે મજૂરકાયદાની એક જોગવાઈ બજારવાદી અર્થશાસ્ત્રીઓને વાંધાજનક લાગી છે. આ જોગવાઈ મજૂરસંખ્યાની દૃષ્ટિએ મોટા એકમોને લાગુ પડતી હોઈ દેશમાં ઉદ્યોગપતિઓ મોટા ઔદ્યોગિક એકમો સ્થાપવાથી દૂર રહે છે, એવી તેમની દલીલ છે. તેથી દેશના ઔદ્યોગિક માળખામાં નાના ઔદ્યોગિક એકમોનું પ્રાચુર્ય છે. ભારત દુનિયાના નિકાસબજારનો લાભ થઈ શકતું નથી, તેના મૂળમાં ભારતનું આ ઔદ્યોગિક માળખું છે. નાના પાયા પર ઉત્પાદન કરતા એકમોની કાર્યક્ષમતા, મોટા પાયા પર ઉત્પાદન કરતા એકમોની તુલનામાં ઓછી હોવાથી તેઓ આંતરરાષ્ટ્રીય સ્પર્ધામાં ટકી શકતા નથી. ભારતે જો વિવિધ ઔદ્યોગિક ચીજોના વિશ્વબજારનો લાભ લઈને ઝડપી ઔદ્યોગિક વિકાસ કરવો હોય તો તેણે મોટા ઔદ્યોગિક એકમોને ઉત્તેજન આપવું જોઈએ. એ દૃષ્ટિએ મજૂરકાયદાની જે જોગવાઈઓ મોટા એકમો માટે પ્રતિકૂળ હોય તે દૂર કરવી જોઈએ.

ભારતમાં મોટા ઔદ્યોગિક એકમોના વિસ્તરણ સામેનો મુખ્ય અવરોધ મજૂરકાયદાઓમાં રહેલો છે. આ દલીલને તપાસવાની જરૂર છે. ભારતમાં નાના પાયાના ઉત્પાદન એકમોનું પ્રાચુર્ય દેશમાં નિયોજન-પ્રતિભા (ટેલેન્ટ)ની લાક્ષણિકતાનું દ્યોતક છે કે કેમ તે તપાસવાની જરૂર છે. આમાં આપણી સાંસ્કૃતિક પરંપરા કેટલે અંશે જવાબદાર છે તે પણ તપાસવાની જરૂર છે. આપણે ઈનોવેટિવ નિયોજકો અપવાદરૂપે મેળવી શક્યા છીએ. ચીનના નિયોજકો ભારતમાં પતંગ માટેની દોરી અને ગણપતિની મૂર્તિઓ માટેનું બજાર શોધી શકે, એવી શોધક પ્રતિભા આપણે પેદા કરી શક્યા નથી. આપણે ચીનની તુલનામાં બજારના માધ્યમનો ઉપયોગ કરીને ઘણું ઓછું હાંસલ કરી શક્યા છીએ તે અંગે ઉદ્યોગ સાહસિક કોઈએ તથા વ્યાપાર ઉદ્યોગની સંસ્થાઓએ વિચારવું જરૂરી છે દેશમાં ઔદ્યોગિક મૂડીરોકાણોને ઉત્તેજન આપવા માટે અને તેના એક ભાગરૂપે વિદેશી કંપનીઓને દેશમાં આકર્ષવા માટે મજૂરકાયદાઓ સુધારવા જરૂરી છે, એવી હિમાયત બજારવાદી અર્થશાસ્ત્રીઓ કરતા આવ્યા છે.



## ફ્રાઈડે ફોટો સ્ટોરી

-જયદીપ એન. ઠાકર

# શહેરી ભાગદોડ વચ્ચે શાંતિનું સરનામું રવેચીધામ

ભાવનગરના એરપોર્ટ રોડ ઉપર આવેલ ભક્તિ અને પ્રકૃતિના સમન્વય સમાન રળિયામણું સ્થળ રવેચીધામ પ્રાકૃતિક સૌંદર્યની નવી ઊર્જા સાથે શાંતિનું સરનામું બની રહે છે. અહીંના પક્ષી-જગતનું સાનિધ્ય શહેરી ભાગદોડને વિસરાવી દઈ પ્રાકૃતિક પ્રસન્નતાનો અહેસાસ કરાવે છે, શહેરના કોલાહલ વચ્ચે માનસપટ પર શાંત સ્પંદનો પ્રગટાવે છે. અહીં અનુભવેલી પક્ષીઓની ચહલ પહલ, મુક્ત સ્વૈરવિહાર લોકો માટે અનોખી સ્મરણ સંપદા બની રહે છે.

# ફેરનેસ ક્રિમને કારણે ભારતમાં કિડનીની સમસ્યાઓ વધી રહી છે !

## ક્રિમમાં પારાની વધુ માત્રા કિડનીના નુકસાન માટે જવાબદાર- સર્વેમાં ખુલાસો



ભારતીય લોકોને ગોરી ત્વચાનું વળગણ છે. લોકો ત્વચાને ચમકદાર બનાવવા માટે વિવિધ પ્રકારની ફેરનેસ ક્રિમનો ઉપયોગ કરે છે, તેથી ભારતમાં ત્વચાને ગોરી કરવા માટેનીફેરનેસ ક્રિમનું વિશાળ બજાર છે . જો કે, આ ક્રિમમાં પારાની વધુ માત્રા કિડનીના નુકસાન માટે જવાબદાર છે.

એક નવા અભ્યાસ મુજબ સ્કિન ફેરનેસ ક્રીમનો ઉપયોગ ભારતમાં કિડનીની સમસ્યાઓમાં વધારો કરી રહ્યો છે. મેડિકલ જર્નલ કિડની ઈન્ટરનેશનલમાં પ્રકાશિત થયેલા એક અભ્યાસમાં જાણવા મળ્યું છે કે ભારે પારો ધરાવતી ફેરનેસ ક્રીમના વધુ પડતા ઉપયોગથી મેમ્બ્રેન નેફ્રોપથી (સ્ દ્ગ) ના કેસ વધી રહ્યા છે, જે કિડનીની ગાળણ પ્રક્રિયાને નુકસાન પહોંચાડે છે અને પ્રોટીન લિકેજનું કારણ બને છે. મેમ્બ્રેન નેફ્રોપથી (સ્ દ્ગ) એક કિડની ડિસઓર્ડર છે જે કિડનીની ગાળણ પ્રક્રિયાને પાયમાલ કરી નાખે છે, જેના કારણે શરીર પેશાબમાં ખૂબ પ્રોટીન ઉત્સર્જન કરે છે. સંશોધકોએ કહ્યું છે કે આવા ઉત્પાદનોના ઉપયોગના જોખમો વિશે જનજાગૃતિ ફેલાવવી અને આ જોખમને રોકવા માટે આરોગ્ય અધિકારીઓને ચેતવણી આપવી જરૂરી છે.

અભ્યાસમાં સંશોધકોએ જણાવ્યું હતું કેફેરનેસ ક્રિમ ભારતની બેરોકટોક બજારોમાં વ્યાપકપણે ઉપલબ્ધ છે. આ ક્રીમ તમને ઝડપથી ગોરા કરવાની ખાતરી આપે છે, પણ તમારે એની ભારે કિંમત ચૂકવવી પડે છે, કારણ કે એક વાર તમે આ ક્રીમના વ્યસની થઈ જાવ અને પછી તેનો ઉપયોગ બંધ કરવાથી ત્વચાનો રંગ વધુ ઘેરો બની શકે છે. ફેરનેસ ક્રીમમાં પારો હોય છે જે અત્યંત ઝેરી માનવામાં આવે છે. લિપસ્ટિકમાં પણ ક્રોમિયમ હોય છે, જે કાર્સિનોજેનિક છે.

સેન્ટર ફોર સાયન્સ એન્ડ એન્વાયર્નમેન્ટ (ઝ્રજીઈ)ની પોલ્યુશન મોનિટરિંગ લેબ (ૅસ્ન) એ જણાવ્યું હતું કે ભારતમાં કોસ્મેટિક્સમાં પારાના ઉપયોગ પર પ્રતિબંધ છે. છતાં પણ પરીક્ષણ કરાયેલ ૪૪ ટકા ફેરનેસ ક્રિમમાં પારો જોવા મળ્યો હતો. લિપસ્ટિકના ૫૦ ટકા સેમ્પલમાં ક્રોમિયમ અને ૪૩ ટકામાં નિકલ મળી આવ્યું હતું. સંશોધકોએ જણાવ્યું હતું કે લોકોને જોખમથી બચાવવા માટે આવા ફેરનેસ ક્રિમપર તાત્કાલિક પ્રતિબંધ મૂકવો જોઈએ.

# હવે AI તમારા મૃત્યુની આગાહી પણ કરશે?

## ડેનમાર્કના વૈજ્ઞાનિકો Life2Wake નામના પ્રોજેક્ટ પર કામ કરી રહ્યા છે

**વિશેષ**

છેલ્લાં કેટલાક સમયથી ટેક્નો વર્લ્ડમાં Artificial Intelligence (AI)ની બોલબાલા છે. AIના આવ્યા બાદ ઘણા બધા કામ સરળ થઈ ગયા છે. પરંતુ શું છૈં હવે તમારા મૃત્યુની ભવિષ્યવાણી પણ કરશે? દુનિયામાં જે પણ આવ્યું છે તેનું મૃત્યુ નિશ્ચિત છે પણ એ મૃત્યુ ક્યારે આવશે અને કઈ રીતે આવશે એની કોઈને જાણ નથી. પણ હાલમાં છૈંનો જમાનો છે અને આ જ ટેક્નોલોજીની મદદથી તમે તમારા મૃત્યુની તારીખ અને સમયની આગાહી કરી શકાશે.

સામાન્યપણે આપણે ભવિષ્ય જાણવા કે આપણા મૃત્યુ વિષેના સવાલોના જવાબ મેળવવા માટે જ્યોતિષિઓ પાસે જઈએ છીએ. પણ તેઓ પણ ક્યાંકને ક્યાંક ક્યારેક થાપ થાઈ જાય છે. આવી પરિસ્થિતિમાં હવે ડેનમાર્કના વૈજ્ઞાનિકો AI ટેક્નોલોજીનો ઉપયોગ કરીને એ તમારું મૃત્યુ ક્યારે થશે એ અંગેની આગાહી કરશે. આ વૈજ્ઞાનિકો Life2vec નામના એક મહત્વાકાંક્ષી પ્રોજેક્ટ પર કામ કરી રહ્યા છ અને એમાં તેઓ ૭૫%ની એક્યુરસી સાથે સચોટ આગાહી કરી શકે છે કે કોઈ વ્યક્તિ ચાર વર્ષમાં મૃત્યુ પામશે કે કેમ?

તમારા મૃત્યુની આગાહી કરવા માટે આ AI મોડલ તમારી આવક, તમારું પ્રોફેશન શું છે, તમે ક્યાં રહો છો અને તમારા આરોગ્યની માહિતી જેવી બેઈઝિક ઈન્ફોર્મેશનનો ઉપયોગ કરે છે. આ માહિતીના આધારે તે એક અલ્ગોરિધમ બનાવે છે જે ૭૮ ટકા જેટલું સચોટ હોવાની અપેક્ષા વ્યક્ત કરાઈ રહી છે. આનો અર્થ એવો થયો કે હવ AI એટલું આગળ વધી ગયું છે કે જે તમારા મૃત્યુની આગાહી પણ કરી શકશે.

આ પ્રોજેક્ટ હેઠળ વૈજ્ઞાનિકો એ જાણવાનો કે બતાવવાનો પ્રયત્ન કરી રહ્યા છે કે ટેકનોલોજી કેટલી અદ્ભૂત છે, પરંતુ એની સાથે સાથે તેનાથી ઊભા થતાં જોખમો વિશે ચેતવણી પણ વૈજ્ઞાનિકોએ ઉચ્ચારી હતી. આ પ્રોજેક્ટની મદદથી વૈજ્ઞાનિકો એ જાણવાનો પણ પ્રયાસ કરી રહ્યા છે કે તેઓ કોઈ વ્યક્તિની હેલ્થ કે સોશિયલ લાઈફ સંબંધિત ઘટનાઓની આગાહી કરવા સક્ષમ છે કે નહીં.

# ગ્રીન હાઈડ્રોજનની બોલબાલા થશે

## હાઈડ્રોજન વાયુને કોઈ રંગ હોતો નથી આમ છતાં ગ્રીન હાઈડ્રોજન ઉત્પાદન થાય છે ! સાયન્સના કોઈપણ વિદ્યાર્થીને પૂછો તો કહેશે કે હાઈડ્રોજન વાયુને કોઈ રંગ હોતો નથી!




**આસપાસ ચોપાસ** — સુરેશ ભટ્ટ

પેટ્રોલ ડીઝલનો જમાનો ખતમ થશે અને ગ્રીન હાઈડ્રોજન થી તમામ વાહનો ચાલે તે દિવસો હવે દૂર નથી હાઈડ્રોજન ને કોઈ રંગ નથી તે રંગ અને ગંધ વગરનો સૌથી હલકો વાયુ છે અને તે ધડાકા સાથે સળગે છે આમ છતાં તેનો વ્યાપક ઉપયોગ નજીકના ભવિષ્યમાં થવાનો જ છે

ગ્રીન હાઈડ્રોજન ને રિન્યુએબલ હાઇડ્રોજન પણ કહેવાય છે, લીલો હાઇડ્રોજન પાણીના વિદ્યુત વિચ્છેદન દ્વારા મેળવવામાં આવે છે. સૌથી નિર્ણાયક બાબત એ છે કે આ પ્રક્રિયા સંપૂર્ણપણે નવીનીકરણીય ઉર્જા દ્વારા સંચાલિત છે, તેથી તે વાતાવરણમાં કોઈ પ્રદૂષિત ઉત્સર્જન ઉત્પન્ન કરતી નથી અને તે સૌથી સ્વચ્છ અને ટકાઉ હાઇડ્રોજન છે.

રિન્યુએબલ હાઇડ્રોજન પણ કહેવાય છે, લીલો હાઇડ્રોજન પાણીના વિદ્યુત વિચ્છેદન દ્વારા મેળવવામાં આવે છે. સૌથી નિર્ણાયક બાબત એ છે કે આ પ્રક્રિયા સંપૂર્ણપણે નવીનીકરણીય ઉર્જા દ્વારા સંચાલિત છે, તેથી તે વાતાવરણમાં કોઈ પ્રદૂષિત ઉત્સર્જન ઉત્પન્ન કરતી નથી અને તે સૌથી સ્વચ્છ અને ટકાઉ હાઇડ્રોજન છે.

રિન્યુએબલ હાઇડ્રોજન પણ કહેવાય છે, લીલો હાઇડ્રોજન પાણીના વિદ્યુત વિચ્છેદન દ્વારા મેળવવામાં આવે છે. સૌથી નિર્ણાયક બાબત એ છે કે આ પ્રક્રિયા સંપૂર્ણપણે નવીનીકરણીય ઉર્જા દ્વારા સંચાલિત છે, તેથી તે વાતાવરણમાં કોઈ પ્રદૂષિત ઉત્સર્જન ઉત્પન્ન કરતી નથી અને તે સૌથી સ્વચ્છ અને ટકાઉ હાઇડ્રોજન છે.

એક્તરફ ભારતે વીતેલી સિઝનમાં પેટ્રોલમાં ૧૨ ટકા ઇથેનોલ વાપરવાનાં લક્ષ્યાંક્ને સિધ્ધ કર્યું છે ત્યાં જ હવે પાણીપતમાં ઇન્ડિયન ઓઇલ દ્વારા ૧૦ કેટીએ (૮૦ મેગા વોટ) ક્ષમતા ધરાવતો પ્લાન્ટ કાર્યરત થઈ રહ્યો હોવાથી દેશમાં એનર્જી સેક્ટરમાં ક્રાંતિ જોવા મળશે. ભારતમાં આ અત્યાર સુધીનું પ્રથમ સાહસ છે. જેના કારણે હવે મેઈક ઈન ઈન્ડિયા રેફ્રન્સ ફ્યુલનો યુગ શરૂ થશે. ગ્રીન હાઇડ્રોજનનાં ઉત્પાદનથી ભારતની કૂડતેલની આયાતમાં પણ ઘટાડો જોવા મળશે. સરકાર આ સિદ્ધીને આત્મનિર્ભર ભારતની દિશામાં હરણફાળ ગણે છે. ભારતની ઇન્ડિયન ઓઇલ કંપનીનાં સંશોધકોએ તૈયાર કરેલું આ ફ્યુલ આંતરરાષ્ટ્રિય માપદંડો ધરાવે છે. અને વિશ્વમાં અમુક દેશો જ આ પ્રકારનો ગ્રીન હાઈડ્રોજન બનાવી શકે છે.

કેન્દ્ર સરકારના પેટ્રોલિયમ અને કુદરતી ગેસ મંત્રાલયે હાલમાં દેશની એનર્જી સુરક્ષા માટે બહુહેતુક વ્યૂહરચના અમલમાં મુકી છે. જેમાં ભારતને ૨૦૪૭ સુધીમાં એનર્જી ક્ષેત્રે સ્વાવલંબી બનાવવાનું લક્ષ્યાંક છે. આ વ્યુહરચનામાં એનજીના પુરવઠાના સ્ત્રોત બદલવા, સ્થાનિક સ્તરે એનર્જીનું ઉત્પાદન વધારવું, અનર્જીના નવા વિકલ્પો ઉભા કરવા તથા ગેસ, ગ્રીન હાઈડ્રોજન તથા ઈવી જેવા માધ્યમોથી દેશમાં પેટ્રોલ ખ્વત્ત અને ક્રૂડતેલનો વપરાશ ઘટાડવા જેવા મુદ્દાઓનો સમાવેશ થાય છે. તાજેતરમાં દિલ્હીમાં શરૂ કરાયેલી ગ્રીન હાઈડ્રોજન બસ સેવાનો ઉલ્લેખ

ગ્રીન હાઇડ્રોજન: એક વિકલ્પ જે ઉત્સર્જન ઘટાડે છે અને આપણા ગ્રહની સંભાળ રાખે છે

ગ્રહનું ડીકાર્બોનાઇઝિંગ એ ૨૦૫૦ માટે વિશ્વભરના દેશોએ નિર્ધારિત કરેલા ધ્યેયોમાંનું એક છે. આ હાંસલ કરવા માટે, હાઇડ્રોજન જેવા તત્વના ઉત્પાદનને ડીકાર્બોનાઇઝ કરવું, ગ્રીન હાઇડ્રોજનને જન્મ આપવો, તે ચાવીઓમાંની એક છે કારણ કે આ હાલમાં કરતાં વધુ માટે જવાબદાર છે. કુલ વૈશ્વિક ઝ્રંર ઉત્સર્જનનો ૨%. આ કેવી રીતે પ્રાપ્ત થાય છે અને આગામી દાયકાઓમાં તેની શું અસર થશે તે શોધો.

એક્તરફ ભારતે વીતેલી સિઝનમાં પેટ્રોલમાં ૧૨ ટકા ઇથેનોલ વાપરવાનાં લક્ષ્યાંક્ને સિધ્ધ કર્યું છે ત્યાં જ હવે પાણીપતમાં ઇન્ડિયન ઓઇલ દ્વારા ૧૦ કેટીએ (૮૦ મેગા વોટ) ક્ષમતા ધરાવતો પ્લાન્ટ કાર્યરત થઈ રહ્યો હોવાથી દેશમાં એનર્જી સેક્ટરમાં ક્રાંતિ જોવા મળશે. ભારતમાં આ અત્યાર સુધીનું પ્રથમ સાહસ છે. જેના કારણે હવે મેઈક ઈન ઈન્ડિયા રેફરન્સ ફ્યુલનો યુગ શરૂ થશે. ગ્રીન હાઇડ્રોજનનાં ઉત્પાદનથી ભારતની કૂડતેલની આયાતમાં પણ ઘટાડો જોવા મળશે. સરકાર આ સિદ્ધીને આત્મનિર્ભર ભારતની દિશામાં હરણફાળ ગણે છે. ભારતની ઇન્ડિયન ઓઇલ કંપનીનાં સંશોધકોએ તૈયાર કરેલું આ ફ્યુલ આંતરરાષ્ટ્રિય માપદંડો ધરાવે છે. અને વિશ્વમાં અમુક દેશો જ આ પ્રકારનો ગ્રીન હાઈડ્રોજન બનાવી શકે છે.

કેન્દ્ર સરકારના પેટ્રોલિયમ અને કુદરતી ગેસ મંત્રાલયે હાલમાં દેશની એનર્જી સુરક્ષા માટે બહુહેતુક વ્યૂહરચના અમલમાં મુકી છે. જેમાં ભારતને ૨૦૪૭ સુધીમાં એનર્જી ક્ષેત્રે સ્વાવલંબી બનાવવાનું લક્ષ્યાંક છે. આ વ્યુહરચનામાં એનજીના પુરવઠાના સ્ત્રોત બદલવા, સ્થાનિક સ્તરે એનર્જીનું ઉત્પાદન વધારવું, અનર્જીના નવા વિકલ્પો ઉભા કરવા તથા ગેસ, ગ્રીન હાઈડ્રોજન તથા ઈવી જેવા માધ્યમોથી દેશમાં પેટ્રોલ ખ્વત્ત અને ક્રૂડતેલનો વપરાશ ઘટાડવા જેવા મુદ્દાઓનો સમાવેશ થાય છે. તાજેતરમાં દિલ્હીમાં શરૂ કરાયેલી ગ્રીન હાઈડ્રોજન બસ સેવાનો ઉલ્લેખ આનો પુરાવો છે ટૂંકમાં હવે નજીકના ભવિષ્યમાં પેટ્રોલ ડીઝલનો વપરાશ ધીમે ધીમે ઘટતો જશે અને ગ્રીન હાઈડ્રોજન નો ઉપયોગ વધતો જશે આમ આપણો દેશ ઉર્જા ક્ષેત્રે આત્મ નિર્ભળ બનશે.

# ટી ૨૦ વર્લ્ડ કપમાં રોહિત-કોહલીની ઓપનિંગ, યશસ્વી-ગિલનું પત્તું કપાશે?



## દુબે-પરાગને લઈને પણ ચર્ચા થઈ હતી, શિવમ, રિયાન પણ વિવાદમાં

મુંબઈ

આઈપીએલ ૨૦૨૪ પછી, ટી ૨૦ વર્લ્ડ કપ વેસ્ટ ઈન્ડિઝ અને યુએસએ વચ્ચે કો-હોસ્ટિંગમાં રમાશે. આ અંગે ચર્ચાઓનું બજાર ગરમ બની રહ્યું છે. હાલમાં જ એક અહેવાલ સામે આવ્યો હતો કે થોડા દિવસો પહેલા ભારતીય ટીમના મુખ્ય કોચ રાહુલ દ્રવિડ, મુખ્ય પસંદગીકાર અજીત અગરકર અને કેપ્ટન રોહિત શર્માએ ટી ૨૦ વર્લ્ડ કપ ટીમની પસંદગીને લઈને બેઠક કરી હતી. સંભવિત ટીમની પસંદગીની તારીખ જેમ જેમ નજીક આવી રહી છે તેમ તેમ આ બેઠકને લગતા અહેવાલો પણ બહાર આવવા લાગ્યા છે. કેટલાક રિપોર્ટ્સમાં એવો દાવો કરવામાં આવી રહ્યો છે કે પસંદગીકારો રોહિત શર્માની સાથે વિરાટ કોહલીને પણ ઓપન કરવા પર વિચાર કરી રહ્યા છે.અહેવાલો અનુસાર, અગરકરની આગેવાની હેઠળની પસંદગી સમિતિ કોહલીને ઓપનર તરીકે ટીમમાં સામેલ કરવા માંગે છે.

# મુંબઈ ઈન્ડિયન્સએ પંજાબ કિંગ્સને ૯ રનથી હરાવ્યું

## આશુતોષ શર્માની લડાયક ફિફ્ટી કામ ન આવી, બુમરાહ અને કોત્ઝીને ૩-૩ વિકેટ

મુંબઈ

મુંબઈ ઈન્ડિયન્સએ ઈન્ડિયન પ્રીમિયર લીગ૨૦૨૪માં તેમની ત્રીજી જીત નોંધાવી છે. ટીમે વર્તમાન સિઝનની ૩૩મી મેચમાં પંજાબ કિંગ્સ ને ૯ રનથી હરાવ્યું હતું.

મુલ્લાનપુરમાં ગુરુવારે પંજાબે ટૉસ જીતીને બોલિંગ પસંદ કરી હતી. પ્રથમ બેટિંગ કરતા મુંબઈએ ૨૦ ઓવરમાં ૭ વિકેટે ૧૯૨ રન બનાવ્યા હતા. જવાબમાં પંજાબ કિંગ્સની ટીમ ૧૯.૧ ઓવરમાં ૧૮૩ રનમાં ઓલઆઉટ થઈ ગઈ હતી. સૂર્યકુમાર યાદવે ૫૩ બોલમાં ૭૮ રનની અડધી સદીની ઈનિંગ રમી હતી. રોહિત શર્માએ ૩૬ રન અને તિલક વર્માએ અણનમ ૩૪ રન બનાવ્યા હતા. હર્ષલ પટેલે ૩ જ્યારે કેપ્ટન સેમ કરને ૨ વિકેટ ઝડપી હતી. કાગીસો રબાડાને એક વિકેટ મળી હતી. PBKS તરફથી આશુતોષ શર્માએ ૨૮ બોલમાં ૬૧ રન બનાવ્યા હતા જ્યારે શશાંક સિંહે ૨૫ બોલમાં ૪૧ રનનું યોગદાન આપ્યું હતું.

# ક્રિકેટમાં શ્રેયસને બેવડો ફટકો, BCCIએ તેના પર ૧૨ લાખ રૂપિયાનો દંડ લગાવ્યો

મુંબઈ,

આઈપીએલ ૨૦૨૪માં ૩૧મી મેચ કોલકાતા નાઈટ રાઈડર્સ અને રાજસ્થાન રોયલ્સ વચ્ચે રમાઈ હતી. આ મેચમાં કોલકાતા નાઈટ રાઈઝર્સ ટીમને હારનો સામનો કરવો પડ્યો હતો. આ મેચમાં તેની ટીમ ૨૨૩ રન બનાવ્યા બાદ પણ હારી ગઈ હતી.કેકેઆરના કેપ્ટન શ્રેયસ અય્યર માટે આ હાર પચાવવી ખૂબ જ મુશ્કેલ હતી, આ દરમિયાન બીસીસીઆઈએ તેને વધુ એક મોટો ઝટકો આપ્યો છે. જેના કારણે તેને બેવડું નુકસાન વેઠવું પડે છે.

કોલકાતાના ઈડન ગાર્ડન્સમાં રમાયેલી આ મેચ બાદ બીસીસીઆઈએ તેના પર ૧૨ લાખ રૂપિયાનો દંડ લગાવ્યો છે. કોલકાતા નાઈટ રાઈડર્સના કેપ્ટન શ્રેયસ અય્યરને મંગળવારે ઈડન ગાર્ડન્સ ખાતે રાજસ્થાન રોયલ્સ સામેની ઈન્ડિયન પ્રીમિયર લીગ ૨૦૨૪ની મેચ દરમિયાન ધીમી ઓવર રેટ જાળવવા બદલ તેની ટીમને ભારે દંડ ફટકારવામાં આવ્યો છે. ન્યૂનતમ ઓવર રેટના ગુનાઓ સંબંધિત આઈપીએલ આચાર સંહિતાનો ભંગ કરવા બદલ અય્યરને ૧૨ લાખ રૂપિયાનો દંડ ફટકારવામાં આવ્યો છે.



# પ્રતિક ગાંધી હંસલ મહેતાની સીરિઝ ગાંધીમાં મહાત્મા ગાંધીની ભૂમિકા નિભાવતો જોવા મળશે

મુંબઈ,

અનેક એવી ફિલ્મો હશે. જેમાં બોલિવુડનું રિયલ કપલ રીલ લાઈફમાં પતિ -પત્નીની ભુમિકામાં સાથે જોવા મળ્યા હોય અને આ ફિલ્મ હિટ પણ ગઈ હોય. ત્યારે ગુજરાતી સિનેમાનું એક કપલ એટલે પ્રતિક ગાંધી અને ભામિની ઓઝા બંન્ને સાથે વેબ સિરીઝમાં સાથે જોવા મળશે. અભિનેતા પ્રતિક ગાંધી હાલમાં ખુબ ચર્ચામાં છે. તેની ફિલ્મ દો ઔર દો પ્યાર રિલીઝ માટે તૈયાર છે. આ ફિલ્મમાં પ્રતિક ગાંધી બોલિવુડ અભિનેત્રી વિદ્યા બાલન સાથે જોવા મળશે. આ સિવાય પ્રતિક ગાંધી ટુંક સમયમાં આવનારી હંસલ મહેતાની સીરિઝ ગાંધીમાં મહાત્મા ગાંધીની ભૂમિકા નિભાવતો જોવા મળશે. સીરિઝ "ગાંધી"માં વધુ એક ખાસ વાત છે પ્રતિક ગાંધી આ સિરીઝમાં તેમની પત્ની ભામિની ઓઝાની સાથે પહેલી વખત 'ગાંધી'માં સ્ક્રીન શેર કરશે. પ્રતિક ગાંધી અને ભામિની ઓઝા રિયલ લાઈફમાં પતિ - પત્ની છે. હંસલ મહેતાની સીરિઝ 'ગાંધી'માં ભામિની કસ્તુરબાની ભુમિકામાં જોવા મળશે. ભામિનીએ આ વિષય પર વાત કરતા કહ્યું કે, મારા માટે આ કોઈ સપનાથી ઓછું નથી. મારું સપનું સાચુ થઈ રહ્યું છે. હું અને પ્રતિક એક સાથે એક સીરિઝમાં અને એ પણ પતિ-પત્નીની ભૂમિકા નિભાવશું. તમને જણાવી દઈએ કે, પ્રતિક ગાંધી એક ગુજરાતી અભિનેતા છે પરંતુ તેમણે ખુબ ઓછા સમયમાં બોલિવુડમાં મોટું નામ કમાયું છે. જીષ્ઠદ્ધ ૧૯૯૨થી પ્રતિક ગાંધી ખુબ ફેમસ થયો હતો. ત્યારબાદ એક બાદ એક બોલિવુડની હિટ ફિલ્મો તેમજ સિરીઝ આપી રહ્યો છે. આ પહેલા કપલ એક શોર્ટ ફિલ્મમાં સાથે કામ કરી ચૂક્યા છે.

# CIFDAQ ભારતમાં લોન્ચ કરે છે ગ્રાઉન્ડ બ્રેકિંગ બ્લોકચેન ઈકોસિસ્ટમ

## કંપની બ્લોકચેન લેયર ૧, મૂળ કોઈન, વિનિમય સેવાઓ, MPC વૉલેટ, DeFi, NFT, ગેમિંગમાં ફેલાયેલા સંકલિત ઉકેલો અને અન્ય ઉત્પાદનો પ્રદાન કરે છે

મુંબઈ

CIFDAQ - AI દ્વારા સંચાલિત નવીન બ્લોકચેન ઈકોસિસ્ટમનું ઉત્ક્રાંતિ, એ એક નવા યુગની ફિનટેક કંપની છે જે બ્લોકચેન લેયર ૧, મૂળ કોઈન, વિનિમય સેવાઓ, MPC વૉલેટ, DeFi, NFT, ગેમિંગમાં ફેલાયેલા સંકલિત ઉકેલો અને અન્ય ઉત્પાદનો પ્રદાન કરે છે. ભારતમાં તેની કામગીરી શરૂ કરવાની જાહેરાત કરી છે.

CIFDAQ ના નવીન સોલ્યુશન્સ પરંપરાગત ફ્રેમવર્ક અને બ્લોકચેન ટેક્નોલોજી વચ્ચેના અંતરને દૂર કરે છે, ઝડપથી વિકસતા વેબ ૩.૦ લેન્ડસ્કેપમાં વિકાસ માટે વ્યવસાયોને સશક્ત બનાવે છે, કેન્દ્રિય સરકાર, વિકેન્દ્રિત અર્થતંત્ર અને વપરાશકર્તાઓના હિતો વચ્ચે સંતુલન સુનિશ્ચિત કરે છે, CIFDAQ પારદર્શિતા, સુરક્ષા, માપનીયતા અને સિનિયરને કેન્દ્રિય અર્થતંત્રો સાથે પ્રાથમિકતા આપે છે. CIFDAQ બ્લોકચેન ઈકોસિસ્ટમ ઈન્ડ લિમિટેડ હવે ભારતમાં સત્તાવાર રીતે નોંધાયેલ છે અને તેનું મુખ્ય મથક મુંબઈમાં છે, જેમાં વધારાની ઓફિસો વ્યૂહાત્મક રીતે દિલ્હી, બેંગલુરુ અને કોલકાતામાં સ્થિત છે. ભારતીય બજારમાં તેનું પદાર્પણ બ્લોકચેન લેન્ડસ્કેપને આગળ વધારવાની તેની પ્રતિબદ્ધતાને દર્શાવે છે. આ પ્રસંગે CIFDAQ ના સ્થાપક અને અધ્યક્ષ હિમાંશુ મરાડિયાએ ભારતમાં CIFDAQના પ્રવેશ માટે તેમનો ઉત્સાહ વ્યક્ત કરતા કહે છે કે, "અમે CIFDAQ ની સફરના આ નવા પ્રકરણની શરૂઆત કરવા માટે રોમાંચિત છીએ કારણ કે અમે ગતિશીલ અને ગતિશીલ ભારતીય બજારમાં પગ મૂક્યો છે. અમારા નવીન ઉકેલો તૈયાર છે. ભારતના બ્લોકચેન અને ડિજિટલ ફાઈનાન્સ ઈકો સિસ્ટમમાં હાજર અનોખા પડકારો અને તકોને સંબોધવા અમારું લક્ષ્ય વિવિધ ક્ષેત્રોમાં વૃદ્ધિ અને નવીનતા વધારવા, સુરક્ષા અને કાર્યક્ષમતા ધરાવતા વ્યવસાયો અને વ્યક્તિઓને સશક્ત બનાવવાનો છે." રાહુલ મરાડિયા (સહ-સ્થાપક અને ગ્લોબલ સીઈઓ)એ ટિપ્પણી કરી, "અમે CIFDAQ ને પરિવર્તન માટે ઉત્પ્રેરક તરીકે, વ્યવસાયો અને વ્યક્તિઓને અત્યાધુનિક સોલ્યુશન્સ સાથે સશક્ત બનાવવાની કલ્પના કરીએ છીએ જે ડિજિટલ ફાઈનાન્સમાં સુરક્ષા, કાર્યક્ષમતા અને સુલભતામાં વધારો કરે છે. અમારું ધ્યેય બ્લોકચેન ઈકોસિસ્ટમમાં ક્રાંતિ લાવવાનું છે અને તેની સંપૂર્ણ ક્ષમતાને વધુ સમાવિષ્ટ અને સમૃદ્ધ ભવિષ્ય માટે માર્ગ મોકળો કરવાનો છે.

# રિલીઝ પહેલાં જ 'પુષ્પા ૨'એ રૂ.૧૬૦ કરોડની કરી કમાણી

મુંબઈ,

અલ્લુ અર્જુન 'પુષ્પા ૨'નું શૂટિંગ પૂર્ણ કરવામાં ખૂબ વ્યવસ્ત છે. ડાયરેક્ટર સુકુમાર ૧૫ ઓગસ્ટે સિનેમાઘરોમાં મોટી રિલીઝની તૈયારી કરી રહ્યા છે. જોકે, ફિલ્મને ખૂબ સિક્રેટ રાખવામાં આવી છે. નવા રિપોર્ટ્સ પ્રમાણે મેકર્સે છ મિનિટનાના સીનને શૂટિંગ કરવા માટે લગભગ ૬૦ કરોડ રુપિયાનો ખર્ચ કર્યો છે અને આ સીનને પૂરો કરવામાં લગભગ ૩૦ દિવસનો સમય લાગ્યો હતો. સૂત્રોના કહેવા પ્રમાણે આ સીનમાં ગંગમ્મા, જથારા અને એક લડાઈને દેખાડાઈ છે. આ દરમિયાન એવા પણ અહેવાલ છે કે 'પુષ્પા ૨'નું બજેટ રૂપિયા ૫૦૦ કરોડ છે. નિર્માતાઓએ વિશ્વભરના મ્યુઝિક રાઈટ્સ અને હિન્દી સેટેલાઈટ રાઈટ્સ ટી-સીરીઝને રુપિયા ૬૦ કરોડમાં વેચી દીધા છે. એવું પણ કહેવામાં આવી રહ્યું છે કે સ્ટારે તેલુગુ સેટેલાઈટ્સ પણ ખરીદી લીધા છે.



# વિરાટ કોહલીએ જો ચાર ઓવર ફેંકી હોત તો વધારે રન ન આપ્યા હોત : શ્રીકાંત

મુંબઈ,

ભૂતપૂર્વ ભારતીય ક્રિકેટર કે. હાલમાં ચાલી રહેલી આઈપીએલમાં રોયલ ચેલેન્જર્સ બેંગ્લોરના ખરાબ પ્રદર્શનથી શ્રીકાંત નિરાશ છે. તેણે કહ્યું છે કે ચિન્નાસ્વામી સ્ટેડિયમમાં રમાયેલી રેકોર્ડબ્રેક મેચમાં સનરાઈઝર્સ હૈદરાબાદ સામે આરસીબીના બોલરોનું પ્રદર્શન જોઈને તે દુ:ખી થયો હતો. સોમવારે, આરસીબીને એસઆરએચ સામે ૨૫ રને હારનો સામનો કરવો પડ્યો, જે સાત મેચોમાં તેમની છઠ્ઠી હાર છે.

શ્રીકાંતે આરસીબી પર નિશાન સાધ્યું અને કહ્યું કે તેઓએ ફક્ત ૧૧ બેટ્સમેનોને જ મેદાનમાં ઉતારવા જોઈએ, ખાસ કરીને જ્યારે તેઓ એમ ચિન્નાસ્વામી સ્ટેડિયમમાં રમે છે. શ્રીકાંતે એમ પણ કહ્યું કે મેચમાં ૨૮૭ રન આપનાર કરતા વિરાટ કોહલી વધુ સારી બોલિંગ કરી શક્યો હોત.

શ્રીકાંતે યુટ્યુબ શોમાં કહ્યું - રીસ ટોપલીને મારવામાં આવી રહ્યો છે. લોકી ફર્ગ્યુસનને માર મારવામાં આવી રહ્યો હતો. તેણે આઈપીએલમાં સારું પ્રદર્શન કર્યું નથી. ફર્ગ્યુસને કોલકાતાથી બેંગલુરુ સુધીનો પ્રવાસ કર્યો છે. વિલ જેક્સ તેમનો શ્રેષ્ઠ બોલર હતો. જો તેઓ ૧૧ બેટ્સમેન રમે તો સારું રહેશે. ફાફ ડુ પ્લેસિસને બે ઓવર નાખવા માટે કહો. કેમેરોન ગ્રીનને ચાર ઓવર આપો. મને લાગે છે કે વિરાટ કોહલીએ જો ચાર ઓવર ફેંકી હોત તો આટલા રન ન આપ્યા હોત. વિરાટ કોહલી સારો બોલર છે.

# અમિતાભને લતા દીનાનાથ મંગેશકર એવોર્ડથી સન્માનિત કરવામાં આવશે



મુંબઈ,

છેલ્લા ૩૪ વર્ષથી માસ્ટર દીનાનાથ મંગેશકર સ્મૃતિ પ્રતિષ્ઠા સંસ્થાન ફિલ્મ, સમાજ, કલા વગેરે ક્ષેત્રો સાથે જોડાયેલા લોકોનું સન્માન કરે છે. આ વર્ષનો લતા દીનાનાથ મંગેશકર એવોર્ડ બોલિવૂડ સુપરસ્ટાર અમિતાભ બચ્ચનને ૨૪ એપ્રિલ ૨૦૨૪ના રોજ માસ્ટર દીનાનાથ મંગેશકરની ૮૨મી પુણ્યતિથિએ આપવામાં આવશે. રણદીપ હુડાને આ વર્ષે માસ્ટર દીનાનાથ મંગેશકર એવોર્ડ (સ્પેશિયલ એવોર્ડ)થી પણ સન્માનિત કરવામાં આવશે.

નોંધનીય છે કે છેલ્લા ૩૪ વર્ષથી મંગેશકર પરિવાર માસ્ટર દીનાનાથ મંગેશકર સ્મૃતિ પ્રતિષ્ઠાન સંસ્થા દ્વારા સમાજના વિવિધ ક્ષેત્રની પ્રતિભાઓનું સન્માન કરે છે. સંસ્થા દ્વારા અત્યાર સુધીમાં ૨૦૦ લોકોનું સન્માન કરવામાં આવ્યું છે. આ વર્ષે અભિનેતા અમિતાભ બચ્ચનને લતા દીનાનાથ મંગેશકર એવોર્ડ આપવામાં આવશે.

માસ્ટર દીનાનાથ મંગેશકર એવોર્ડ- એ. આર રહેમાન (લાંબી સંગીત સેવા), મોહન વાળા એવોર્ડ - ગાલિબ નાટક (ઉત્તમ ડ્રામેટિક પ્રોડક્શન ૨૦૨૩-૨૩), આનંદમયી એવોર્ડ - દીપસ્તંભ ફાઉન્ડેશન મનોબલ, માસ્ટર દીનાનાથ મંગેશકર એવોર્ડ - પદ્મિની કોલ્હાપુરે (લાંબી ફિલ્મ સેવા), માસ્ટર દીનાનાથ મંગેશકર એવોર્ડ - રૂપ કુમાર રાઠોડ (લાંબી સંગીત સેવા), માસ્ટર દીનાનાથ મંગેશકર એવોર્ડ- રણદીપ હુડા (ઉત્તમ ફિલ્મ નિર્માણ) વગેરેને વિશેષ પુરસ્કાર. આ વર્ષે આ સન્માન લગભગ ૧૧ લોકોને આપવામાં આવશે.

હૃદયનાથ મંગેશકરે કહ્યું, 'માસ્ટર દીનાનાથ એક મહાન ગાયક, સંગીતકાર અને થિયેટર કલાકાર હતા. સ્ટેજ કલાકારમાં તેમનું યોગદાન અજોડ હતું.



# ૯૦ના દાયકામાં અભિનેત્રીઓને પોતાની કારકિર્દીની યોજના બનાવવાની તક મળતી ન હતી : રવિના ટંડન

મુંબઈ,

અભિનેત્રી રવિના ટંડન તેની સ્પષ્ટવક્તા શૈલી માટે જાણીતી છે. તે ઘણીવાર ઘણા મુદ્દાઓ પર ખુલ્લેઆમ તેના વિચારો વ્યક્ત કરે છે. તેઓ ૯૦ના દાયકામાં સિનેમા જગતમાં પ્રખ્યાત હતા. તેણે ઘણી હિટ ફિલ્મો આપી છે. તાજેતરમાં રવીનાએ ફિલ્મ ઈન્ડસ્ટ્રી સાથે જોડાયેલી કેટલીક ચોંકાવનારી વાતો શેર કરી છે.

રવિના ટંડને ઈન્ટરવ્યુમાં જણાવ્યું કે તેણે ૯૦ના દાયકામાં ફિલ્મી દુનિયામાં પ્રવેશ કર્યો હતો. તે સમયે તેણે એક ધારણા સામે લડવું પડ્યું. તેણીને ફિલ્મોમાં સ્ટીરિયોટાઈપ કરવામાં આવી રહી હતી. તેણે કહ્યું કે ૯૦ના દાયકામાં સ્થિતિ એવી હતી કે અભિનેત્રીઓને પોતાની કારકિર્દીની રણનીતિ બનાવવાની તક મળતી ન હતી. અભિનેત્રીઓને તેમનું કામ પસંદ કરવાની બહુ ઓછી સ્વતંત્રતા હતી.

રવીનાએ કહ્યું કે જ્યારે અમારું કરિયર શરૂ થયું ત્યારે અમે એક-બે ફિલ્મોમાં કામ કર્યું ન હતું. અમે એકસાથે ૧૦ થી ૧૨ ફિલ્મો કરતા હતા. કેટલીક ફિલ્મો વિશે એવું કહેવામાં આવતું હતું કે જો તેમાં કોઈ મોટા અભિનેતા અને મોટા દિગ્દર્શક હશે તો ફિલ્મ સુપરહિટ સાબિત થશે. એ જમાનામાં ફિલ્મોને લઈને બહુ પસંદગી નહોતી.

રવિના ટંડને કહ્યું કે તે દિવસોમાં અભિનેત્રીઓને વધારે પૈસા મળતા ન હતા. જે રકમ એક હીરો એક ફિલ્મમાંથી કમાઈ લેતી હતી, એટલી એક અભિનેત્રી ૧૫ થી ૧૬ ફિલ્મોમાં કામ કર્યા પછી જ કમાઈ શકતી હતી. સ્ટીરિયોટાઈપિંગનું કારણ સમજાવતા તેમણે કહ્યું કે આવું એટલા માટે થયું કારણ કે અમને પોતાને સ્થાપિત કરવામાં સમય લાગ્યો હતો. જ્યારે તે ફિલ્મો રિલીઝ થવા લાગી, જેમાં છ સુપરહિટ ગીતો અને એક જ દ્રશ્યો હતા, ત્યારે આવી વધુ ફિલ્મોમાં કામ દેખાવા લાગ્યું.

# કોહલીથી માંડીને ગેલ સુધી... બટલરની તોફાની સદીથી અનેક રેકોર્ડ ધ્વસ્ત થયા

મુંબઈ,

ટી૨૦ ક્રિકેટના એકદમ વિસ્ફોટક બેટ્સમેનોમાં સામેલ જોસ બટલરે આઈપીએલ ૨૦૨૪ માં બીજી સદી ફટકારતાં રાજસ્થાન રોયલ્સને કેકેઆર વિરૂદ્ધ ૨ વિકેટથી જીત અપાવી. ઈડન ગાર્ડન્સમાં થયેલા આ ૩૧મા મુકાબલામાં કેકેઆરે પહેલાં બેટીંગ કરતાં સુનીલ નરેનની સદીના દમ પર નિર્ધારિત ૨૦ ઓવરમાં ૨૨૩ રનનો મોટો સ્કોર ઉભો કર્યો હતો. ટાર્ગેટનો પીછો કરતાં રાજસ્થાને અંતિમ બોલ પર જીત નોંધાવી. જોસ બટલરના બેટ વડે વિનિંગ રન નિકળ્યા. બટલરે ૬૦ બોલમાં ૧૦૭ રનની અણનમ ઈનિંગ રમી. આ સદી સાથે જ તેમણે ઘણા મોટા રેકોર્ડ પોતાના નામે કરી દીધા. બટલરની આ આઈપીએલમાં ૭મી સદી છે. તો બીજી તરફ સીઝનમાં તેમની આ બીજી સદી છે. આ સાથે જ બટલરે ક્રિસ ગેલને સૌથી વધુ આઈપીલ સદીના મામલે પાછળ છોડી દીધો છે. ક્રિસ ગેલે આઈપીલમાં ૬ સદી ફટકારી હતી. બટલર આ સદી સાથે લિસ્ટમાં વિરાટ કોહલી બાદ બીજા નંબર પર આવી ગયા છે. કોહલી આઈપીએલમાં સૌથી વધુ સદી ફટકારનાર બેટસમેન છે. આઈપીલ ૨૦૨૪ માં ફટકારેલી એક સદી સાથે કોહલી અત્યાર સુધી લીગમાં ૮ સદી ફટકારી છે.



# રાજકોટ જિલ્લામાં છેલ્લા ૪૮ કલાકમાં હિટવેવથી અસર પામેલા ૭૨ લોકોને અપાઈ સારવાર

## આરોગ્ય વિભાગની ગરમી-લુથી બચવા તકેદારી રાખવા લોકોને અપીલ

રાજકોટ, હાલ આકરી ગરમી શરૂ થઈ ગઈ છે ત્યારે રાજકોટના આરોગ્ય વિભાગે લોકોને સાવધાની રાખવા અપીલ સાથે માર્ગદર્શિકા જારી કરી છે. આ સાથે છેલ્લા ૪૮ કલાકમાં ગરમી-લુના કારણે ૭૨ લોકોને આરોગ્ય સંબંધી તકલીફો જોવા મળી હતી. જે તમામનેન તાત્કાલિક સારવાર આપવામાં આવી હતી.ગરમી તથા લૂના કારણે રાજકોટમાં ૧૬મી એપ્રિલે કુલ મળીને ૪૮ લોકોને પેટમાં દુખાવો, વોમિટિંગ, ડાયેરિયા, હાઈ ફીવર સહિતની અસરો થતાં તેમને તાત્કાલિક સારવાર અપાઈ હતી. જ્યારે ૧૭મી એપ્રિલે ૨૪ લોકોને ગરમીથી તબિયત ખરાબ થતાં




જરૂરી તમામ સારવાર અપાઈ હતી.રાજકોટના જિલ્લા વિકાસ અધિકારી ડૉ. નવનાથ ગવ્હાણેની સૂચના મુજબ, રાજકોટના મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી ડૉ. પી.કે. સિંઘ તથા ઈન્ચાર્જ એપિડેમિક મેડિકલ ઓફિસર ડૉ. ગૌરાંગ ઉપાધ્યાયના માર્ગદર્શનમાં ડિસ્ટ્રિક્ટ હેલ્થ સોસાયટી દ્વારા હિટવેવ સામે સાવધાની માટે લોકોમાં જાગૃતિ આવે તે માટે પૂરતા પ્રયાસો કરવામાં આવે છે. જેમાં સોશિયલ મીડિયા પર વિવિધ પોસ્ટ કરીને લોકોને સાવધાની રાખવા અપીલ કરાય છે. આ ઉપરાંત હાઈવે પર વિવિધ સ્થળે મોટા હોર્ડિંગ્સ લગાવાયા છે, જેમાં આકરી ગરમી-લૂ સામે શું સાવધાની રાખવી તેની માહિતી આપવામાં આવી છે.

આ સાથે આઈ.ડી.પી.એસ.-આરોગ્ય શાખા દ્વારા ગરમી-લૂ સામે સાવધાની રાખવા અપીલ સાથે માર્ગદર્શિકા જારી કરવામાં આવી છે. જેમાં જણાવાયું છે કે, વધુ પડતી ગરમીના કારણે લુ લાગવાના કેસો ખાસ કરીને નાના બાળકો, સગર્ભા માતાઓ, વૃદ્ધો, અશક્ત બીમાર દર્દીઓ, શ્રમિકો અને ખેત મજૂરોમાં બનવા પામે છે. જે ઘણીવાર જીવલેણ પણ બની શકે છે. આથી તેની સામે સાવધાની રાખવી જરૂરી છે.

# ગીર સોમનાથ જિલ્લામાં આંગણવાડીઓમાં મમતા દિવસની ઉજવણી સાથે મહિલા મતદાન જાગૃતિ

મિતેશ પરમાર, વેરાવળ, આગામી સમયમાં જિલ્લામાં લોકસભાની ચૂંટણી યોજાવા જઈ રહી છે. ત્યારે આ ચૂંટણીમાં મહત્તમ સંખ્યામાં મહિલા મતદારો પણ સહભાગી થાય તે માટે જિલ્લા ચૂંટણી તંત્ર દ્વારા વિવિધ પ્રયાસો કરવામાં આવી રહ્યાં છે.

જે રીતે સારા શરીર માટે તંદુરસ્તી આવશ્યક છે. તે જ રીતે તંદુરસ્ત લોકશાહી માટે સમાજના તમામ વર્ગની ભાગીદારી ઈચ્છનીય છે. તેવા ઉદ્દેશને સાર્થક કરતા આજે મમતા દિવસની ઉજવણીના ઉપલક્ષ્યમાં વિવિધ પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર, આંગણવાડી કેન્દ્રો સહિત જિલ્લાના ૧૧૬૬ સ્થળોએ મહિલાશક્તિને પ્રેરિત કરવા માટે વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું.



આ અંતર્ગત જિલ્લા ચૂંટણી અધિકારીશ્રી અને કલેક્ટર શ્રી દિગ્વિજયસિંહ જાડેજાએ વેરાવળ તાલુકાના ગોવિંદપરા ખાતે પહોંચીને મહિલાઓને આપવામાં આવતી વિવિધ સ્વાસ્થ્યલક્ષી સેવાઓનું નિરીક્ષણ કરવાની સાથે આગામી ચૂંટણીમાં મહિલાઓ પોતાનો અમૂલ્ય મત અવશ્ય આપે તે માટે માર્ગદર્શન પૂરું પાડ્યું હતું. આ તકે કલેક્ટરશ્રીએ પર્યાવરણ સુરક્ષાને પ્રેરિત કરતાં મહિલાઓ અને કિશોરીઓને કોટન બેગનું વિતરણ કરી ચૂંટણી 'અવશ્ય મતદાન કરીશ'ના શપથ લેવડાવ્યાં હતાં. તેમણે વધુમાં જણાવ્યું હતું કે, જિલ્લાના વિવિધ ગામોમાં મહિલા મતદાતાઓ લોકશાહીના મહાપર્વમાં પુરુષ મતદાતાઓ જેટલું જ યોગદાન આપે તે જરૂરી છે. મહિલાઓ આગળ આવીને સક્રિય રીતે લોકશાહીના આ મહાપર્વમાં અચૂક સહભાગી થાય તે જરૂરી છે. મહિલાઓ ચૂંટણીના દિવસે સહપરિવાર મતદાન કરવા જાય તે સુનિશ્ચિત કરવા માટે આગ્રહભર્યો અનુરોધ કર્યો હતો.

# રાજકોટ જિલ્લા પંચાયત ખાતે આઈ.સી.ડી.એસ. કચેરીના સહયોગથી મતદાન જાગૃતિ કાર્યક્રમ યોજાયો

## આંગણવાડી બહેનોને મતદાન કરવા અને કરાવવા પ્રેરિત કરાયા

રાજકોટ , આગામી સમયમાં દેશમાં લોકશાહીનો સૌથી મોટો તહેવાર એટલે કે લોકસભા ચૂંટણીનો અવસર આવી રહ્યો છે. જે અન્વયે રાજકોટ જિલ્લા પંચાયત ખાતે સંકલિત બાળ વિકાસ યોજના કચેરીના સહયોગથી સ્વીપ નોડલ ઓફિસરશ્રી જિજ્ઞાસાબેન ગઢવીના અધ્યક્ષસ્થાને મતદાન જાગૃતિ કાર્યક્રમ યોજાયો હતો. જેમાં પ્રોગ્રામ ઓફિસરશ્રી સાવિત્રીબેન નાથજીની ઉપસ્થિતિમાં વિવિધ તાલુકામાંથી આવેલા ચાઈલ્ડ ડેવલપમેન્ટ પ્રોજેક્ટ ઓફિસર્સ અને આંગણવાડી સુપરવાઈઝર્સને મતદાન કરવા અને કરાવવા પ્રેરિત




કરાયા હતાં.

આ કાર્યક્રમમાં શ્રી જિજ્ઞાસાબેન ગઢવી એ ચૂંટણીને લગતા સોસીયલ મીડિયાના હેન્ડલર્સને ફોલો કરવા અને વોટર હેલ્પલાઈન, સી-વિજિલ, સક્ષમ, નો યોર કેન્ડીડેટ વગેરે એપ્લીકેશન્સની માહિતી આપીને તેનો ઉપયોગ કરવા અપીલ કરી હતી. સ્ટેટસ, સેલ્ફી, રીલ્સ, પોસ્ટ, મીમ્સના માધ્યમથી મતદાન માટે જાગૃતિ ફેલાવવા તેમણે જણાવ્યું હતું. ખાસ કરીને હેઝટેગ મેકિંગ અને રીલ્સ મેકિંગ સ્પર્ધાઓમાં ભાગ લેવા તેમણે વિશેષ અનુરોધ કર્યો હતો.

# રાજકોટમાં પ્રિ-મોન્સુન કામગીરી અંતર્ગત શહેરનાં ૭ વોર્ડનાં ૯ વોંકળામાં સફાઈ કરવામાં આવી

રાજકોટ, રાજકોટ મહાનગર પાલિકા સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ શાખા હેઠળ વોંકળા વિભાગ દ્વારા સ્વચ્છ સર્વેક્ષણ - ૨૦૨૪ અને નિર્મળ ગુજરાત ૨.૦ અભિયાન હેઠળપ્રિ-મોન્સૂન વોકળા સફાઈ અંતર્ગત તા.૧૬-૦૪-૨૦૨૪ના રોજ વોર્ડ નં.૪, ૫, ૧૫, ૨, ૭, ૧૦અને ૯માં આવેલ વોંકળાની સફાઈ કરવામાં આવી હતી.



પૂર્વઝોનના વોર્ડ નં.૪ વોર્ડ ઓફીસની બાજુમાં, જે.સી.બી. અને ડમ્પરથી વોકળા સફાઈની કામગીરી, વોર્ડ નં.૪ગણેશનગર, લાતીપ્લોટ ૧૧ પાસે વોકળામાં સફાઈ તથા વોર્ડનં.૫ વાસંગીદાદાના મંદિર પાસે માલધારી સોસા વોકળામાં સફાઈની કામગીરી, વોર્ડ નં.૧૫રામનગર શેરી નં ૫ ખોડિયાર ડેરી સામે વોકળામાં સફાઈની કામગીરી, વોર્ડ નં.૧૫જિલ્લાના નાલેવોકળામાં સફાઈની કામગીરી કરવામાં આવેલ હતી.

મધ્યઝોનના વોર્ડ નં.૨એરપોર્ટ ફાટક પાસે ભોમેશ્વર મે. રોડ થી જામનગર રોડ સાંઢીયા પુલ તરફ જે.સી.બીડમ્પર દ્વારાવોકળા સફાઈ, વોર્ડ નં.૭કોલ સેન્ટર ફરીયાદમાં મનહર પ્લોટ ૧૯ વોકળા સફાઈ, વોર્ડ નં.૭જન કલ્યાણ હોલ પાસે વોકળા સફાઈ કરવામાં આવેલ હતી.

# રાજકોટના વોર્ડ નં. ૨-રાજીવનગરમાં સ્વસહાય જૂથનાં બહેનોને જાગૃત કરવામાં આવ્યા



રાજકોટ, રાજકોટ મહાનગરપાલિકા દ્વારા સ્વચ્છ સર્વેક્ષણ-૨૦૨૪ અંતર્ગત સ્વચ્છતામાં મહિલાઓની સહભાગીતા અને નેતૃત્વને મજબુત કરવા માટે મહિલાઓને સ્વચ્છતા અંગે માહિતી માર્ગદર્શન મળી રહે તે હેતુથી તા.૧૬-૪નાં રોજ રાજકોટ મહાનગરપાલિકાનાં વોર્ડ નં.૨ ખાતે આવેલ રાજીવનગર વિસ્તારમાં રાષ્ટ્રીય શહેરી આજીવિકા મિશન (ઉઅઢ-ગઅકખ) અંતર્ગત સંકળાયેલ સ્વ-સહાય જૂથની રચના કરી જુથમાં જોડાયેલ બહેનોને સરકારની અન્ય યોજનાઓ સાથે જોડાણ થાય તથા જૂથના સભ્યો તેમના મહોલ્લા કે શેરી ફળીયાના લોકો સ્વચ્છતા પ્રત્યે સભાન બને તે માટે માહિતી માર્ગદર્શન પણ આપવામાં આવેલ હતું. જેમાં બહેનોને સૂકા અને ભીના કચરાના વર્ગીકરણ અંગે માર્ગદર્શન, ૩-આર(રીડ્યુઝ, રીયુઝ અને રીસાઈકલ) સિનીયર કોમ્યુનીટી ઓર્ગેનાઈઝર શ્રીદિપ્તીબેન આગરીયા તથા સિનીયર કોમ્યુનીટી ઓર્ગેનાઈઝર ડો. નયનાબેન કાથડ તથા જખઈઉ મેનેજર એસ.કે.બથવાર દ્વારા આપવામાં આવેલ હતી.

# રવિવારે સર્વજ્ઞાતિ સમુહ લગ્નોત્સવનું આયોજન: ૧૨ યુગલોના પ્રભુતામાં પગલા ડગ માંડશે

રાજકોટ, રાજકોટ રામલલ્લા સેવા ટ્રસ્ટ, અરિહંત શરાફી સહકારી મંડળી, રાઈઝીંગ ઈન્ડિયા દ્વારા તા. ૨૧મીના રવિવારે સર્વજ્ઞાતિય સમુહ લગ્નોત્સવનું આયોજન કોઠારીયા મેઈન રોડ, માનવ ધર્મવાળી શેરી, માધવ હોલની સામેના ગ્રાઉન્ડ, હુડકો ખાતે કરાયું છે. સર્વજ્ઞાતિ સમુહ લગ્નોત્સવમાં ૧૨ યુગલો પ્રભુતામાં પગલા માંડશે.

આ અંગેની વિગતો આપવા 'સાંજ સમાચાર'ના આંગણે આયોજક ટીમના કૌશિકભાઇ દેવમુરારી, હર્ષિલભાઇ શાહ, મીરાબેન જોષી, વિપુલભાઇ દેવમુરારી, કિશોર રામાવત, રવિ સુરાણી, રવિરાજ રામાવત, કાંતિલાલ ચંદાવત, વિનયભાઇ વિષ્ણુસ્વામી, કાનાભાઇ કુબાવત, રાજન દેવમુરારી, પ્રભુદાસ મારૂ વગેરે આવેલા હતા.

સમુહ લગ્નોત્સવમાં દિકરીઓને ૧૦૧થી વધુ ચીજો કરીયાવરમાં આપવામાં આવશે. તા.૨૧ના રવિવારે ૭ વાગે જાન આગમન, સામૈયા તથા સવારે ૯.૩૦ કલાકે હસ્ત મેળાપ, બપોરે ૧૧ વાગ્યે મહાપ્રસાદ યોજાશે.

દીકરીઓને આશિર્વાદ આપવા મહંત શ્રી અવધેશ બાપુ, મહંત શ્રી અમૃતગિરિ બાપુ, મહંત શ્રી પદુબાપુ, મહંત શ્રી જમનાદાસ બાપુ, સદગુરૂ શ્રી ઘનશ્યામબાપુ નિરંજની તેમજ અગ્રણી સાંસદ રમેશભાઇ ધડુક, યોગેશ પુજારા, નરેશભાઇ બાંભવા, ગોપાલભાઇ અનડકટ, પિન્ટુભાઇ ખાટડી, એડવોકેટ પિયુષભાઇ શાહ સહિતના અન્યોનો આર્થિક સહયોગ પ્રાપ્ત થયો છે.

આ પ્રસંગે રાજકીય, સામાજીક અગ્રણીઓ ઉપસ્થિત રહીને નવદંપતીને આશિર્વાદ આપશે.

# રાજકોટ સ્થિત ખાનગી કંપની ખાતે સ્વીપ દ્વારા કર્મચારીઓને મતદાન અંગે જાગૃત કરાયા

## સી.જી.એસ.ટી. કર્મચારીઓએ લીધો પવિત્ર મતદાન કરવાનો સંકલ્પ




રાજકોટ, સમગ્ર રાષ્ટ્રમા આગામી દિવસોમાં લોકસભા સામાન્ય ચૂંટણી-૨૦૨૪ યોજાનાર છે જે અન્વયે રાજકોટ ખાતે તા. ૦૭/૦૫/૨૦૨૪ના રોજ મતદાન યોજાશે.દેશના પર્વમાં પોતાનું યોગદાન આપવા મતદાન કરવું અનિવાર્ય છે ત્યારે રાજકોટના કે.ડી.પારેખ ટર્બો ઈન્ડસ્ટ્રી એન્ડ ટર્બો બેરિંગ્સ પ્રા લી. ખાતે મતદાન જાગૃતિ અંગે કાર્યક્રમ યોજાયો હતો. જેમાં કર્મચારીઓને લોકશાહીના આ પર્વમાં મતદાન કરવા માટે પ્રેરણા આપવામાં આવી હતી તેમજ અને મતદાન કરવા જતી વખતે ધ્યાનમાં રાખવાની બાબતો અંગે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. કર્મચારીઓએ મતદાન કરવાના શપથ લીધા હતા તથા સ્વીપ દ્વારા પત્રિકા વિતરણ કરવામાં આવ્યું હતું.

તદુપરાંત રાજકોટ જી.એસ.ટી. ઓફિસ ખાતે સૌ સી.જી.એસ.ટી. અધિકારીઓ-કર્મચારીઓએ મતદાન કરવાના શપથ લીધા હતા. રાજકોટ જિલ્લામાં અધિક કલેક્ટરશ્રી અને સ્વીપના નોડલ ઓફિસર શ્રી જીજ્ઞાસા ગઢવીના માર્ગદર્શન હેઠળ સ્વીપ દ્વારા શાળા કક્ષાએ વિવિધ સ્પર્ધાઓ- રેલી યોજી, ગ્રામ વિસ્તારોમાં સેલ્ફી પોઇન્ટ, ગેસના બાટલા - વીજળીના બિલો પર મતદાનના સંદેશા છાપવા, સિનેમા હાઉસ ખાતે બેનર, ટેલીફિલ્મ નિદર્શન, મોક ચૂંટણીના આયોજન સહિતના વિવિધ નવતર પ્રયાસો દ્વારા મતદાન જાગૃતિ લાવવામાં આવી રહી છે.

# રાજકોટના પારેવાડા ગામમાં માતાજીના માંડવામાં શહેર પોલીસની 'શી' ટીમો દ્વારા માર્ગદર્શન



રાજકોટ, શહેર પોલીસની અલગ અલગ શી ટીમો દ્વારા મહિલાઓ, સિનીયર સિટીઝનમાં જાગૃકતા માટેના કાર્યક્રમો યોજાયા હતાં. પારેવાડા ગામે માતાજીના માંડવામાં બે હજાર જેટલા લોકો જેમાં મહિલાઓ, વૃધ્ધોત હાજર હોઈ મહિલા શી ટીમ, ઉત્તર વિભાગની શી ટીમ તથા પ?મિ વિભાગની શી ટીમે ત્યાંડ પહોંચી શી ટીમ કેવી કામગીરી કરે છે તેની માહિતી તેમજ ૧૦૦ નંબરની સેવા, સાઈબર ફ્રોડ વિશે ઉપરાંત ફોન નંબર ૧૯૩૦, ૧૮૧ની સેવાઓનો ઉપયોગ કરી રીતે ક્યાનરે કરી શકાય તેની સમજ આપી હતી.

## પ્રથમ જ્યોતિર્લિંગ શ્રી સોમનાથ મહાદેવને અન્નકૂટ ધરાયો



વેરાવળ, સોમનાથ મહાદેવને રામનવમીના પવિત્ર તહેવાર નિમિતે સોમનાથ મહાદેવને અન્?નકૂટ દર્શનનો શ્રૃંગાર કરવામાં આવેલ હતો જેને હજારો દર્શનાર્થીઓએ દર્શનનો લાભ લીધેલ હતો.

# ગીર સોમનાથ જિલ્લામાં ઉનાળાની ઋતુમાં ૧૫ ગામોમાં ટેક્રરથી પાણી વિતરણની વ્યવસ્થા

## ૧૮૪ ગામોનો જુથ પાણી પુરવઠા યોજનામાં સમાવેશ કરાયો : ૮૭ ગામમાં લોકલ સોર્સથી પાણી વિતરણ

વેરાવળ, ઉનાળામાં સર્જાતી આ સમસ્યાને ધ્યાનમાં લઈ જિલ્લા કલેક્ટરની અધ્યક્ષતામાં પાણી સમિતિની બેઠકમાં આ અંગેની આગોતરી વ્યવસ્થા કરી જિલ્લામાં એક પણ ગામમાં પાણીની સમસ્યા ના સર્જાય તે માટેનું આગોતરું આયોજન કરવામાં આવ્યું હતું.

જિલ્લાના ગામોમાં પૂરતું પીવાનું પાણી મળી રહે તે માટે જિલ્લામાં જૂથ પાણી પુરવઠા યોજનાઓ ઉપરાંત સંપમાંથી તથા લોકલ સોર્સમાંથી પાણી મેળવવાની વ્યવસ્થા ગોઠવવામાં આવેલી છે. અને જ્યાં આ વ્યવસ્થાઓ શક્ય નથી તેવા ૧૫ ગામોમાં ટેક્રરથી પણ પૂરતું પીવાનું પાણી મળે તે માટેની વ્યવસ્થાઓ સુનિશ્ર્ચિત કરવામાં આવી છે.

આ અંગેના આંકડાઓ જોઈએ તો, ગીર સોમનાથ જિલ્લામાં ૩૮૦ ગામો પૈકી ૨૭૧ ગામોને જૂદી જૂદી ૯ જૂથ પાણી પૂરવઠા યોજનાઓમાં સામેલ કરવામાં આવ્યા છે. જેમાં ૧૮૪ ગામોને પાણી પૂરવઠા બોર્ડ દ્વારા પાણી પૂરું પાડવામાં આવે છે. જ્યારે બાકીના ૮૭ ગામમાં લોકલ સોર્સથી પાણી પૂરું પાડવામાં આવે છે. બાકીના ૧૦૯ ગામ સ્વતંત્ર પાણી પૂરવઠા યોજના ધરાવે છે. જે પોતાની રીતે કૂવા, બોર અને હેન્ડપંપ આધારિત વ્યક્તિગત પાણી પૂરવઠા યોજનાથી પાણી મેળવી રહ્યાં છે.

કલેક્ટરની અધ્યક્ષતામાં મળેલ પાણી સમિતિની બેઠકમાં ગીર સોમનાથ જિલ્લાના વેરાવળ, સુત્રાપાડા, તાલાલા, કોડિનાર, ઉના અને ગીરગઢડાના ગામોમાં સંભવિત પાણીની સમસ્યાને નિવારવા માટે વિવિધ કાર્યયોજનાઓને મંજૂરી આપવામાં આવી છે. તે અંતર્ગત જિલ્લાના ૧૫ ગામોમાં ટેક્રરથી પાણી પૂરું પાડવામાં આવે છે.

ગીર ગઢડા તાલુકાના ફરેડા જૂથ ગ્રામ પંચાયત અંતર્ગતના બાબરિયા અને જૂના ઝાંખિયા ગામનો સમાવેશ બેડિયા-મચ્છુન્દ્રી જૂથ પાણી પૂરવઠા યોજના હેઠળ થાય છે. ફરેડાની ૧૫૮૦ની વસ્તીને દ્રોણેશ્ર્વર પીકઅપ વિયર પાસે આવેલા કૂવામાંથી પમ્પિંગ કરીને એકાંતરા ગામની વસ્તીને નિયમિત પાણી પૂરું પાડવામાં આવે છે. એ જ રીતે ઝાંખિયા ગામની ૮૧૯ની વસ્તીને લોકલ સોર્સમાંથી પાણી મેળવીને પાણી પૂરું પાડવામાં આવે છે.

આ રીતે જિલ્લામાં નાગરિકોને ગરમીના દિવસોમાં પણ પાણીની સમસ્યા ન સર્જાય અને નિયમિત પૂરતું પીવાનું પાણી મળી રહે તે માટે જિલ્લા કલેક્ટર શ્રી દિગ્વિજયસિંહ જાડેજાની અધ્યક્ષતા હેઠળની પાણી સમિતિએ સુચારૂ પગલાં લીધા છે. જેને લીધે જિલ્લામાં પાણીને લગતી કોઈ મોટી સમસ્યા ઉભી થઈ નથી.

# રાજકોટ પ્રદૂષણ મુકત કરવા મનપા સી.એન.જી બસ દોડાવશે : પ્રાયોગિક પ્રારંભ કારાયો

## પાંચ દિવસ નિરીક્ષણ બાદ મે માસમાં પ્રથમ તબક્કે ૨૫ બસો દોડાવવા આયોજન

રાજકોટ,રાજકોટ શહેરને પ્રદૂષણમુકત કરવા અને બિનપરંપરાગત ઉર્જાનો ઉપયોગ વધારવાની યોજના હેઠળ શહેરમાં પ્રાયોગિક ધોરણે સીએનજી બસનો પ્રારંભ કરવામાં આવ્યો છે. આ સફળ થયા બાદ મે મહિનામાં શહેરના રાજમાર્ગો પર ૨૫ સીએનજી બસ દોડાવવામાં આવનાર હોવાનું મનપાના સતાવાર સુત્રોએ જણાવ્યુ હતુ.

ઉર્જા બચત અને પ્રદૂષણ નિવારણની અનેક યોજનાઓને રાજકોટ મહાનગરપાલિકાએ સાકાર કરી છે ત્યારે હવે ઈલેકટ્રીક બસ દોડાવવાનો પ્રોજેકટ અમલી બન્યો છે. આ માટે સરકારે ૫૦ અને બાદમાં ૧૦૦ ઈ-બસ મંજુર કરાઇ છે. આમ કુલ ૧૫૦ ઈ-બસ ફાળવાઈ છે. જેમાંથી આવતા અઠવાડીયે વધુ ૨૫ ઈ-બસ શહેરના રસ્તા ઉપર દોડવા લાગશે. હાલ બી.આએર. ટી.એસ. રૂટ ઉપર ૨૦ તથા શહેરના રાજમાર્ગો ઉપર ૪૫ ઈ-બસ અને ૫૨ ડીઝલ બસો દોડી રહી છે.

# ભગવાનશ્રી સ્વામીનારાયણના ૨૪૩માં પ્રાગટયની ધાર્મિક ભકિતસભર ઉજવણી

## રાજકોટ લોકસભા બેઠકના ભાજપના ઉમેદવાર પરશોતમભાઈ રૂપાલાએ ભગવાનશ્રી સ્વામી નારાયણના અને સંતોના આશિર્વાદ પ્રાપ્ત કરી ધન્યતા અનુભવી

રાજકોટ

શહેરના ગોંડલ રોડ અને ઢેબર રોડ ખાતે આવેલ શ્રી સ્વામિનારાયણ ગુરૂકુળમા ભગવાનશ્રી સ્વામિ નારાયણના ૨૪૩ માં પ્રાગટયના ધાર્મિક ઉત્સવની ભકિતસભર ઉજવણી કરવામાં આવી હતી. આ ધાર્મિક કાર્યક્રમમાં લોકસભા બેઠકના ભાજપના ઉમેદવાર શ્રી પરશોતમભાઈ રૂપાલાએ પ્રેરક હાજરી આપીને ભગવાનશ્રી



સ્વામિનારાયણની પુજા– અર્ચના અને દર્શન કરીને આશિર્વાદ ગ્રહણ કર્યા હતા. આ પ્રસંગે ગુરૂકુળના વડીલ સંતોશ્રી દેવકૃષ્ણદાસજી સ્વામીએ રૂપાલાજીને ફુલહાર પહેરાવીને આર્શીવાદ આપ્યા હતા. આ પ્રાગટય ઉત્સવ પ્રસંગે ભગવાન સ્વામિનારાયણની ચરિત્ર કથા, રૂપક, નૃત્ય, સહિત ધાર્મિક અને સાંસ્કૃતિક ભકિતસભર કાર્યક્રમો યોજાયા હતા. આ તકે રાજયસભાના સાંસદ રામભાઈ મોકરીયા, પૂર્વ ધારાસભ્ય ગોવિંદભાઈ ટીલાળા, ખેડુત અગ્રણી અને સત્સંગી ચેતનભાઈ રામાણી, મનીષભાઈ ભટ્ટ, ગુરૂકુળના ટ્રસ્ટીઓ ધીરૂભાઈ બાબરીયા, વસંતભાઈ લીંબાસીયા, શિવલાલભાઈ ભંડેરી, વલ્લભભાઈ લીંબાશીયા, ભરતભાઈ ભુવા, કાંતિલાલ ગજેરા, પ્રેમજીભાઈ ભોરણીયા વિગેરે ઉપસ્થિત રહયા હતા.

# રાજકોટના સાજન યાદવને કર્યા એવોર્ડ અને સર્ટિફિકેટથી સન્માનિત

## ગુજરાતમાં આંતરરાષ્ટ્રીય કોન્ફરન્સ રમણ -૨ માં રાજકોટના સાજન કરસનભાઈ યાદવનું શ્રેષ્ઠ પ્રેઝન્ટેશન હોવાથી વિજેતા

રાજકોટ

નિરમા યુનિ.અમદાવાદના ફિઝિક્સ ઈલેક્ટ્રોનિક્સ એન્ડ કોમ્યુનિકેશન વિભાગ દ્વારા બીજી આંતરરાષ્ટ્રીય કોન્ફરન્સ રીસેન્ટ એડવાન્સમેન્ટ ઈન મટીરીયલ સાયન્સ એન્ડ નેનોટેકનોલોજી યોજવામાં આવી હતી જેમાં રાજકોટના સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના ડિપાર્ટમેન્ટ ઓફ ફિઝિક્સના રિસર્ચ સ્કોલર મિસ્ટર સાજન યાદવ, ડોક્ટર આશિષ રાવલિયાના માર્ગદર્શન હેઠળ તૈયાર કરાયેલ ઈન્વેસ્ટિગેશન ઈલેક્ટ્રોનિક્સ એન્ડ ઓપ્ટિકલ પ્રોપર્ટીઝ ઓફ મોનો લેયર ફોર એનર્જી એફિશિયન્સી વિષયના



રિસર્ચનું ઓરલ પ્રેઝન્ટેશન કરેલ જેમાં તેઓ વિજયતા થયા હોવાથી એવોર્ડ અને સર્ટિફિકેટથી સન્માનિત કરવામાં આવ્યા છે

# શ્રીલંકાના પૂર્વીય પ્રાંતના ગવર્નર સેન્થિલ થોન્ડટમન રાજકોટમાં : મ્યુલઝિયમ નિહાળ્યું

## કબા ગાંધીનો ડેલો સહિતના ઐતિહાસિક સ્થળો નિહાળી પ્રભાવિત થયા

રાજકોટ,

શ્રીલંકાના પૂર્વીય પ્રાંતના ગવર્નરશ્રી સેન્થિ લ થોન્ડરમન રાજકોટની મુલાકાતે પધાર્યા હોઈ તેઓએ અહીંની ઐતિહાસિક સાંસ્કૃતિક ધરોહરને નજદીકથી જાણવા અને નિહાળવાનો લાભ લીધો હતો. ગવર્નરશ્રી સેન્થિાલ થોન્ડરમનએ જયુબિલિ ગાર્ડન સ્થિેત વોટ્સીન મ્યુોઝિયમની મુલાકાત લઈ અહીં સંગ્રહિત પુરાતત્વીીય, જૂની વિરાસત, લોક સાંસ્કૃાતિક ધરોહરને રસપૂર્વક નિહાળી હતી. વોટ્સલન મ્યુઝિયમના ક્યુંરેટર શ્રી



સંગીતાબેન રામાનુજ તેમજ સહાયક પુરાતત્વવ નિયામકશ્રી સિધ્ધાસબેન શાહે મ્યુનઝિયમ સ્થિળત કૃતિઓનું મહત્વઈ સમજાવ્યું હતું. અહીં તેઓએ વી.આર. ના માધ્યમથી ખંભાલીડા બૌદ્ધ ગુફાઓની વર્ચ્યુ અલ ટુર કરી હતી. શ્રી સેન્થિુલ થોન્ડહમને ગાંધીજીના જીવન કવનને પ્રદર્શિત કરતા રાજકોટના પ્રખ્યા ત ગાંધી મ્યુવઝિયમની પણ મુલાકાત લીધી હતી. તેઓએ ગાંધીજીની પ્રતિમાને સુતરની આંટી પહેરવી શ્રદ્ધા સુમન અર્પણ કર્યા હતા. તેમણે મ્યુઝિયમના વિવિધ કેન્દ્રોની મુલાકાત લઈ ક્ર્મોહનથી મહાત્મા ની સફરદ્ધને ઓડિયો વિઝ્યુપઅલ માધ્યમમથી રસપૂર્વક માણી હતી. આ સાથે ગાંધીજીનો બચપણથી કિશોરાવસ્થાદિરમ્યા ન જે જગ્યાયએ ઉછેર થયેલો તે કબા ગાંધીના ડેલાની મુલાકાત લઈ તેઓ અત્યાંત પ્રભાવિત થયા હતાં.

ગવર્નરશ્રી સેન્થિથલની સાથે આદિજાતિ વિભાગના મદદનીશ કમિશનરશ્રી અમિરાજ ખાવડ, રાજકોટ પૂર્વ વિભાગના મામલતદારશ્રી એસ.જી.ચાવડા વગેરેએ ઉપસ્થિશત રહી તેઓને માર્ગદર્શન પૂરું પાડ્યુંહિતું

# ઓખા-દિલ્હી, સરાઈ - રોહિલ્લા વચ્ચે સ્પેશિયલ ટ્રેન દોડશે : આજથી બુકીંગ

રાજકોટ,

મુસાફરોની સુવિધા માટે પશ્ચિમ રેલવે ઓખા-દિલ્હી સરાય રોહિલા વચ્ચે વિશેષ ભાડા પર સ્પેશિયલ ટ્રેન ચલાવશે. ટ્રેન નંબર ૦૯૫૨૩/૦૯૫૨૪ ઓખા-દિલ્હી સરાઈ રોહિલ્લા સુપરફાસ્ટ સ્પેશિયલ(૨૦ ટ્રીપ્સ)ટ્રેન નંબર ૦૯૫૨૩ ઓખા - દિલ્હી સરાય રોહિલા સ્પેશિયલ ૨૩ એપ્રિલ ૨૦૨૪ થી ૨૫ જૂન ૨૦૨૪ સુધી દર મંગળવારે સવારે ૧૦.૦૦ કલાકે ઓખાથી ઉપડશે, તે જ દિવસે ૧૪.૪૦ કલાકે રાજકોટ પહોંચશે અને બીજા દિવસે સવારે ૧૦.૨૦ કલાકે દિલ્હી સરાય રોહિલા પહોંચશે.તેવી જ રીતે



ટ્રેન નંબર ૦૯૫૨૪ દિલ્હી સરાય રોહિલ્લા-ઓખા સ્પેશિયલ ૨૪ એપ્રિલ ૨૦૨૪ થી ૨૬ જૂન ૨૦૨૪ દરમિયાન દર બુધવારે બપોરે ૧૩.૨૦ કલાકે દિલ્હી સરાય રોહિલ્લાથી ઉપડશે અને બીજા દિવસે સવારે ૦૯.૦૦ કલાકે રાજકોટ અને બપોરે ૧૩.૫૦ કલાકે ઓખા પહોંચશે.

આ ટ્રેન બંને દિશામાં દ્વારકા, ખંભાળિયા, જામનગર, હાપા, રાજકોટ, સુરેન્દ્રનગર, વિરમગામ, મહેસાણા, ઊંઝા, સિદ્ધપુર, પાલનપુર, આબુ રોડ, ફાલના, મારવાડ, બ્યાવર, અજમેર, કિશનગઢ, જયપુર, ગાંધીનગર જયપુર, દૌસા, બાંદીકુઈ, અલવર. અને રેવાડી સ્ટેશનો પર રોકાશે. આ ટ્રેનમાં એસી ૨-ટાયર, એસી ૩-ટાયર (ઈકોનોમી), સ્લીપર ક્લાસ અને જનરલ સેકન્ડ ક્લાસ ના કોચ હશે.

ટ્રેન નંબર ૦૯૫૨૩નું બુકિંગ ૧૯એપ્રિલ, ૨૦૨૪થી તમામ કાઉન્ટર અને વેબસાઈટ પર ખુલશે. ઉપરોક્ત ટ્રેનો વિશેષ ભાડા પર વિશેષ ટ્રેન તરીકે દોડશે. સ્ટોપેજના સમય અને બંધારણ અંગેની વિગતવાર માહિતી માટે, મુસાફરો વેબસ્સૈતની મુલાકાત લઈ શકે છે.

# ગુજરાત બાર કાઉન્સીલના કો-ઓપ્ટ મેમ્બર તરીકે રાજકોટના યુવા એડવોકેટ સુમિત વોરાની નિમણુંક



રાજકોટ,

રાજકોટ શહેરના જાણીતા ધારાશાસ્ત્રી. રેવન્યુ, સીવીલ કોર્ટના નિષ્ણાંત અને સ્વ. અભયભાઈ ભારદ્વાજ તથા જયદેવભાઈ શુકલના જુનીયર શ્રી સુમીતભાઈ વોરાની બાર કાઉન્સીલ ઓફ ગુજરાતના કોપ્ટ મેમ્બર તરીકે નીમણુક થતા રાજકોટ શહેરના રેવન્યુ બાર એસો., નોટરી બાર એસો., રાજકોટ બાર એસો. મહિલા બાર એસો. ક્રિમીનલ બાર એસોના એડવોકેટો તેમજ તેમના શુભેચ્છકો, સામાજીક સંસ્થાઓ, વેપારીઓ દ્વારા તેમના અભીનંદનની વર્ષા થઈ રહેલ છે.

રાજકોટ બાર કાઉન્સીલના મેમ્બર દીલીપભાઈ પટેલ, નોટરી બાર એસો.ના પ્રકાશસિંહ ગોહીલ, હસમુખ જોષી, યોગેશ ઉદાણી, ભરતભાઈ આહયા, રેવન્યુ બાર એસો.ના રમેશભાઈ કથીરીયા, વિજયભાઈ તોગડીયા, નૈમિષ પટેલ, આનંદ જોષી, રાજુભાઈ પરસાણા, રજનીભાઈ પટેલ, મનુભાઈ પટેલ, પરેશભાઈ પાદરીયા સહિતના અગ્રણીઓ તથા ક્રિમીનલ બાર એસો.ના તુષારભાઈ બસલાણી, હેમાંગભાઈ જાની, રાજકુમાર હેરમા, હીતુભા જાડેજા, એન.ડી. ચાવડા સહીતનાએ શુભેચ્છાઓ પાઠવી હતી.

# વિધાનસભા-૭૦ના સમાવિષ્ટ વોર્ડમાં મોદી પરિવાર સભા યોજાઈ : માર્ગદર્શન આપતા રમેશભાઈ ટીલાળા

રાજકોટ

રાજકોટ શહેર ભાજપ ધ્વારા શહેર ભાજપ પ્રમુખ મુકેશભાઈ દોશી, મહામંત્રી ડો. માધવ દવે, અશ્વીન મોલીયા, વિરેન્દ્રસિહ ઝાલાના માર્ગદર્શન હેઠળ આગામી લોકસભા ચૂંટણીને અનુલક્ષીને પ્રચાર–પ્રસાર કાર્ય વેગવંતુ બનાવવામાં આવ્યું છે ત્યારે રાજકોટ મહાનગર ખાતે ૮૫ થી વધુ મોદી પરિવાર સભાનું આયોજન કરવામાં આવેલ. તે અંતર્ગત વિધાનસભા–૭૦માં સમાવિષ્ટ વોર્ડમાં મોદી પરિવાર સભા સંપન્ન થયેલ છે. જેમાં વોડ–૧૮માં પુરૂષાર્થ સોસાયટી, વોર્ડ–૧૪માં કોઠારીયા કોલોની અને વોર્ડ–૧૪ જનસંપર્ક કાર્યાલય, ભકિતનગર સર્કલ પાસે, વોર્ડ–૧૩માં શકિતનગર, સ્વામીનારાયણ ચોક પાસે, વોર્ડ–૭માં જૈન ચાલ(ગોંડલ રોડ) ખાતે, વોર્ડ–૮માં રાધાનગર સહિતના વિસ્તારોમાં મોદી પરિવાર સભા યોજાઈ હતી.

જેમાં વિવિધ વોર્ડમાં વિધાનસભા–૭૦ના ધારાસભ્ય



રમેશભાઈ ટીલાળા, પૂર્વ ધારાસભ્ય ગોવિંદભાઈ પટેલ સહીતનાએ સંબોધન કરી મોદી સરકારની ૧૦ વર્ષની સિધ્ધીઓ વર્ણવી, કેન્દ્ર અને રાજય સરકારની અનેકવિધ લોકકલ્યાણકારી યોજનાઓની માહિતી પુરી પાડતા 'મોદી પરિવાર' સભામાં જનતા જનાર્દનના પ્રચંડ જનસમર્થન સાથે વિજય પ્રાપ્ત કરવા અને દેશનો દરેક નાગરિક વિકાસના પથ પર આગળ વધી આવનારા સમયમાં 'વિકસિત ભારત'નો સાક્ષી બનવા ઈચ્છે છે ત્યારે જન કલ્યાણનો એક જ વિકલ્પ, મોદી સરકાર, આ વખતે ૪૦૦ ને પારના વિજયલક્ષી સંકલ્પને સાકાર કરી રાજકોટ લોકસભા બેઠકના ભાજપના ઉમેદવાર પરશોતભાઈ રૂપાલાને જંગી લીડથી જીતાડી દેશના પ્રધાનસેવક નરેન્દ્રભાઈ મોદીના હાથ વધુ મજબૂત બનાવવા આહવાન કર્યૂ હતું .

આ તકે વિવિધ વોર્ડમાં શહેર ભાજપ મહિલા મોરચાના પ્રમુખ કિરણબેન માકડીયા, ભાજપ અગ્રણી કશ્યપભાઈ શુકલ, કોર્પોરેટર નેહલ શુકલ, નરેન્દ્રભાઈ સોલંકી (નરેન્દ્રબાપુ), પૂર્વ ધારાસભ્ય લાખાભાઈ સાગઠીયા, પ્રવિણભાઈ નીમાવત, મોદી પરિવાર સભાના શહેરના સંયોજક અશ્વીનભાઈ પાંભર, જીજ્ઞેશ જોષી, પૂર્વ મેયર રક્ષાબેન બોળીયા તેમજ સ્થાનીક આગેવાનો વોર્ડન સંગઠનના હોદેદારો, શિક્ષણ સમિતિ સદસ્યો, બુથના બુથવાલી–પ્રમુખ, ઈન્ચાર્જ, સહઈન્ચાર્જ, શકિતકેન્દ્ર સંયોજક,પ્રભારી, વિવિધ મોરચાના હોદેદારો તેમજ વિવિધ શ્રેણીના કાર્યકર્તાઓ સહીતના સાથે બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહયા હતા.

# ઉમીયા પરિવારની સંસ્થાઓ આયોજિત ધાર્મિક કાર્યક્રમમાં પરશોતમભાઈ રૂપાલાની પ્રેરક ઉપસ્થિતિ



રાજકોટ

શહેરના સ્પીડવેલ પાર્ટી પ્લોટ ખાતે રાજકોટના ઉમીયા પરિવારની સંસ્થાઓ કલબ યુવી અને કેપીએસ કલબ ધ્વારા રાઘવ અને માધવ સુધી અંગેના ધાર્મિક કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ. આ કાર્યક્રમમાં રાજકોટ લોકસભા બેઠકના ભાજપના ઉમેદવાર પરશોતમભાઈ રૂપાલાએ પ્રેરક હાજરી આપી હતી. આ તકે ઉમીયા પરિવારની સંસ્થાઓ ધ્વારા પરશોતમભાઈ રૂપાલાનું સન્માન કરવામાં આવ્યું હતું. આ તકે રાજયસભાના સાંસદ રામભાઈ મોકરીયા, ધારાસભ્ય ડો. દર્શીતાબેન શાહ, મનીષભાઈ ભટ્ટ, સંસ્થાના ટ્રસ્ટીઓ, આગેવાનો સહિતના બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહયા હતા.

# ઓ.બી.સી. પરિવાર મહાસંમેલનમાં પરશોતમભાઈ રૂપાલાની પ્રેરક ઉપસ્થિતિ

## મોદીના વડપણવાળી કેન્દ્ર સરકારે લોકકલ્યાણકરી યોજનાઓનું સુદઢ અમલીકરણ કરીને નબળા વર્ગના લોકોની મુશ્કેલીઓ ઓછી કરીને તેમનું જીવનધોરણ સરળ અને સુવિધાયુકત બનાવ્યું છે : પરશોતમભાઈ રૂપાલા

રાજકોટ

રાજકોટ લોકસભા બેઠકના ભાજપના ઉમેદવાર પરશોતમભાઈ રૂપાલાની પ્રેરક ઉપસ્થિતિમાં શહેરના હેમુ ગઢવી હોલ ખાતે બક્ષીપંચ સમાજ શ્રેષ્ઠીઓ આયોજિત સ્નેહમિલન સમારોહ યોજાયો હતો. આ તકે કર્ણાટકના પૂર્વ રાજયપાલ વજુભાઈ વાળા, રાજયના પૂર્વ મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણી, સાંસદ મોહનભાઈ કુંડારીયા, રાજયસભાના સાંસદ રામભાઈ મોકરીયા, ભાજપ અગ્રણી કરણાભાઈ માલધારી, શહેર ભાજપ બક્ષીપંચ મોરચા પ્રમુખ લલીતભાઈ વાડોલીયા, મહામંત્રી ઉમેશભાઈ ધામેચા(જે.પી.), બાબુભાઈ માટીયા, મોહનભાઈ વાડોલીયા, સંજય ચાવડા સહિતના ઉપસ્થિત રહયા હતા. આ કાર્યક્રમમાં ઉદબોધન કરતાં પરશોતમભાઈ રૂપાલાએ જણાવેલ કે સાંસ્કૃતિક રાષ્ટ્રવાદ અને અંત્યોદય કલ્યાણના વિચારોને લઈને મા ભારતીની સેવામાં સંપૂર્ણ સમર્પિત એવી ભારતીય જનતા પાર્ટી આગામી લોકસભા ચૂંટણીમાં દેશના વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં સતત ત્રીજી વખત જંગી બહુમતીથી વિજય પ્રાપ્ત કરશે તેવો નિર્ધાર વ્યકત કરતાં



જણાવેલ હતું કગત વર્ષે બક્ષીપંચ સમાજના સર્વાંગિ વિકાસ માટે નરેન્દ્રભાઈ મોદી ધ્વારા 'વિશ્વકર્મા સહાય યોજના' લોન્ચ કરાઈ હતી. જેને ઓબીસી સમાજમાંથી વ્યાપક સમર્થન મળેલ. તેમણે આ તકે બક્ષીપંચ સમાજના વિવિધ આગેવાનોને આગામી લોકસભા ચૂંટણીમાં મોટી સંખ્યામાં ભાજપ તરફે મતદાન કરીને ભાજપને ત્રીજી ટર્મ માટે જંગી બહુમતીથી ચૂંટી કાઢવા અપિલ કરી હતી. આ તકે રાજયના પૂર્વ મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીએ દેશના યશસ્વી પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વવાળી કેન્દ્રની ભાજપ સરકારની વિવિધ સમાજ કલ્યાણની યોજનાઓ ની વિસ્તૃત માહિતી આપી હતી. તેમજ બક્ષીપંચ સમાજ એક થઈ ભાજપના સમર્થનમાં બહોળી સંખ્યામાં મતદાન કરી વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના 'નયા ભારત' ના સંકલ્પને ચરિતાર્થ કરવા હાકલ કરી હતી. આ તકે કરણાભાઈ માલધારીએ ઉપસ્થિત મહેમાનોનું શબ્દોથી સ્વાગત કરતા પ્રેરક ઉદબોધન કરેલ હતું. આ તકે લુહાર સમાજમાંથી સાગરભાઈ પરમાર, કાંતીભાઈ આસોડીયા, તેમજ બક્ષીપંચ સમાજ શ્રેષ્ઠીઓ દિવુભાઈ સુસરા, ખોડાભાઈ સેગલીયા, નિતીનભાઈ વાટલીયા તેમજ ધોબી સમાજ, કડીયા સમાજ, પ્રજાપતી સમાજના શ્રેષ્ઠીઓ , પદાધિકારીઓ, પ્રતિનિધિઓ, સંસ્થાના પ્રમુખો વિગેરેએ ઉપસ્થિત રહી રાજકોટ લોકસભા બેઠકના ભાજપના ઉમેદવાર પરશોતમભાઈ રૂપાલાને જંગી લીડથી ચુંટી કાઢવા સમર્થન જાહેર કરેલ હતું.

# રવિવારે પ્લોટ સંઘના આંગણે આ. શ્રી યશોવિજયસૂરિજી મ. આદિની નિશ્રામાં મુમુક્ષુ જીમીતકુમાર દીક્ષા મહોત્સવ

## શનિવારે મુમુક્ષુની વર્ષીદાન યાત્રા, રાત્રે સ્ટેજ પ્રોગ્રામ તા. ૨૧મીના દીક્ષાવિધિ

રાજકોટ,

રાજકોટ પ્રહલાદ પ્લોટ જૈન સંઘના આંગણે જૈન તત્વ દર્શનના ઉંડા અભ્યાસી, જિનશાસન પ્રભાવક આ.ભ. પૂ. શ્રી યશોવિજય સૂરીશ્ર્વરજી મહારાજના વરદ હસ્તે આગામી તા.૨૧ને રવિવાર-શ્રમણ ભગવાન મહાવીર સ્વામીના જન્મ કલ્યાણક દિને રાજકોટના મુમુક્ષુ જીમિતકુમાર માટલીયા વીર પ્રભુના પંથે પ્રયાણ કરી રહ્યાં છે. મુમુક્ષુ જીમિતકુમારના દીક્ષા મહોત્સવને અનુલક્ષીને તા.૧૯થી ૨૧ સુધી ધાર્મિક આયોજનો કરવામાં આવેલ છે.

આજે તા.૧૯ને શુક્રવારે પ્લોટ સંઘમાં સવારે ૯ થી ૧૧ શુક્રસ્તવ મહા અભિષેકનું આયોજન કરવામાં આવેલ છે. દીક્ષા મહોત્સવના મંગલ પ્રારંભે



પરમાત્માના વિશેષ અભિષેક છે. આ મંત્રોચ્ચાર ગર્ભિત સુર તાલના સંગે ભવ્ય અભિષેક થશે. શાંતિ અને સમાધિ ફેલાવનારા આ ખુબ પ્રભાવશાળી અભિષેક હોય છે.બપોરે ત્રણ વાગ્યે વસ્ત્રરંગ વધામણાનો પ્રસંગ ઉજવાશે. મુમુક્ષુ જીમીતકુમાર દીક્ષા બાદ જે ધવલ શ્ર્વેત વસ્ત્રો ધારણ કરશે તે વસ્ત્રો ઉપર મંગલ સ્વરૂપે કેસરના છાંટણા કરવાનો આ અવસર છે. આ અવસરે સંયમ જીવનની માત્રા સમજાવતા ગીતો દ્વારા દીક્ષા ધર્મનો તથા મુમુક્ષુનો મહિમા ગવાશે.કાલે રાત્રે ૮ વાગ્યે નાટિકા, નૃત્ય, વકતવ્યમાં દીક્ષા જીવનને અદભૂત રીતે રજૂ કરાશે. સતત જકડી રાખનારો આ કાર્યક્રમ દીક્ષા જીવનની મહત્તા તો સમાજવાશે તેમજ દીક્ષા જીવનને ચાલતા અનેક પ્રકારના પ્રશ્નોનું સમાધાન પણ અપાશે.તા.૨૦મીના શનિવારે મુમુક્ષુ જીમિતકુમાર જગતના તમામ ભૌતિક સાધનો-સુખ સગવડો છોડી ત્યાગનો માર્ગ સ્વીકારી રહ્યા છે તેના પ્રતીકરૂપે તેમની શોભાયાત્રા રાજકોટના રાજમાર્ગો ઉપર ફરશે અને તેમાં તેઓ છૂટે હાથે ભૌતિક સામગ્રીનું દાન કરશે. આ બારીક ત્યાગધર્મનો જયજયકાર કરનારી ભવ્ય વર્ષીદાન યાત્રા સવારે ૮-૩૦ કલાકથી આરંભાઈ જશે. રાત્રે ૮ વાગ્યે સ્ટેજ કાર્યક્રમ યોજાશે.તા.૨૧મીના રવિવારે સવારે પાંચ વાગે શ્રીમતી પ્રભાદેવી જે. નારાયણ પુસ્તકાલય ગ્રાઉન્ડ, અજરામર ઉપાશ્રયની સામે, પ્રહલાદ રોડ, વિશાશ્રીમાળી વાડીની બાજુમાં રાજકોટ ખાતે મુમુક્ષુ જીમિતકુમારની દીક્ષા વિધિ શરૂ થશે. આ પ્રસંગે મુંબઈના શાસનભાઈ શાહ સંવેદના રજુ કરશે તથા નૈતિકભાઈ શાહ તથા રોહન જૈન ભક્તિ સંગીત પીરસશે. આ પ્રસંગે શાસન પ્રભાવક આ.ભ. શ્રી અજિતયશ સૂરીશ્વરજી મ. આ. શ્રી યશોવિજય સૂરિજી મ. તથા આ. શ્રી સંસ્કારયશ સૂરીશ્વરજી મ. આદિ શ્રમણ-શ્રમણી ભગવંતોની નિશ્રા રહેશે.

# ફાયનાન્સીંગ એપમાં જંગી કમાણી કરવાની લાલચમાં ૫ લોકોએ રૂા. ૧૦.૯૧ લાખ ગુમાવ્યા

ગોંડલ : સાયબર માફિયાઓ યેનકેન પ્રકારે લોકોને સારા વળતરની લાલચ આપી ખોટા પ્રલોભનો આપી લાખો રૂપિયા પડાવી લેતાં હોય છે.ત્યારે ગોંડલમાં પણ પાંચ લોકોએ IAæ ફાયનાન્સીંગ એપમાં સારા વળતરની લાલચે રૂ.રૂ.૧૦.૯૧ લાખ ગુમાવવાનો વારો આવ્યો છે.ગોંડલના ધર્મેન્દ્રભાઈ પંડયાએ યુ-ટયુબમાં ઓનલાઈન લીંક ખોલ્યા બાદ એક વોટ્સએપ ગૃપમાં તેઓને એડ કરી સારા વળતરની લાલચે અલગ અલગ સમયે રૂ. ૬.૩૫ લાખનું રોકાણ કરાવ્યું હતુ. એ પછી તેઓએ તેમની સાથે ભાઈ અને પુત્ર સહિત મિત્રોને પણ વાત કરતાં તેઓએ પણ રૂ. ૪.૫૬ લાખનું રોકાણ કર્યા બાદ વોટ્સએપ ગૃપમાંથી ગઠિયાઓ લેફ્ટ થઈ સાઈટ બંધ કરી છેતરપિંડી આચરતાં ગોંડલ સીટી બી. ડિવિઝન પોલીસે છેતરપિંડી અને આઈટી એક્ટ સહિતની કલમ હેઠળ ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી.બનાવ અંગે ગોંડલના વોરાકોટડા રોડ પર રાંદલમાંના મંદિર પાસે રહેતાં ધર્મેન્દ્રભાઇ ગીરધરલાલ પંડયા (ઉ.વ. ૪૫) એ નોંધાવેલ ફરિયાદમાં આરોપી તરીકે ફાયનાન્સીંગ એપ જે આઈબીએમ સાથે કોલોબ્રેશનમાં




કામ કરતી કંપનીના અલગ અલગ મોબાઈલ નંબર ધારક, વોટ્સએપ ગૃપના એડમીન અને મેનેજરનું નામ આપતાં ગોંડલ સીટી બી ડિવિઝન પોલીસે છેતરપીંડી, આઈટી એક્ટ સહિતની કલમ હેઠળ ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી. ફરિયાદીએ જણાવ્યું હતું કે, તેઓ ખાનગી કંપનીમાં નોકરી કરે છે. ગઈ તા. ૧૪/૦૧ના રોજ અગાઉ ત્રણ મહીના પહેલા તેઓએ મોબાઇલ ફોનમાં યુટયુબમાં ઓનલાઇન એક લીંક ખોલેલી હતી. અને જેમાં આઈએએફ ફાયનાન્સીંગ નામની એપ હોઇ જે આઈબીએમ સાથે કોલોબ્રેશનમાં કામ કરતી કંપનીમાં મની ઇન્વેસ્ટ કરી ઉંચુ રીર્ટન આપવાની જાહેરાત આવતા, ઉંચુ વળતર મેળવવાના પ્રલોભનમાં આવી જઇ એપ તેઓ પાંચેક મહીનાથી વાપરતાં હતાં. તેઓએ તેમાં અલગ અલગ રીતે કુલ રૂ.૬,૩૫,૨૬૬ પેટીએમથી અલગ અલગ નામની કંપનીના નામ આવતા તેમાં પૈસા મોકલેલ હતાં.ગઇ તા. ૧૫/૦૧ ના ઓનલાઇન સર્વર ડાઉન કરી કંપની ઓફ લાઇન થઇ ગયેલ અને જે કંપનીમા અલગ અલગ લોકો હતા જેના મોબાઇલ દ્વારા ગૃપના એડમીન તેમજ મેનેજરના નંબર હોય તેવુ તેમને વોટસેપમાં મેસેજ દ્વારા વાત થયેલ હતી. ગઇ તા. ૧૪/૦૧/૨૦૨૪ ના સાંજના પાંચેક વાગ્યાના વખતે વોટસએપ ગૃપમાંથી લેફટ થઇ ગયેલ અને તા. ૧૫ ના સાઇટ બંધ થઇ ગયેલ હતી. ત્યારબાદ તેનો અવિરત ફોન સ્વીચ ઓફ આવતાં તેઓ સાથે ફ્રોડ થયાનું જણાતાં સાયબર હેલ્પ લાઇનમાં ફરીયાદ કરેલ હતી. બનાવ અંગેની ફરીયાદ પરથી બી. ડિવિઝન પોલીસે ગુનો નોંધી પ્રોબેશન આઈપીએસ આયુષ જૈનની રાહબરીમાં તપાસ હાથ ધરી હતી.

# કાર પલટી મારી જતા બે સગા ભાઈના મોત

મોરબીઃ મોરબીના વિસીપરામાં રહેતા બે સગા ભાઈઓ સહિતના ચાર મિત્રો કારમાં નેકનામ પડધરી રોડ પરથી જતા હોય ત્યારે સ્ટીયરીંગ પરથી કાબુ ગુમાવી દેતા કાર પલટી મારી રોડની નીચે ખાબકી હતી જે અકસ્માતમાં કારમાં સવાર બંને સગા ભાઈના ઘટનાસ્થળે જ મોત થયા હતા બનાવની પ્રાપ્ત વિગતો મુજબ બપોરના સુમારે મોરબીમાં રહેતા બે સગા ભાઈઓ સહિતના ચાર મિત્રો ધ્રોલ જવા નીકળ્યા હતા અને નેકનામ નજીક પહોંચતા કાર ચાલકે કોઈ કારણોસર કાબુ ગુમાવી દીધો હતો અને કાર પલટી મારી રોડની નીચે ઉતારી ગઈ હતી જે અકસ્માતને પગલે મરણચીસોથી આકાશ ગુંજી ઉઠયું હતું કારમાં સવાર શોયબ હૈદર જેડા (ઉ.વ.૩૭) અને અલ્તાફ હૈદર જેડા (ઉ.વ. ૨૪) રહે બંને વિસીપરા મોરબી વાળા સગા ભાઈઓના ઘટનાસ્થળે જ કરૂણ મોત નીપજ્યા હતાજયારે કારમાં સવાર શાહિદભાઈ ઈલિયાસભાઈ કટીયા (ઉ.વ ૧૯) અને સંજય અવચરભાઈ જંજવાળીયા (ઉ.વ. ૨૧) રહે મોરબી વાળાને ઈજા પહોંચતા ૧૦૮ મારફત રાજકોટ ખસેડાયા છે જે બનાવને પગલે ટંકારા પોલીસ મથકના પીએસઆઈ ગઢવી, અકીલભાઈ બાંભણીયા, બીપીનભાઈ પટેલ અને રાજુભાઈ સહિતનો કાફલો દોડી ગયો છે

# વિધવા મહિલાને લગ્નની લાલચ આપી નામચીન વિધર્મી શખ્સે દુષ્કર્મ આચર્યું

## ગુજસીટોકમાં ૪ માસ પૂર્વે જામીન પર છૂટેલા શખ્સે લખણ ઝળકાવ્યા

રાજકોટઃ

જામનગર રોડ પર રહેતી વિધવાને જ્ઞાતિ છુપાવી પ્રેમજાળમાં ફસાવી ભિસ્તીવાડના નામચીન શખ્સે લગ્નની લાલચે દુષ્કર્મ આચરી લગ્નની ના પાડી ઝઘડો કરી માર મારી ધમકી આપ્યાની ફરિયાદ નોંધાતા પોલીસે ગુનો નોંધી આરોપીને પકડવા તજવીજ શરૂ કરી છે.જામનગર રોડ પર રહેતી મહિલાએ ફરિયાદ નોંધાવી હતી. જેમાં આરોપી તરીકે ભિસ્તીવાડના એઝાઝ ઉર્ફે ટકાની ગેંગનો સાગરીત યાસીન ઉર્ફે ભૂરો ઓસમાણ કયડાનું નામ જણાવ્યું છે. ફરિયાદ મુજબ, નવ વર્ષ પહેલાં તેના પતિના અવસાન બાદ તેના પુત્ર સાથે રહેતી હતી અને કપડાંનો વેપાર કરતી હોય આઠેક વર્ષ પહેલા પુષ્કરધામ સોસાયટીમાં મોબાઈલનું રિચાર્જ કરાવવા ગઈ હતી ત્યારે



યાસીન સાથે મુલાકાત થઈ હતી અને તેને તેનો પરિચય રાહુલ પ્રજાપતિ તરીકે આપી ફોન નંબર મેળવી વાતચીત કરતો હતો. ત્યારે યાસીને તેની જ્ઞાતિ છુપાવી પ્રેમજાળમાં ફસાવી હતી અને લગ્નની લાલચ આપી હતી. લગ્નની લાલચ આપી મહિલાને તેના જ મકાનમાં મરજી વિરુદ્ધ દુષ્કર્મ આચરતો હોવાનું જણાવ્યું હતું. દરમિયાન ત્રણ વર્ષ પહેલાં યાસીન ઉર્ફે ભૂરા સહિતની ટોળકી સામે ગુજસીટોકનો ગુનો નોંધાતા રાજકોટ જિલ્લા જેલમાં ધકેલાયો હતો. અને ચાર મહિના પહેલાં જ જેલમાંથી જામીન પર છૂટી બહાર આવ્યો હતો. તે દરમિયાન યાસીનની માતાએ તેને તું જેની સાથે રહેશ તેની પાસે મોબાઈલ હોય તે કોઈ અન્ય પુરુષ સાથે વાતો કરતી હોવાનું જણાવતા યાસીને શંકાઓ કરી ઝઘડા કરતો અને માર મારતો કરતો હોય અને તારે બીજા સાથે લફરું છે તેમ કહી ત્રાસ આપતો હોય અને મરજી વિરુદ્ધ દુષ્કર્મ આચરતો હોવાનું અને ત્યાર બાદ તેને લગ્ન કરવાનું કહેતા મહિલા સાથે ઝઘડો કરી મારકૂટ કરી લગ્નની ના પાડતાં તેને ફરિયાદ નોંધાવી હોવાનું જણાવતા મહિલા પોલીસ મથકના પીઆઇ સાવલિયા સહિતના સ્ટાફે દુષ્કર્મ, ધમકી સહિતની કલમો હેઠળ ગુનો નોંધી આરોપી યાસીન ઉર્ફે ભૂરાને ઝડપી લેવા કાર્યવાહી કરી છે.

# મજૂરીકામે રાખવાના બહાને યુવતી પર દુષ્કર્મ ગુજારનાર બે સંતાનનો પિતા લોકેશ ઝડપાયો

રાજકોટ:શહેરમાં આજીડેમ વિસ્તારમાં રહેતી યુવતીને આજી ડેમ પાસે કારખાનામાં કામ અપાવાના બહાને બોલાવી લેબર કોન્ટ્રાક્ટરે ફસાવી ન્યૂડ વીડિયો ઉતારી વાઇરલ કરવાની ધમકી આપી કારખાને બોલાવી અનેકવાર દુષ્કર્મ આચર્યાની ફરિયાદ કરતા આજી ડેમ પોલીસે ગુનો નોંધી આરોપીની ધરપકડ કરી વિશેષ પૂછતાછ કરી હતી.બનાવ અંગે આજીડેમ વિસ્તારમાં રહેતી અને કારખાનામાં મજૂરીકામ કરતી યુવતીએ નોંધાવેલ ફરિયાદમાં આરોપી તરીકે લેબર કોન્ટ્રાક્ટર લોકેશ શાહ નામના શખ્સનું નામ આપતાં આજીડેમ પોલીસ મથકમાં દુષ્કર્મ અને ધમકીની કલમ હેઠળ ફરિયાદ નોંધાતા એલસીબી ઝોન -૧ ની ટીમે આરોપીને ગણતરીની કલાકોમાં માંડાડુંગરમાંથી દબોચી લીધો હતો.વધુમાં ફરિયાદીએ જણાવ્યું હતું કે, તેને કામની જરૂર હોય જેથી આજીડેમ વિસ્તારમાં આવેલ દરવાજાના સ્ટોપરના કરખાનામાં લેબર કોન્ટ્રાક્ટનું કામ કરતા લોકેશને મળી હતી અને તેને કામ અપાવી દેવાની લાલચ આપી પરિચય કેળવી ફોન નંબર મેળવી વાતો કરી હતી. ત્યારબાદ માંડાડુંગર પાસે આવેલ કારખાનામાં બોલાવી હતી. દરમિયાન તેને કામ અપાવી દેવાની લાલચ આપી મરજી વિરુધ્ધ દુષ્કર્મ આચરી ન્યૂડ વીડિયો ઉતારી લીધો હતો. ત્યારબાદ યુવતીનો ન્યૂડ વીડિયો વાયરલ કરવાની ધમકી આપી વારંવાર કારખાને બોલાવી ધમકી આપી મરજી વિરુધ્ધ દુષ્કર્મ આચરતો હતો. અંતે કંટાળી જઈ યુવતી પોલીસ મથકે પહોંચી હતી અને ફરીયાદ નોંધાવી હતી. બનાવ અંગેની ફરીયાદ પરથી એલસીબી ઝોન-૧ ના પીએસઆઈ બી.વી.બોરીસાગર અને ટીમ આરોપીને પકડવા ચક્રો ગતિમાન કર્યા દરમિયાન હેડ કોન્સ્ટેબલ વિજેન્દ્રસિંહ ઝાલા અને જીતુભા ઝાલાને મળેલ ચોક્કસ બાતમીના આધારે આરોપી લોકેશ શાહને ભાવનગર રોડ પરના માંડાડુંગરમાંથી દબોચી આજીડેમ પોલીસ હવાલે કર્યો હતો.વધુમાં પોલીસ સૂત્રોએ જણાવ્યું હતું કે, આરોપી મૂળ ઝારખંડનો વતની છે અને તેને સંતાનમાં બે પુત્રો છે. તેમજ તે અલગ અલગ કારખાનામાં મજૂરો પુરા પાડવાનો કોન્ટ્રાકટ રાખતો હોવાનું સામે આવ્યું હતું.

# સ્કુટર સ્લીપ થતા શિક્ષકનું મોત, પત્ની અને બાળકોને ઈજા

રાજકોટઃ રાજકોટનાં ૧૫૦ ફુટ રીંગ રોડ ઉપર રૈયા રોડ તરફ કે.કે.વી. ચોકનો બ્રીજ ઉતરતી વખતે ઈ.સ્કુટર સ્લીપ થતા લોધીકાના ખિરસરા ગામે શિક્ષક તરીકે ફરજ બજાવતાં પુનીતભાઈ માધવજીભાઈ બગડા (ઉ.વ. ૪૦, રહે, રવિ રેસીડેન્સી, નાણાવટી ચોક પાસે)નું મૃત્યુ નિપજયું હતું. જયારે તેના શિક્ષિકા પત્ની અને બાળકોને ઈજા થઈ હતી.લોધીકાના દેવડા ગામે પ્રાથમિક શાળામાં શિક્ષિકા તરીકે ફરજ બજાવતાં મૃતકના પત્ની મયુરીબેન (ઉ.વ. ૪૦) એ પોલીસને જણાવ્યું કે, તેને સંતાનમાં એક પુત્રી શાનવી (ઉ.વ. ૮) અને પુત્ર રીયદ (ઉ.વ.૪) છે. પતિ પુનીતભાઈ લોધીકાના ખીરસરા ગામે શિક્ષક તરીકે ફરજ બજાવતા હતાં. ગઈકાલે સાંજે પુનિતભાઈ પરિવાર સાથે ઈ.સ્કુટર પર તેના સાસુ કે જે લક્ષ્મીનગર ચોક પાસે સુર્યનગરમાં રહે છે. ત્યાં ગયા હતાં.જયાંથી તે રાત્રે પરત ઘર તરફ જઈ રહ્યાં હતાં. ત્યારે રૈયા રોડ તરફના કે.કે.વી. હોલના બ્રીજ ઉપર પુનિતભાીએ કાબુ ગુમાવતાં સ્કુટર સ્લીપ થઈ ગયું હતું. આ અકસ્માતમાં ગંભીર ઈજા થતા પુનિતભાઈને ખાનગી હોસ્પિટલમાં ખસેડાયા હતાં. જયાં તેનું મૃત્યુ નિપજયું હતું. જયારે પત્ની અને બાળકોને ઈજા સામાન્ય થઈ હતી. ગાંધીગ્રામ પોલીસે આ અંગે મયુરીબેનની ફરીયાદ પરથી ગુનો દાખલ કરી તપાસ શરૂ કરી છે.

# કાર ભાડે લઈ પરત નહિ કરવાનું કૌભાંડ, ૨૦ કાર કબજે કરવા કવાયત

રાજકોટ:શહેરમાં કાર ભાડે લઇ ગયા બાદ પરત નહિ કરવાના તેમજ અન્યને વેચી દેવાના સમયાંતરે બનાવો પ્રકાશમાં આવતા રહે છે. ત્યારે ગુરુવારે રાજકોટના તાલુકા પોલીસ મથકમાં મવડી ગામના હાર્ડવેરના ધંધાર્થીએ કોઠારિયાના આકાશ ઉર્ફે અક્કી પટેલ અને જામનગરના બિલાલશા હશનશા શાહમદાર નામના શખ્સોને દોઢ મહિના પૂર્વે ભાડે આપેલી રૂ.૨૦ લાખના કિંમતની કાર આજ દિવસ સુધી પરત નહિ કરતા ફરિયાદ નોંધાવી હતી. ભાડે કાર લઇ ગયા બાદ ભાડું કે વાહન પરત નહિ કરી વિશ્વાસઘાતના વધી રહેલા બનાવને પગલે તપાસમાં ક્રાઇમ બ્રાંચની ટીમે ઝંપલાવ્યું હતુ. પોલીસ તપાસ દરમિયાન આકાશ ઉર્ફે અક્કી અને બિલાલશાએ આ રીતે અનેક લોકોની મોંઘી મોટરકારો ભાડે લેવાના બહાને છેતરપિંડી કરી હોવાનું જાણવા મળ્યું હતુ. જેથી તપાસ શરૂ કરતા મોરબી પંથકમાંથી બેલડીએ કળા કરી મેળવેલી પાંચ કારને કબજે કરવામાં સફળતા મળી હતી. પોલીસની તપાસ જેમ જેમ આગળ વધતા ઢગ બેલડીએ અંદાજિત પાંચેક કરોડના કિંમતની મોટરકારો ભાડે મેળવ્યા બાદ ઠગાઇ કર્યાની વિગતો જાણવા મળી હતી. ક્રાઇમ બ્રાંચના પીઆઇ ગોંડલિયાએ પણ આ બનાવને સમર્થન આપ્યું છે અને હજુ છેતરપિંડીથી મેળવેલી અનેક મોટરકારો મળવાની સંભાવના છે. ક્રાઇમ બ્રાંચે બે અલગ અલગ ટીમો બનાવી મોટરકાર કબજે કરવા તેમજ આરોપી બેલડીને સકંજામાં લેવા દોડધામ શરૂ કરી છે. ઠગ બેલડી સકંજામાં આવ્યા બાદ બંનેએ આચરેલા કૌભાંડો પ્રકાશમાં આવશે તેમજ તેમની સાથે અન્ય કોની કોની સંડોવણી છે તે બહાર આવશે તેમ પોલીસ સૂત્રે જણાવ્યું છે.





ગરમી સામે સાવચેતી એ જ સલામતી

હીટવેવ સામે લડવા સજ્જ રહીએ, ગરમીમાં 'લૂ' લાગવાથી બચીએ

ઉનાળાની ગરમીમાં 'લૂ' લાગવા (હીટ સ્ટ્રોક)થી રક્ષણ મેળવવાના આરોગ્યલક્ષી ઉપાયો

આટલું જરૂર કરશો
- ઘરની બહાર હોય ત્યારે માથાનો ભાગ કપડા, છત્રી કે ટોપીથી ઢાંકી રાખો
- વજનમાં હળવા હોય તેવા સુતરાઉ વસ્ત્રો પહેરો
- તરસ ન લાગે છતાં પર્યાપ્ત માત્રામાં પાણી પીવાનો આગ્રહ રાખો
- આંખોના રક્ષણ માટે સન ગ્લાસીસ અને ત્વચાના રક્ષણ માટે સન સ્ક્રીન લગાવો
- ઓ.આર.એસ દ્રાવણ, છાશ, લસ્સી, લીંબુ પાણી, ભાતનું ઓસામણ, નાળિયેર પાણી સહિતના પીણાંનું સેવન કરો
- ગરમી સામે રક્ષણ માટે પ્રાથમિક સારવાર અંગે તાલીમ લેવી
- બાળકો, વૃદ્ધો અને બીમાર વ્યક્તિઓએ વિશેષ કાળજી રાખવી

આટલું ન કરશો
- બપોરના ૧૨ વાગ્યાથી ૦૩ વાગ્યા સુધી તડકામાં ન જવું, ઉઘાડા પગે બહાર ન જવું
- બપોરના સમયે બહાર હોય ત્યારે શ્રમ પડે તેવી પ્રવૃત્તિ ન કરવી
- બપોરના સમયે રસોઈ કરવાનું ટાળો અને રસોડાના બારી અને બારણાં ખુલ્લા રાખો
- શરીરમાંથી પાણીનું પ્રમાણ ઘટાડે તેવા ચા, કોફી કે સોફ્ટ ડ્રિંક ન લેવા
- પ્રોટીનની વધુ માત્રા હોય તેવા મસાલેદાર, તળેલા, વધુ પડતા મીઠાવાળા આહાર ન લેવા

થોડી વધુ સાવચેતી
- શક્ય હોય ત્યાં સુધી ઘરમાં જ રહો
- ઘરગથ્થું ઉપાય જેવા કે કાચી કેરી સાથે ડુંગળીમાં ધાણાજીરૂ નાખેલું કચુંબર 'લૂ' સામે રક્ષણ આપે છે
- સૂકા પાંદડા, ખેતીનો કે અન્ય કચરો બાળશો નહિં
- ઊર્જા કાર્યદક્ષ સાધનો, શુદ્ધ બળતણ અને ઊર્જાના વૈકલ્પિક સ્રોતનો ઉપયોગ કરવો



ખેડૂતો અને પશુપાલકોએ નીચે મુજબની સાવચેતી રાખવી
- વહેલી સવારે અથવા સાંજે સિંચાઈ કરો
- પાકના વિકાસના મહત્ત્વના સ્તરે સિંચાઈની માત્રા વધારો
- નિંદામણ કરીને જમીનના ભેજનું પ્રમાણ જાળવો
- પશુઓને છાંયડામાં રાખો અને તેમને શુદ્ધ અને ઠંડુ પાણી પુષ્કળ પ્રમાણમાં આપો
- પશુઓને સવારના ૧૧ વાગ્યાથી સાંજે ૪ વાગ્યા સુધી બહાર કાઢવાનું ટાળો
- મરઘા ઉછેર કેન્દ્રમાં પડદા લગાવો અને હવા-ઉજાસની યોગ્ય વ્યવસ્થા કરો.
- પશુઓને આહારમાં લીલો ચારો આપો અને પ્રોટીન ચરબી વગરનો તથા ખનીજ દ્રવ્ય યુક્ત ખોરાક આપો
- પશુઓના આશ્રય સ્થાનમાં પંખા લગાવો, પાણીનો છંટકાવ કરો તેમજ આશ્રય સ્થાનને છાણ, માટી અથવા સફેદ રંગથી રંગો



હેલ્પલાઈન નંબર-૧૦૭૭

ગુજરાત રાજ્ય આપત્તિ વ્યવસ્થાપન સત્તામંડળ